## નુતન અભિગમ કાર્ય સુગમ

વર્ષ : 2022-23

# શિક્ષણમાં નવાચાર

જી.સી.ઇ.આર.ટી. – ગાંધીનગર

પ્રેરિત

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગર

આયોજિત

જામનગર જિલ્લાનો આઠમો

# એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ

તારીખ : 11/01/2022 થી 12/01/2023


સંકલન

જીજ્ઞેશ કાનાણી

ડી.આઇ.સી. કો-ઓર્ડિનેટર

ડાયેટ – જામનગર

માર્ગદર્શક

શ્રી એમ.ડી. બગડા

પ્રાચાર્ય

ડાયેટ – જામનગર


: સ્થળ :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

એફ.સી.આઇ. ગોડાઉન સામે, લાલપુર રોડ, દરેડ,

જિલ્લો : જામનગર

# પ્રસ્તાવના

શિક્ષણમાં ગુણાત્મક સુધારણા એ આ સમયની માંગ છે. શિક્ષણ વિભાગ – ગુજરાત રાજ્ય અને જી.સી.ઇ.આર.ટી. – ગાંધીનગર દ્વારા શિક્ષણમાં ગુણવત્તા સુધારણા સંદર્ભે અનેક પ્રયાસો થઈ રહ્યા છે. જેના નક્કર પરિણામો મળી રહ્યા છે.

શાળા કક્ષાએ વર્ગખંડ શિક્ષણ અને શાળા સંચાલનમાં શિક્ષકો દ્વારા કેટલીક નવતર પ્રવૃતિઓ કરવામાં આવતી હોય છે. જી.સી.ઇ.આર.ટી. – ગાંધીનગર શિક્ષકોની આવી નવતર પ્રવૃતિઓને બિરદાવવા માટે એક સુંદર માધ્યમ ઇનોવેશન ફેસ્ટિવલના સ્વરૂપે 2013-14 ના વર્ષથી પૂરું પાડી રહ્યું છે. જેના ફળ સ્વરૂપે વર્ષ : 2013-14 થી દર વર્ષે જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલનું આઓજન દરેક જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના માધ્યમથી કરવામાં આવી રહ્યું છે. જેમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકો તેમના દ્વારા શાળા કક્ષાએ થતી નવતર પ્રવૃતિઓ પ્રદર્શિત કરે છે.

શિક્ષકો દ્વારા શાળા કક્ષાએ કરવામાં આવેલ નવતર પ્રવૃતિઓનું સંકલન આ બૂકલેટના માધ્યમથી આપના સુધી પહોચાડવાનો આ એક નમ્ર પ્રયાસ છે. આશા છે કે આ બૂકલેટમાં રજૂ કરવામાં આવેલ નવતર પ્રવૃતિઓનો જરૂરિયાત મુજબ ઉપયોગ વર્ગખંડ શિક્ષણમાં અને શાળા કક્ષાએ થાય.

તારીખ : 11/01/2023

એમ.ડી. બગડા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જામનગર

# સંખ્યા જ્ઞાન છે, તો બધું છે જ


ઇનોવેટરનું નામ : જયેશ પ્રકાશભાઈ ભાગચંદાણી હોદ્દો : સી.આર.સી. કો-ઓર્ડિનેટર

શાળાનું નામ : મહા પ્રભુજી બેઠક તા શાળા તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9825533385 ઈમેલ : jayeshbhagchandani13@gmail.com


વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : વર્ષ : 2022 થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- બાળકો ગણિત પેડાલોજીના માધ્યમ થી રમત અને વાર્તાના માધ્યમથી શીખે
- શીખેલું લાંબા સમયસુધી યાદ રહે.
- શીખેલી બાબતનો વ્યવહારુ ઉપયોગ કરે
- ગણિત વિષય સરળ બને
- ગણિત વિષય છેલ્લા તાસમાં ભણાવીને ગમત સાથે જ્ઞાન આપી શકાય

અમલીકરણ વ્યુહ રચના

- દરેક અધ્યનનિષ્પતિ ની વાર્તા કહીને તેમાંથી થોડાક પ્રશ્નો પૂછીને જે તેનું ધ્યાન ચકાસવું.
- વાર્તા હાવભાવ થી કહેવી જેથી વિધાર્થીઓને રસ પડે અને તેને ધીરે ધીરે સંકલ્પના તરફ લઇ જવા
- સંકલ્પના સમજાવીને તેને અનુરૂપ નક્કી કરેલ રમત રમાડવી તેને માટે યોગ્ય જૂથ પાડવા
- રમત અને વાર્તા માં આવતા શબ્દોને ગાણિતિક શબ્દો સાથે સમજવા જેથી યાદ રહી જાય
- આ રમત મેદાનમાં રમાડી શકાય બે ધોરણ ભેગા કરીને બંને ધોરણના મિશ્ર જૂથ પાડવા
- રમત દ્વારા સંકલ્પના પછી વર્ગ ખંડ માં કા પા નો ઉપયોગ કરવાથી જ્ઞાત પર થી અજ્ઞાત અભિગમથી શીખેલી બાબત લાંબા સમય થી યાદ રાખી શકાય છે

ઉપયોગિતા :

- બાળકોને રમત દ્વારા નવી સંકલ્પના સરળતાથી શીખવી શકાય
- બાળકો ગણિત જેવો વિષય peer learning દ્વારા શીખે
- શિક્ષકની ગેર હાજરી માં કે એકસાથે બે ધોરણ ચાલતા હોય એક જ TLM થી વધુ ત્યાં ખૂબ જ ઉપયોગી નીવડે છે
- અધ્યનનિષ્પતિ સરળતાથી સિદ્ધ કરી શકાય છે
- જૂની પદ્ધતિ ક્ષમતા મુજન ક્ષમતાનું વિકાસાત્મક આવર્તન જોવા મળે છે જે હોશિયાર વિધાર્થીઓ માટે ખૂબ જ જરૂરી છે

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

- શિક્ષકને શીખવું સરળ બને છે
- વિધાર્થીનું ધ્યાન અને રસ બંને જાળવી શકાય છે
- વિધાર્થીઓની ભાગીદારી વધી અને અધ્યનકાર્ય માં પૂછવામાં આવતા પેરક પ્રશ્નો ના જવાબ આપતા થયા.
- વિધાથીને ગણિત વિષય ગમવા લાગ્યો.

નવતર પ્રયોગનું પરિણામ

- ગણિત જેવા તાર્કિક વિષયમાં બાળકો રસ લઈને શીખવા તત્પર બન્યા
- આ રમત અને story માધ્યમથી ૪ જેટલી અધ્યન નિષ્પતિ અને ધોરણ ૨ થી ૫ ના વિધાર્થીઓ ને શીખવી શકાય
- શિક્ષક ની ગેરહાજરીમાં પણ બાળકો જાતે શીખી શકે છે
- વિધાર્થીઓને દ્રઢ કરાવીને વારવાર મુહાવરો કરાવી શકાય
- કા,પા.કાર્ય ની જરૂર પડતી નથી તેથી મેદાનમાં જઈને બાળકોને રમતની રમાડી શકાય.
- કોઈપણ સંકલ્પનાની શરૂઆત STORY થી થતી હોવાથી વિદ્યાર્થીઓને શીખવામાં રસ પડે છે.
- ગણિતના સુત્રો ભૂલતા નથી.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

- આ પ્રવૃતિ હાલમાં પણ શાળાઓમાં શરૂ છે.

## લોકભાગીદારી દ્વારા શાળા પુસ્તકાલયનું નિર્માણ માટે પુસ્તક યજ્ઞ


ઇનોવેટરનું નામ : પનારા ભાવેશભાઈ રામજીભાઈ

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી નેસડા પ્રાથમિક શાળા

તાલુકો : જોડિયા

મોબાઈલ નંબર : 9428074580

ઈમેલ : bhaveshpanara157@gmail.com




વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગની કેટેગરી : લોકભાગીદારી

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : જુન 2022 થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ :**

- શાળા પુસ્તકાલય દ્વારા બાળકોમાં વાંચન અભિગમનો વિકાસ
- ગામના યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષા પ્રત્યે જાગરૂકતા વિકસાવવી.

**અમલીકરણ વ્યુહ રચના :**

શ્રી નેસડા પ્રાથમિક શાળામાં પુસ્તકાલય કાર્યરત છે જેમાં સરકારશ્રી દ્વારા મર્યાદિત સંખ્યામાં પુસ્તકો આપવામાં આવે છે. જેનો ઉપયોગ પણ મર્યાદિત માત્રામાં અને બાળકો પુરતોજ થતો હોય છે. આ પરિસ્થિતિમાં શાળાના આચાર્યશ્રી પનારા ભાવેશભાઈ એ પુસ્તકાલયને વધુ સારી રીતે નવા પુસ્તકો ઉમેરીને વધુ માત્રામાં ઉપયોગ કરવા ચિંતન કર્યું. જેમાં એક નવતર પ્રયોગ કરવાનું વિચાર્યું. જેમાં પ્રથમ શાળાના પુસ્તકાલયમાં નવા વધુ પુસ્તકો વસાવવા માટે પુસ્તક યજ્ઞ દ્વારા દાન એકત્ર કરવાનો પ્રયોગ આરંભ્યો. જેમાં પ્રથમ ગામના આગેવાન શ્રી વશરામભાઈ લૈયા સાથે ચર્ચા કરી તેમને આ વિચાર ગમતા ૨૧૦૦૦ નું અનુદાન આપ્યું. ત્યારબાદ ગામના સરપંચ, એસ.એમ.સી. અધ્યક્ષ, અને ગામના પુસ્તક પ્રેમી ભાઈઓ – બહેનો સમક્ષ આ વિચાર રજુ કર્યો. જે બધાને ગમ્યો અને જેમાં દાન આપવાનું શરુ થયું. ૧૧૦૦૦, ૫૫૫૫, ૫૧૦૦, ૨૫૦૦ જેવું દાન આપવાનું શરુ થયું. જેમાં પુસ્તક યજ્ઞ સપ્તાહમાં ૧૫૦૦૦૦ સુધી પહોચ્યું. જેમાં નેસડા, ધ્રોલ, ગુલાબનગર, રાજકોટ, અલીયાબાડા, સુરત સુધીના દાતા જોડાણા. તમામ દાતાઓનું શિક્ષક દિન – ૨૦૨૨ ના રોજ પુસ્તક આપીને સન્માન કરવામાં આવ્યું. અને આચાર્ય દ્વારા જાહેર કરવામાં આવ્યું કે આ પુસ્તકાલયનો ઉપયોગ વિદ્યાર્થી ઉપરાંત ગામના શિક્ષિત યુવાનો અને યુવતીઓ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે કરી શકશે.

**ઉપયોગિતા :**

પુસ્તકાલયમાં નવા પુસ્તકો આવતા બાળકોમાં વાંચન માટેનો ઉત્સાહ વધ્યો. “વાંચે ગુજરાત” જેવા કાર્યક્રમ માંથી પ્રેરણા લઇ આયોજન બનાવવામાં આવ્યું. બાળકોની સાથે સાથે ગામના યુવાનો પણ પુસ્તકો વાંચવા માટે લઇ જવા લાગ્યા. શાળામાં શુકવારે “પુસ્તકાલય ડે” ઉજવવામાં આવે છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન**

આ નવતર પ્રયોગના અમલ પહેલા બાળકોની વાંચન પ્રેત્યની રુચિની ટકાવારી ઓછી હતી જે હવે વધી રહી છે.

**નવતર પ્રયોગનું પરિણામ :**

આ નવતર પ્રયોગના પુસ્તકોથી ગામના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરતા થયા છે. હજુ ઘણા યુવાનો પુસ્તકાલયનો લાભ લઇ રહ્યા છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

હાલમાં આ પુસ્તકાલયનો ઉપયોગ ચાલુ છે, જેમાં શાળાના બાળકો અને ગામના યુવાનો ઉપયોગ કરી રહ્યા છે. અને પુસ્તકાલય માટે ભવનનું નિર્માણ કાર્ય માટેની યોજના ચાલી રહી છે.

# મારી પ્રગતિ મારી જાતે

ઇનોવેટરનું નામ : ગોજીયા ભાનુ ગોવિંદભાઈ
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : શ્રી કન્યા વિદ્યાલય- 2સિક્કા
તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : 992515713
ઈમેલ : atmiyaahir123@gmail.com
વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : સાંપ્રત વિષયો FLN

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : સપ્ટેમ્બર 2022

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- બાળકો તેના ધોરણ મુજબ જરૂરી વાચન, લેખન, ગણન ની સિદ્ધિઓ હાંસેલ કરે છે
- તાસ પદ્ધતિમાં નબળા બાળકોને વિવિધ ટીએલએમ અને વર્કશીટ ની મદદથી આગળ લઈ જવા પ્રયત્ન કરી શકાય.

અમલીકરણ વ્યુહરચના :

સૌપ્રથમ ધોરણ ત્રણ ના વર્ગમાં જોયું કે મોટાભાગના બાળકો કોરોના કાળને કારણે વાંચન, લેખન, ગણનમાં ખૂબ નબળા છે તેથી સૌપ્રથમ મેં બાળકોને ઉત્તમ, મધ્યમ, નબળા વર્ગના બાળકોને ભેગા કરીને ચાર ગ્રુપ પાડ્યા. ગ્રુપમાં ત્રણેય પ્રકારના બાળકો આવે તે રીતે વહેંચ્યા. ત્યારબાદ "મારી પ્રગતિ મારી જાતે" એવો ચાર્ટ બનાવ્યો. જેમાં ધોરણ 3 ના લેવલની FLN ની ક્ષમતાઓ તૈયાર કરી લખી. ત્યારબાદ 15 ના એક એવા ચાર ગૃપના નામ લખી નાખ્યા. ત્યારબાદ બાળક તે મુજબની ક્ષમતા સિદ્ધ કરી લે તો તેને એ ચાર્ટમાં સ્ટાર ચોટાડવા કહેવામાં આવે. તેમજ તેના જેટલી ક્ષમતા ધરાવતા બાળક સાથે તંદુરસ્ત સ્પર્ધા કરાવી કે તમારામાંથી જે વધારે સ્ટાર લગાવે તે આગળ રહેશે. તેમજ તેમના ગ્રુપના વધુ સ્ટાર લગાવેલ વિદ્યાર્થીઓ પિયર લર્નિંગ દ્વારા અન્ય બાળકોને પણ શીખવે. તેના માટે મેં વિવિધ easy ટીએલએમ બનાવ્યા. તેમજ બાળકોને તેમના મૂલ્યાંકન અને દ્રઢીકરણ માટે વિવિધ વર્કશિટો પણ તૈયાર કરી જેના દ્વારા મને ખૂબ સારા પરિણામ મળ્યા.

ઉપયોગિતા :

- બાળકોને ધોરણ મુજબ Fln ની મિનિમમ ક્ષમતાઓ સિદ્ધ થાય.
- તંદુરસ્ત સ્પર્ધા દ્વારા બાળકોમાં ઉત્સાહ વધે અને પોતે જ પોતાની રીતે આગળ વધવા ઉત્સાહિત થાય.
- સહભાગીતાથી ગ્રુપમાં કામ કરતા થાય.
- તાસ પદ્ધતિમાં નબળા બાળકોને આગળ લઈ આવવા મદદ મળે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

- બાળકોના મારી પ્રગતિ મારી જાતે ના ચાટમાં વધતા જતા સ્ટાર જોઈ.
- તેની એકબીજાની સહભાગીદારીતા તેમજ તંદુરસ્ત સ્પર્ધા દ્વારા આગળ વધવાનો ઉત્સાહક જોઈ.

નવતર પ્રયોગ પરિણામ:-

- નવ-બાળકોમાં રોજબરોજ આગળ વધવા ઉત્સાહમાં વધારો થતા જોયો.
- બાળકો નિયમિત બન્યા.
- હોશિયાર બાળકોની સહભાગીતાથી બાળકોની સંખ્યા વધુ હોવા છતાં સારા પરિણામ મળ્યા.
- તેની પ્રગતિમાં ઉત્તરોત્તર વધારો થતો જોયો.
- બાલ વૃંદ જેવા પ્રોજેક્ટ પણ સફળ કરવામાં મદદ મળી.

## Motivation and Online Study


ઇનોવેટરનું નામ : રસુલભાઈ જમાલભાઈ એરંડીયા હોદ્દો : સી.આર.સી.કો-ઓર્ડિનેટર

શાળાનું નામ : સી.આર.સી. નાના વડાળા તાલુકો : કાલાવડ

મોબાઈલ નંબર : 9712414040 ઈમેલ : rasularandiya99@gmail.com


વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગની કેટેગરી : વિશેષ કાર્યક્રમો (નિયમિતતા, એકમ કસોટીમાં પ્રગતિ, શૈક્ષણિક પ્રવૃત્તિમાં વધુ ભાગીદારી)

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : ઓગસ્ટ ૨૦૨૨ થી



### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- વિદ્યાર્થીઓ શાળાએ નિયમિત આવતા થાય.
- સામાયિક મૂલ્યાંકનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે.
- શાળાકીય તમામ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક સહભાગી બનવા પ્રેરાય.
- વિદ્યાર્થીઓને online માધ્યમથી કંઇક નવું મળી રહે.

અમલીકરણ વ્યુહ રચના :

વિદ્યાર્થીઓ શાળાએ નિયમિત હાજરી આપે, તેમજ શાળાકીય વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય સહભાગી બને. આ ઉપરાંત સમયાંતરે લેવાતા સામાયિક મૂલ્યાંકનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે, તે હેતુથી આ ત્રણ પેરામીટર્સને ધ્યાનમાં રાખી અઠવાડિયે એકવાર શાળામાં પ્રાર્થના સભા દરમિયાન દરેક ધોરણમાં એક વિદ્યાર્થીને STAR OF THE WEEK ના બેજ (બિલ્લા) દ્વારા નવાજવામાં આવે છે. જેથી વિદ્યાર્થીને પ્રગતિ માટે પ્રોત્સાહન મળે અને અન્ય વિદ્યાર્થીઓ પણ તે બેજ મેળવવા માટે નિયમિત હાજરી, એકમ કસોટીમાં વધુ ગુણ મેળવે. તેમજ શાળાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગીદારી આપે છે.

સી.આર.સી નાના વડાળા અંતર્ગત આવેલી નવ પ્રાથમિક શાળામાં દરેક ધોરણ મુજબ એક એક બેજ આપવામાં આવ્યા. તેમજ આ બેજ કયા આધાર પર આપવા તેના પેરામીટર્સ નક્કી કરતા પેજની પ્રિન્ટ પણ આપવામાં આવી. સૌથી વધુ હાજરી કે એકમ કસોટીમાં સૌથી વધુ ગુણ ધરાવતા વિદ્યાર્થીને આ બેજ આપવાનો નથી. પરંતુ, જે વિદ્યાર્થીની અગાઉની હાજરી કે અગાઉની એકમ કસોટી ગુણ કરતાં આ અઠવાડિયાની હાજરી કે આ વખતની એકમ કસોટીમાં ગુણમાં ખૂબ જ મોટો હકારાત્મક તફાવત જણાય છે.

આ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને, આપણા શિક્ષક મિત્રોને તેમજ આપણા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને online માધ્યમથી કંઇક નવું મળી રહે તે હેતુથી 2 Youtube Channels શરૂ કરી છે, જેમાં પણ ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

**ઉપયોગિતા :**

સી.આર.સી નાના વડાળા અંતર્ગત આવેલી ૭ પ્રાથમિક શાળાઓમાં આ બેજ આપવામાં આવેલ છે. દર અઠવાડિયે આ બેજ મેળવવા માટે વિદ્યાર્થીઓ નિયમિત હાજરી આપતા થયા. એકમ કસોટીમાં ઉતરોતર પ્રગતિ સાધતા થયા, તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમા પણ ઉત્સાહભેર ભાગ લેતા થયા. બસ આ જ ઉપયોગીતાના આધાર પર આ સમગ્ર ઇનોવેશન હાથ ધરવામાં આવ્યું જે અંગે સફળતા પણ નજરે પડે એવી છે. તેમજ આ ઉપરાંત online Youtube માધ્યમથી દૂરનાં વિદ્યાર્થીઓ કે શિક્ષકોને પણ લાભ મળી રહે છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

આ નવતર પ્રયોગની મૂલ્યાંકન પદ્ધતિની દોર વર્ગખંડ શિક્ષકનાં હાથમાં સોપવામાં આવી છે. જો કે તેના માપદંડો નિશ્ચિત કરી આપવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

આમ, ઉપર મજબનાં માપદંડો આધારે વર્ગ શિક્ષક દ્વારા દર અઠવાડિયે પ્રાર્થના સભામાં એક વિદ્યાર્થીને બેજથી નવાજવામાં આવે છે. ધોરણ ૧ અને ૨ માં એકમ કસોટી ન હોવાથી તે વિદ્યાર્થીઓને એ કોલમ લાગુ નહિ પડે. સૌથી વધુ હાજરી કે એકમ કસોટીમાં સૌથી વધુ ગુણ ધરાવતા વિદ્યાર્થીને આ બેજ આપવાનો નથી. પરંતુ, જે વિદ્યાર્થીની અગાઉની હાજરી કે અગાઉની એકમ કસોટી ગુણ કરતાં આ અઠવાડિયાની હાજરી કે આ વખતની એકમ કસોટીમાં ગુણમાં ખૂબ જ મોટો હકારાત્મક તફાવત જણાય છે. તેમજ શાળાકીય અન્ય તમામ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીનું પરફોર્મન્સ સારૂં છે. તે વિદ્યાર્થીને આ બેજથી નવાજવામાં આવે છે. જેથી કરીને આ બેજના હકદાર માત્ર વર્ગના સૌથી હોશિયાર વિદ્યાર્થીઓ જ નથી રહેતા પરંતુ પ્રગતિશીલ એવા તમામ વિદ્યાર્થીઓ આ બેજનાં હકદાર રહે છે. Online Youtube Channel માં અમુક વિડીયોની સાથે તેના description માં આપેલ લીંક વડે ગૂગલ ફોર્મ દ્વારા ટેસ્ટનું પણ આયોજન કરેલ છે.

**નવતર પ્રયોગનું પરિણામ :**

સી.આર.સી નાના વડાળા અંતર્ગત આવેલી ૭ શાળાઓમાં આ બેજ આપવામાં આવેલ છે. જે અંગે શાળાઓ દ્વારા સક્સેસ સ્ટોરી પણ રજૂ કરવામાં આવી છે. તે શિક્ષકો દ્વારા આપવામાં આવેલા સક્સેસ સ્ટોરી અહેવાલ પરથી ખૂબ જ સારા વિદ્યાર્થી પ્રગતિલક્ષી પરિણામો જોવા મળ્યા. જેમાં તંદુરસ્ત હરીફાઈ ભાવના, નિયમિત હાજરી, કહેવાતા પ્રિય વિદ્યાર્થીઓને પણ પોતાની કક્ષાથી આગળ વધતા બેજ મળવા લાગ્યા જેથી તેમનામાં પણ આત્મવિશ્વાસનો વધારો જોવા મળ્યો. આ ઉપરાંત 10 ગુણ વિદ્યાર્થીના ઓલ ઓવર પર્ફોર્મન્સ ના હોવાથી શાળા

કક્ષાએ યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે નિપુણ ભારત અંતર્ગત ચાલતા એફ એલ એન કાર્યમાં પણ તંદુરસ્ત સ્પર્ધાત્મક ભાવના જોવા મળી.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલમાં આ પ્રયોગ અવિરત તમામ શાળાઓમાં ચાલુ છે. અને તેને એડવાન્સ સ્ટેજ પર કઇ-રીતે લઇ જઈ શકાય તે અંગે વિચારણા ચાલુ છે.

## E-ENGLISH GRAMMAR BOOK (QR CODE)

ઇનોવેટરનું નામ : દિપક જમનભાઇ પાગડા હોદ્દો : મુખ્ય શિક્ષક

શાળાનું નામ : શાળા નં-18 ન.પ્રા.શિ.સ. જામનગર તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9825701568 ઈમેલ : dipakjamanbhai1318@gmail.com

નવતર પ્રયોગની કેટેગરી : સાંપ્રત વિષયો (ENGLISH), ટેકનોલોજિનો ઉપયોગ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : NOV-2022



નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- અંગ્રેજી વ્યાકરણનુ ઉંડાણપુર્વકનુ જ્ઞાન અને સમજ મેળવી શકે.
- અંગ્રેજી શિક્ષણકાર્ય સરળ અને સચોટ બને
- વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયાર કરવા

અમલીકરણ વ્યુહ રચના :

પ્રસ્તુત નવતર પ્રયોગમાં અંગ્રેજી વિષયના કઠિન બિંદુને ધ્યાનમાં લઇ તે માટે**Nouns** , **Verbs** , **Adjectives**, **Adverbs**, **Pronouns**, **Prepositions**, **Conjunctions**, **Interjection** (important grammer topics) મુદ્દાઓ તથા વ્યાકરણ વિશિષ્ટ બાબતોને ધ્યાનમાં રાખી. અંગ્રેજી ગ્રામર બુક બનાવવામાં આવી તથા આ અંગ્રેજીના પોઈન્ટ મુજબ ક્યુઆર શૈક્ષણિક પોર્ટલ / એપ્લિકેશનની ટેકનોલોજી મદદથી QR CODE બનાવ્યા.QR CODE ને એક પેજ માં ફ્રેમ બંધ કર્યા. નવતર પ્રયોગનો હાર્ડ અને સોફ્ટ કોપી બાળકો / શિક્ષકો/વાલીઓ/ શાળાના આચાર્યશ્રીઓ/ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓને શેરીંગ કરવામાં આવી. PLAY STORE માથી QR CODE READER APP ઇન્સ્ટોલ અને તેના ઉપયોગની સમજૂતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું.

ઉપયોગિતા :

- અંગ્રેજી વ્યાકરણનુ ઉંડાણપુર્વકનુ જ્ઞાન અને સમજ મેળવી શકે.
- શિક્ષણનું કાર્ય સરળ અને સચોટ બને
- વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષામા ખુબ જ ઉપયોગી બની રહેશે

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

પ્રસ્તુત નવતર પ્રયોગમાં અંગ્રેજી વિષયના કઠિન બિંદુ ને ધ્યાનમાં લઇ તે માટેimportant grammer topics તથા વ્યાકરણ વિશિષ્ટ બાબતોને ધ્યાનમાં રાખી. અંગ્રેજી ગ્રામર બુક બનાવવામાં આવી તથા આ અંગ્રેજીના પોઈન્ટ મુજબ ક્યુઆર અંગે બાળકો / શિક્ષકો/વાલીઓ/ શાળાના આચાર્યશ્રીઓ, સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓ અને શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓના ઘણા બધા પ્રતિભાવો આ પ્રયોગ અંગેના મંતવ્ય મૌખિક અને સોશિયલ માધ્યમથી મળેલ છે જેના આધારે મુલ્યાંકન કરવામા આવ્યુ

નવતર પ્રયોગનું પરિણામ :

અંગ્રેજી શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે આ નવતર પ્રયોગ અસરકારક છે તેવું શાળાના શિક્ષકો/ આચાર્યશ્રીઓ/ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓનું મંતવ્ય 90 ટકા માનવું હતું.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

અંગ્રેજી ગ્રામર બુક બનાવવામાં આવી તથા આ અંગ્રેજીના પોઈન્ટ મુજબ ક્યુઆર અંગે બાળકો, શિક્ષકો, શાળાના આચાર્યશ્રીઓ, સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓ અને શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ અંગ્રેજી વ્યાકરણ વિષય સમજવા અને સમજાવવા ઉપયોગ કરાય છે

## ધોરણ 6 થી 8 માં અસરકારક માતૃભાષા શિક્ષણ

ઇનોવેટરનું નામ : ડો. ભાવેશકુમાર અનંતરાય મહેતા    હોદ્દો : મદદનિશ શિક્ષક
શાળાનું નામ : શ્રી કરશનપર પ્રાથમિક શાળા    તાલુકો : જામજોધપુર
મોબાઈલ નંબર : 9825896566    ઈમેલ : bhavesh08@@gmail.com



નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત
નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત
નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જુલાઇ-2022

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- વિદ્યાર્થીઓને માતૃભાષ પ્રત્યે રસ – રુચિ વધે.
- વિદ્યાર્થીઓ વિવિધ સાહિત્ય સ્વરૂપ વિષે જાણે
- વિદ્યાર્થીઓએ સર્જક પરિચય મેળવે
- વિદ્યાર્થીઓએ વ્યાકરણગત અને ભાષાકીય ભૂલો ટાળે

## અમલીકરણ વ્યુહરચના

પ્રસ્તુત નવતર પ્રયોગ ધોરણ 6 થી 8 માં હાથ ધરાયો હતો. બાળકો માતૃભાષાને સહજતાથી અને રસપ્રદ રીતે આત્મસાત કરી શકે તે માટે અનેક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જે આ મુજબ છે.

**હું અને મારી માતૃભાષા :** આ શીર્ષક હેઠળ સૌ પ્રથમ તો ભાષા કોર્નર તૈયાર કરવામાં આવ્યું હતું. જેમાં સમાનાર્થી, વિરોધી શબ્દો, રૂઢિપ્રયોગો, વાક્ય પ્રકાર, કાળના પ્રકાર, અર્થભેદ, કવિ - લેખકોના પરિચય, પ્રત્યય, ઉપસર્ગ, જોડણી, સમાસ, વાક્ય રચના, સંજ્ઞા, વિશેષણ, લિંગ પરિવર્તન, વચન પરિવર્તન જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ચાર્ટ તેમજ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યા હતા. જેથી બાળકો રિસેસના તેમજ ફુરસદના સમયે ચાર્ટ તેમજ પ્રોજેક્ટનો ઉપયોગ કરીને ઉપર મુદ્દાઓ સાથે તાદાત્મ્ય શાધી શકે. તેમ જ તેને સરળતાથી યાદ રાખી શકે.

**વર્તમાન ટેક્નોલોજીનો ઉપયોગ :** ડિજિટલ માધ્યમનો ઉપયોગ માનનીય ભાષામાં બાળકોને બોલતા કરવા માટે, તેમને શ્રવણનો અનુભવ પૂરો પાડવો ખૂબ જ ઉપયોગી છે. તેથી ડિજિટલ માધ્યમો જેમ કે જ્ઞાનકુંજ પ્રોજેક્ટર દ્વારા બાળકોને વાર્તાઓ, બાળગીત, કાવ્યોનું સમયાંતરે શ્રવણ કરાવવામાં આવતું, સાથે - સાથે ગુજરાતી નાટકો, ગુજરાતી લેખકો દ્વારા પ્રસારિત થતા કાર્યક્રમો બતાવવામાં આવતા હતા. જેથી બાળકો માન્ય ભાષાનું શ્રવણ કરી શકે અને તેના શુદ્ધ ઉચ્ચારણ તેમજ વિશિષ્ટ રૂપથી પરિચિત થઈ શકે, સાથે સાથે મારી youtube ચેનલ પર માતૃભાષા સંદર્ભમાં વિશેષ માર્ગદર્શન આપવામાં આવતું રહે છે જેનો વિદ્યાર્થીઓ પોતાની અનુકૂળતા ના સમયે ઉપયોગ કરે છે.

**રંગભૂમિ :** ધોરણ છ થી આઠના બાળકો નું અભિવ્યક્તિ કૌશલ્ય ખીલે, અભિવ્યક્તિ માટેની તક મળે, આત્મવિશ્વાસમાં વધારો થાય તે , શિષ્ટ ભાષામાં બોલતા થાય તે માટે ગુજરાતી વિષયમાં આવતા એકમોનું, નાટ્યાંતરણ કરાવવામાં આવ્યું હતું. સાથે - સાથે કઠપૂતળીની કરામતથી પણ બાળકો દ્વારા નાટકની રજૂઆત કરાવવામાં આવતી. આ તબક્કામાં તમામ બાળકો ખૂબ જ હોશેથી ભાગ લેતા હતા. જે બાળકો વાંચનમાં ધીમા હતા તેવા બાળકો પણ ઉત્સાહ સાથે નાટકમાં ભાગ લેતા થયા અને બધાની વચ્ચે બોલતા થયા તે ખૂબ જ ખુશીની વાત હતી.

## ઉપયોગીતા :

- ભાષા શિક્ષણને અસરકારક બનાવવા માટે.
- બાળકોના જોડણી દોસ્ત નિવારવા માટે.
- વ્યાકરણ શિક્ષણ નો વ્યવહારિક ઉપયોગ થઈ શકે તે માટે.
- વિદ્યાર્થીઓનું વાંચન વિસ્તરે વિદ્યાર્થીઓની ક્ષમતાઓમાં વધારો થાય.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન

નવતર પ્રયોગના અમલીકરણનું મૂલ્યાંકન સતત રીતે કરવામાં આવ્યું હતું.બાળકો દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ, ચિત્રો, પ્રોજેક્ટસના સર્જન વખતે, નાટકની અભિવ્યક્તિ વખતે અનૌપચારિક રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બાળકોને અપાતી કસોટી દ્વારા પણ મૂલ્યાંકન કરાયું હતું.

## નવતર પ્રયોગનું પરિણામ :

માતૃભાષા શિક્ષણ પ્રત્યે વિદ્યાર્થીઓના રસ રુચિમાં વધારો જોવા મળ્યો.

વિદ્યાર્થીઓની ભાષાગત અને વ્યાકરણગત ભૂલોના પ્રમાણમાં ઘટાડો આવ્યો.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ

પ્રસ્તુત નવતર પ્રયોગ વર્તમાન સમયમાં પણ કાર્યરત છે. પ્રસ્તુત નવતર પ્રયોગ દ્વારા પ્રથમ તો બાળકો સહજતાથી અભ્યાસ માટે તત્પર બને છે.

# ધોરણ-૧,૨ નાં બાળકોને રમત-ગમત દ્વારા ગણિત વિષયનું શિક્ષણ


ઇનોવેટરનું નામ : પાંડવ મહેન્દ્રભાઈ કારૂભાઈ
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : દરેડ પ્રા. શાળા નં.-૧
તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : ૯૦૯૯૩૪૦૬૦૬
ઈમેલ : mkpandav80@gmail.com


વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યકતિગત, જૂથમાં, સામૂહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે? : જુન-૨૨ થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- બાળકો રમત-ગમત દ્વારા ગણિત વિષયનું શિક્ષણ મેળવે.
- સમજપૂર્વકનું મુર્તવસ્તુઓ દ્વારા પ્રાયોગિક શિક્ષણ મેળવે.
- ગણિત વિષયનું શિક્ષણ સરળતાથી પાયાના કૌશલ્યો સાથે શીખે.
- બાળકોની તર્કશક્તિ, બૌદ્ધિક શક્તિનો વિકાસ થાય.
- બાળકોમાં સમૂહ ભાવના, નેતૃત્વ, ચપળતા, એકાગ્રતા જેવા ગુણો વિકસે.

અમલીકરણ વ્યુહ રચના:

ધોરણ-૧,૨ નાં બાળકો કોરોના કાળ માંથી પસાર થયા હોઈ એ દરમ્યાન ગણિત વિષયનું પાયાનું શિક્ષણ પૂરતું ન મેળવી શક્યા હોઈ. ગણિત વિષયના પાયાના કૌશલ્યોનું શૈક્ષણીક કાર્ય સમજપૂર્વકનું નાં કરતા યંત્રવત કરતા હતા. ૧ થી ૧૦૦ નું અંક લેખન કરતા પણ અંકોની ઓળખ, મૌખિક, ગાણિતિક સરવાળા-બાદબાકી, પહેલા-પછી-વચ્ચેની સંખ્યાઓ, એકમ-દશકની સંકલ્પના, જૂથ વિભાજન, પેટર્ન, કોયડા ઉકેલ વગેરે માં ૬૦% બાળકો મુશ્કેલી અનુભવતા હતા. આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે વિચારવાનું શરૂ કર્યું.

બાળકો ને રમત રમવી બહુ ગમે એ વિચારે રમત-ગમત દ્વારકા ગણિતનાં પાયાના કૌશલ્યો શીખવવાનું શરૂ કર્યું. એ માટે જુન-૨૨ થી એન્ડોર-ઓઉટડોર રમત-ગમતનાં શૈક્ષણીક સાધનો વિકસાવ્યા અને દરરોજ પ્રજ્ઞા અભિગમ અન્વયે “રમે તેની રમત” દરમ્યાન વિવિધ રમત-ગમત સાથે ધોરણ-૧,૨ નાં બાળકોને ગણિત વિષયનું શિક્ષણ સમજપૂર્વકનું થાય એ માટે અમલવારી કરી.

ઉપયોગિતા :

ધોરણ-૧,૨ નાં બાળકોને (૧) અંક કાર્ડની રમત: જેના દ્વારા અંક ઓળખ, સરખા અંકો ની જોડ બનાવવી, અંક સાથે મૂર્ત વસ્તુઓની સરખામણી કરવી, અંકો ને ક્રમાનુસાર ગોઠવવા, ચડતો-ઉતરતો ક્રમ, મૌખિક, સરવાળા-બાદબાકી, પહેલા-પછી-વચ્ચેની સંખ્યાઓ કરતા થયા. (૨) પાસા-લખોટીની રમત: જેના દ્વારા અંક ઓળખ, અંક સાથે મૂર્ત વસ્તુઓની સરખામણી કરવી, મૌખિક, સરવાળા-બાદબાકી કરતા થયા. (3) સ્ટ્રો-પાસાની રમત: એકમ-દશકની સંકલ્પના, જૂથ વિભાજન, અંકોનો વિસ્તાર કરતા થયા. (૪) ઇસટોની રમત (૫) નવ કાકરીની રમત (૬) ટપ્પોની

રમત દ્વારા બાળકોની તર્કશક્તિ, બૌદ્ધિક શક્તિનો વિકાસ થયો. (૭) અંક શોધની રમત: જેના દ્વારા અંક ઓળખતા અને બોલતા થયા. (૮) ઈંડા ચોરની રમત: જેના દ્વારા અંક બોલીને અંક સાથે મૂર્ત વસ્તુઓની સરખામણી કરતા થયા. આમ ગણિત વિષયનું શિક્ષણ સમજપૂર્વક અને મૂર્ત વસ્તુઓ સાથે કરતા થયા.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન:

ધોરણ-૧,૨ નાં બાળકોનું રમત-ગમત દ્વારા દરરોજ અનૌપચારિક, નિદર્શન કરી મૂલ્યાંકન કરવામાં આવ્યું.

નવતર પ્રયોગનું પરિણામ:

ધોરણ-૧,૨ નાં બાળકોને જે ૧ થી ૧૦૦ નું અંક લેખન કરતા, અંકોની ઓળખ, મૌખિક, ગાણિતિક સરવાળા-બાદબાકી, પહેલા-પછી-વચ્ચેની સંખ્યાઓ, એકમ-દશકની સંકલ્પના, જૂથ વિભાજન, પેટર્ન, કોયડા ઉકેલ વગેરે માં જે મુશ્કેલી અનુભવતા હતા તેમાં ૩૦ થી ૪૦ % સફળતા મળી છે. જેમાં બાળકો ગણિતની પાયાની સંકલ્પનાઓ સમજપૂર્વક નોટબૂક અને સ્વઅધ્યયન પોથીમાં લેશન દ્વારા કરતા થયા.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલ માં અમારી શાળામાં આ નવતર પ્રયોગ ચાલુ જ છે.

## STEMS F'ship Triangle(Student Teacher Extended to Maths Science Friendship Triangle)


ઇનોવેટરનું નામ : ચિરાગ અમૃતલાલ સચાણીયા
હોદ્દો : મદદનિશ શિક્ષક
શાળાનું નામ : શાળા નં. ૩૨
તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : 9998987524
ઈમેલ : chiragsachania2020@gmail.com
વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત, ટેકનોલોજીનો ઉપયોગ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જુલાઇ-2022

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ:

- વિદ્યાર્થીઓ અને શિક્ષક વચ્ચે એક સુમેળભર્યો પ્રેમાળ સંબંધ પ્રસ્થાપિત થાય.
- વિદ્યાર્થીઓને વિષયવસ્તુ(ગણિત અને વિજ્ઞાન)નું શિક્ષણ મેળવવામાં પડતી મુશ્કેલીઓ દૂર થઇ શકે અને તેઓ સરળતાથી અભ્યાસ કરી શકે.
- પાઠ્યપુસ્તક સાથે જરૂરી ટેકનોલોજીકલ સપોર્ટ મળતા વિષયવસ્તુ સરળ બને અને વિદ્યાર્થીઓ ઝડપથી ગ્રહણ કરી શકે.

નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન:

આ નવતર પ્રયોગને બે ભાગમાં વહેંચવામાં આવ્યો છે.

જો વિદ્યાર્થીઓને શિક્ષક સાથે લગાવ બંધાય અને તેઓ વચ્ચે એક સુમેળભર્યું તાદાત્મ્ય કેળવાય અને વિદ્યાર્થી તથા શિક્ષક વચ્ચે એક સારો સંબંધ હશે અને વિદ્યાર્થીને શિક્ષક પ્રિય હશે તો તે શિક્ષકનો વિષય તે વિદ્યાર્થીને ગમવા લાગશે અને પરિણામે સરળતાથી તે વિષય આત્મસાત કરી શકશે. પાઠ્યપુસ્તક સાથે ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિષયવસ્તુ અનુરૂપ વિડીયો, એનિમેશન, પ્રવૃત્તિઓ દેખાડીને તે મુદ્દાઓ અધ્યયન નિષ્પતિઓ આધારિત અભ્યાસ કરાવીને તૈયાર કરાવવા તથા ગૃહકાર્ય આપતું જવું અને કસોટી માટે તૈયાર કરવા.

અમલીકરણ વ્યૂહ રચના:

- આ નવતર પ્રયોગ જામનગર મહાનગરપાલિકાની શાળા નં. 32 નાં ધોરણ 6ના 23, ધોરણ 7ના 24 અને ધોરણ 8ના 21 એમ કૂલ 68 વિદ્યાર્થીઓના લક્ષ્ય જૂથ માટે હાથ ધરવામાં આવેલ.
- પ્રથમ ભાગ માટે વિદ્યાર્થીઓને શાળામાં અને વિષયખંડમાં એક અલગ રીતે આવકાર આપવાનું વિચારવામાં આવ્યું કે જેથી તેઓની અને શિક્ષકની વચ્ચે જે ભારે ભરખમ અંતર રચાયેલું હોય એ ઘટે અને તેઓ એકબીજા સાથે સ્નેહ અને હૂંફના સંબંધે જોડાય
- આ માટે અહીં દર્શાવ્યા મુજબનો એક ચાર્ટ બનાવવામાં આવ્યો અને તેને વિષયખંડના દરવાજા પાસે લગાવવામાં આવ્યો. જયારે બાળકો ગણિત-વિજ્ઞાન વિષયનો તાસ આવતાં વિષયખંડમાં આવે ત્યારે શિક્ષક દ્વારા ચાર્ટમાંથી વિદ્યાર્થીની પસંદગીની રીતે તેને વિષયખંડમાં આવકારે છે, વેલકમ કરે છે. આ રીતે દરરોજ અલગ-અલગ રીતે બાળકોને આવકાર આપવામાં આવે છે.
- દ્વિતિય ભાગ માટે ગણિત અને વિજ્ઞાન વિષયના પ્રકરણ અને તેની અધ્યયન નિષ્પતિઓ આધારિત વિવિધ વિડીયો, એનિમેશન કે જે વિષયવસ્તુના મુદ્દાઓ અને સંકલ્પનાઓ સ્પષ્ટ કરી શકે તેનું સંકલન કરવામાં આવ્યું. આ સંકલન માટે દિક્ષા, જી-શાલા, SSAના વિડીયો અને એનિમેશન, PhET સિમ્યુલેશન વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો. આ ઉપરાંત OpenBoard નામનાં ફ્રી સોફ્ટવેરનો ઉપયોગ કર્યો.
- અધ્યયન નિષ્પતિ આધારિત વર્ગખંડ શિક્ષણ કાર્યમાં જે-તે વિષય વસ્તુના મુદ્દા અનુરૂપ ડીજીટલ મીડિયાની સાથે પાઠ્યપુસ્તકનો તે મુદ્દો એમ બંનેને ટીવી કે પ્રોજેક્ટર સ્ક્રીન પર સાથે ચલાવવામાં આવે અને સમજુતી આપવામાં આવે તેમજ જરૂરી મુદ્દાઓ અને પ્રશ્નો પાઠ્યપુસ્તકમાં નોંધ કે અન્ડર લાઈન કરાવવામાં આવે. જેથી વિદ્યાર્થીઓ માત્ર વિડીયો જોવાના બદલે પાઠ્યપુસ્તક સાથે પણ તાદાત્મ્ય કેળવશે અને વર્ગખંડમાં શિખેલું જયારે ઘરે જઈને પાઠ્યપુસ્તકમાં વાંચશે ત્યારે તેને સરળ પુનરાવર્તન થશે અને પાઠ્યપુસ્તકમાંથી જ બધાં મુદ્દાઓ સરળતાથી અભ્યાસ કરી શકશે.
- મુદ્દો પૂર્ણ થયા બાદ અભ્યાસ કરેલાં તે મુદ્દામાંથી યોગ્ય પ્રશ્નો કે પ્રવૃત્તિઓ બાળકોને સ્ક્રીન પર જ ગૃહકાર્ય માટે આપવામાં આવે જેની નોંધ બાળકો પાઠ્યપુસ્તક કે પોતાની નોટબુકમાં કરશે. જેનાં પરિણામે બાળકો જે-તે મુદ્દામાંથી પૂછાતા પ્રશ્નો કે પ્રવૃત્તિઓથી પરિચિત થશે અને સરળતાથી તેને આત્મસાત કરી શકવા સક્ષમ બનશે.

ઉપયોગિતા:

- વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે હુંફાળો અને સૌહાદપૂર્ણ સંબંધ પ્રસ્થાપિત કરી શાળા અને વિષયથી અભિમુખ કરી શકાય છે.
- પાયાની સંકલ્પનાઓ(STEMs) ને સરળતાથી આત્મસાત કરાવી શકાય છે.
- વિદ્યાર્થીઓ વિષયથી દૂર ભાગવાને બદલે રસપૂર્વક તેનો અભ્યાસ કરતાં થાય છે.
- પ્રકરણના મુદામાંથી પૂછાતા પ્રશ્નો અંગે સભાન બને અને તૈયારી કરી શકે છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન:

- નવતર પ્રયોગના મૂલ્યાંકન માટે નવતર પ્રયોગ પહેલાની પદ્ધતિમાં વિદ્યાર્થીઓના વિષય પ્રત્યેના રસ-રુચિ અને તેઓને આવડતી અધ્યયન નિષ્પત્તિઓના મુદ્દાઓ સાથે નવતર પ્રયોગના ઉપયોગ બાદનાં જ્ઞાનની સરખામણી કરવામાં આવી કે જેમાં તેઓના ગુણાંકનને પણ ધ્યાને લેવામાં આવ્યું. સતત સર્વગ્રાહી મૂલ્યાંકનના આંકડા દર્શાવે છે કે તેઓ વિષયવસ્તુ પ્રત્યે સજાગ બન્યા છે અને તેઓના માર્ક્સ વધ્યા છે.
- વિદ્યાર્થીઓનાં પ્રતિભાવો પૂછતાં જાણવા મળ્યું કે પહેલાં કરતાં આ નવી પદ્ધતિ વડે તેઓને અભ્યાસ કરવામાં વધુ મજા આવે છે.
- ગણિત અને વિજ્ઞાન વિષયના તાસમાં તેઓ ગેરહાજર રહેતા ઓછા થયા પરિણામે તેઓના અભ્યાસમાં પ્રગતિ જોવા મળી.

નવતર પ્રયોગનું પરિણામ:

- વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે હુંફાળો અને સૌહાદપૂર્ણ સંબંધ પ્રસ્થાપિત થયો.
- વિદ્યાર્થીઓ ગણિત અને વિજ્ઞાન વિષયથી અભિમુખ થયા.
- વિદ્યાર્થીઓ ગણિત અને વિજ્ઞાનની પાયાની સંકલ્પનાઓ(STEMs) સરળતાથી આત્મસાત કરી શક્યા.
- વિષય પ્રત્યે રસ ઉત્પન્ન થવાથી શાળામાં હાજરીનું પણ પ્રમાણ પહેલાં કરતાં વધુ થયું.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:

હાલ આ નવતર પ્રયોગ શાળામાં ચાલુ છે તેમજ જરૂરિયાત મુજબના મીડિયાનું અપડેશન તથા મોડીફીકેશનનું કામ ચાલુ છે.

# મારુ ગમતું ગણિત


ઇનોવેટરનું નામ : વડગામા ધર્મિષ્ઠાબેન કાંતિલાલ    હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી વિજરખી પ્રાથમિક શાળા    તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9712864745    ઈમેલ : vadgamadharmishtha@gmail.com

વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત, સાંપ્રત વિષયો, મૂલ્યાંકન

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : નવેમ્બર 2021 થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- શિક્ષણ પધ્ધતિનો મુખ્યક્રમ ERAC – જ્ઞાન, સમજ, ઉપયોજન, અને મૂલ્યાંકનને ધ્યાનમાં રાખીને 3 થી 5 ગણિત વિષયના તમામ એકમો આધારિત પ્રવૃત્તિઓનું નિર્માણ કરવું.
- બાળક પોતાના આસપાસના પર્યાવરણમાં રહેલા ગણિતને સ્વીકારશે અને સમજશે.

- બાળકો પોતાની આસપાસના પર્યાવરણ સાથે ગણિતને જોડીને ગણિતની કઠિન સંકલ્પનાઓ સરળતાથી સિદ્ધ કરી શકશે.
- દરેક પ્રવૃત્તિઓ, રમતો, TLM દ્વારા બાળકોની સમજશક્તિ, વિચારશક્તિ, વગેરેમાં અભિવૃધ્ધિ થશે.
- બાળક રમતા-રમતા ગણિત શીખશે, જેનાથી દરેક બાળકની ભાગીદારી વધશે અને એકબીજાના જ્ઞાનની આપ-લે કરી શકશે.

અમલીકરણ વ્યુહ રચના :

- સૌપ્રથમ ગણિત વિષય માત્ર ચોક અને બોર્ડથી જ ભણવાતો વિષય છે તે સંકલ્પનાથી બહાર લાવીને બાળક મુક્ત વાતાવરણમાં આસપાસના પર્યાવરણ સાથે જોડીને શીખી શકે તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.
- મે સાંભળ્યુ હું ભૂલી ગયો, મે જોયું મને યાદ રહી ગયું, મે કર્યું મને સમજાઈ ગયું, આ ઉક્તિ સાર્થક થાય તેવી પ્રવૃત્તિઓ, રમતો TLM દ્વારા બાળકની સતત ભાગીદારી વધે તેવા પ્રયત્નો કરવામાં આવ્યાં.
- બાળક દરેક એકમ શીખવામાં તત્પરતા દાખવે તે માટે એકમ આધારિત સતત નવી પદ્ધતિઓ, નવા નુસખા, TLMની રચના કરવામાં આવી.
- દરેક પ્રવૃત્તિ, રમતો અધ્યયન નિષ્પત્તિને સંલગ્ન હોય તેનું ખાસ ધ્યાન રાખીને બાળકને આપવામાં આવે છે.
- જેમ- જેમ એકમ ચાલતો જાય તેમ-તેમ અધ્યયન નિષ્પત્તિની સિદ્ધિની સરળતા સાથે મૂલ્યાંકન પણ થઈ શકે તેવી રીતે પ્રવૃત્તિનું અમલીકરણ કરવામાં આવ્યું.
- રિશેષના સમયમાં પણ બાળક પ્રવૃત્તિનો જાતે સરળતાથી ઉપયોગ કરી શકે તેવી સાઇઝમાં પવૃત્તિઓનું નિર્માણ કરવામાં આવ્યું.
- રમત અંગેનું માર્ગદર્શન આપ્યા બાદ બાળક પોતાની સમજશક્તિ અને આંતરસૂજથી રમતો રમી શકે છે.
- યુનિટટેસ્ટના પરિણામને આધારે જાણવા મળ્યું કે બાળકમાં એકમ અંગેની સંકલ્પનાનું સ્પષ્ટિકરણ થતું નથી. તે ધ્યાનમાં લઈને એકમના પાયાના ખ્યાલને સમજે તેવી પ્રવૃત્તિઓની રચના કરવામાં આવી.

ઉપયોગિતા :

- એકમ આધારિત પ્રવૃત્તિઓ રમત, મૂલ્યાંકન પધ્ધતિઓ નિર્માણ કરેલ હોવાથી અધ્યયન નિષ્પત્તિની સિદ્ધિમા સરળતા રહેશે.
- રમતા-રમતા ગણિત શીખી શકાતું હોવાથી ગણિત વિષય પ્રત્યેનો ડર મનમાથી દૂર થશે.
- બધા વિધ્યાર્થીઓની ભાગીદારી રહેતી હોવાથી એકબીજાના જ્ઞાનનું આદાન-પ્રદાન કરી શકાશે.
- બાળક જાતે પ્રવૃત્તિ કરી શકે તેવું વાતાવરણ ઊભું કરાતું હોવાથી બાળકના આત્મવિશ્વાસમાં વધોરો કરવામાં ઉપયોગી સાબિત થશે.
- લર્નિંગ આઉટકમ આધારિત પ્રવૃત્તિ હોવાથી લર્નિંગ આઉટકમના મૂલ્યાંકન, સિદ્ધિ અને સફળતા સુધી પહોચવામાં સરળતા રહેશે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

- T.L.M, પ્રવૃત્તિ, રમતો, પઝલ્સ વગેરે બાળક જાતે હાથમાં લઈને ઉપયોગ કરી પોતાની આંતરસૂઝથી ઉકેલ લાવતો હોવાથી બાળકની ક્ષમતા સિદ્ધિનું મૂલ્યાંકન સરળ બની જાય છે.
- જે અધ્યયન નિષ્પત્તિનો અભ્યાસક્રમ ચાલતો હોય તે પૂરો થયા પછી સ્વાધ્યાયંપોથીમાં સ્વ – અધ્યયન કરતી વખતે સરળતા રહે છે.

- જે બાળકોની લેખીત અભિવ્યક્તિમાં પ્રયાસો ચાલુ હોય તેવા બાળકો રમતો દ્વારા ઝડપથી મૌખિક ઉત્તરો આપતા હોવાથી આવા બાળકોના ઉપચરાત્મક કાર્યમાં મૂલ્યાંકન કરી શકાય છે.

<u>નવતર પ્રયોગનું પરિણામ :</u>

- ધોરણ 3 માં કોરોનાકળ પછી ગણિત વિષયમાં 1 થી 10 અંકથી શરૂઆત કરવામાં આવી હતી. ત્યારે પરિણામ માત્ર 10 % જેટલું હતું જે આજે 30 % થી 40% સુધી શક્ય બન્યું છે.
- ધોરણ 4 માં બાળકો બે વર્ષ ઘરે રહ્યા હોવાથી ગણિત વિષયનો પાયો ખુબ જ નબળો હતો. આ ઇનોવેશનથી બાળકોની રસ – રુચિમાં વધારો જોવા મળ્યો.
- ધોરણ 4 માં માત્ર 30 % બાળકો પાયાના સંખ્યાજ્ઞાનની સમાજ ધરાવતા હતા. જે અત્યારે 45 % સુધી પહોચી છે.
- ધોરણ 5 માં અધ્યયન નિષ્પત્તિની સિધ્ધિમા 40 % બાળકો હતા. જે 45% સુધી સિધ્ધીમાં વધારો કરી શકાયો છે.
- એકમ કસોટીમાં ધોરણ 3 અને 4 ના બાળકોની 25% સિધ્ધી હતી. જે આજે 30 % થી 35 % સુધી જોવા મળી.

<u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ</u>

- નવેમ્બર 2021 થી ખુબજ રસપૂર્વક રીતે ઇનોવેશન કાર્યરત છે.
- નવા નવા આયામો, નવા મુદ્દાઓ, નવીન વિચારોનું સતત ઉમેરાને અવકાશ છે..
- હજુ પણ બાળકો વધુ રસપ્રદ રીતે ગણિત વિષય તરફ આકર્ષાય તેવા લક્ષ્યાંકો છે.

## Simplification of Social Science

ઇનોવેટરનું નામ : ભેંસદડિયા યોગેશકુમાર હેમંતલાલ  હોદ્દો : મ. શિ.

શાળાનું નામ : શ્રી નેસડા પ્રાથમિક શાળા  તાલુકો : જોડિયા

મોબાઈલ નંબર : 9426333718  ઈમેલ : yogeshjalpa13@gmail.com

વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ આધારિત પેડાગોજી

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : એપ્રિલ 2021 થી

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

<u>હેતુઓ :</u>

- ચિત્રો માધ્યમ થકી બાળકોને આનંદદાયી શિક્ષણ
- કલા આધારિત અધ્યયન અભિગમ
- વિષયવસ્તુના કઠિન બિંદુનું સરળીકરણ

અમલીકરણ વ્યુહ રચના :

શિક્ષકશ્રી દ્વારા આ ઇનોવેશનની શરૂઆત કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે લોકડાઉન દરમિયાન એપ્રિલ 2021 માં કરી છે. જેમાં તેમણે તેની શાળાના ગણિત - વિજ્ઞાનના શિક્ષક શ્રી ધમસાણીયા રમેશચંદ્ર એસ. આ ઇનોવેશનમાં તેમનો સહકાર લઈને આ ઇનોવેશન હાથ ધર્યું. આ ઇનોવેશન કરવામાં શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ પનારા તેમજ અન્ય શિક્ષક મિત્રોનો સહકાર સાંપડ્યો છે. જેમાં જુદા જુદા મહાપુરુષો, વૈજ્ઞાનિકો, કવિ અને લેખકો, પર્વતો, ભારતીય તહેવારો, રણમાં રહેતા પ્રાણીઓ, જંગલના પ્રાણીઓ, નદીઓ, કુદરતી સંસાધનો, ક્રાંતિકારીઓ, સંદેશાવ્યવહારના સાધનો, વાહનવ્યવહારના સાધનો, ભારતીય મંદિરો, ઋતુઓ, ભારતીય ઉદ્યોગપતિઓ, ભારતીય ગાયકો, ભારતીય મહાન સ્ત્રીઓ, વિવિધ વ્યવસાયકારો, યોગાસન, ભારતીય સ્ત્રી રમતવીર, ભારતીય રાજનૈતિક પાર્ટી ચિન્હ, ભારતીય નોબેલ પ્રાઈઝ વિજેતા, પરમવીર ચક્ર વિજેતા, સમાજસુધારકો, ભારતરત્ન, ભારતના મહેલો અને કિલ્લાઓ, ભારતીય આકસ્મિક વાહન, એરપોર્ટ, રેલવેસ્ટેશન, ભારતીય ધર્મ, વર્લ્ડ હેરીટેઝ સાઈટ, કોમનવેલ્થ ગેમ્સ વિજેતાઓ, સંગીતના સાધનો વગેરે ફોટોગ્રાફ લઇ તેના વિશેની ટુકમાં માહિતી A4 સાઈઝના કાગળમાં લખવામાં આવી. જેનો વર્ગખંડ શિક્ષણ દરમ્યાન ઉપયોગ કરવામાં આવ્યો. જેના થકી જેતે એકમને અનુરૂપ અધ્યયન નિષ્પતિ સિધ્ધ થઇ. આ રીતે આનંદદાયી શિક્ષણ આપવાના સાનિષ્ઠ પ્રયાસો કરવામાં આવેલ છે. આ ઉપરાંત શાળા શરૂ થયા બાદ વર્ગખંડ શિક્ષણમાં અને ફ્રી તાસ કે રિશેષના સમય દરમિયાન બાળકોને આ ચાર્ટ નિહાળે છે. હાલ વર્ગખંડના મોટાભાગના બાળકો આ ચાર્ટ થકી એકમ ની સંકલ્પના સમજતા થયા છે.

ઉપયોગિતા :

- ધો 6 થી 8 ના બાળકો માટે સામાજિકવિજ્ઞાનના ચાર્ટનું નિદર્શન પદ્ધતિ દ્વારા અધ્યયન કાર્ય
- સરળતા થી હેરફેર કરી શકાય તેમજ નજીવા ખર્ચે બનતું શૈક્ષણિક સાધન
- જ્ઞાન સાથે ગમ્મત અને સર્જનાત્મક્તાનો વિકાસ
- રિશેષ તેમજ નવરાશના સમયનો બાળકો દ્વારા અસરકારક ઉપયોગ
- ધો. ૬ થી ૮ ના સામાજિકવિજ્ઞાનના એકમોને અનુરૂપ અધ્યયન નિષ્પતિ સિદ્ધિ આધારીત વિવિધ ચાર્ટનું નિર્માણ.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

આ નવતર પ્રયોગના અમલ પહેલા બાળકોની સામાજિક વિજ્ઞાનની ઉપરોક્ત મુદ્દાઓના આધારે પ્રી ટેસ્ટ લેવામાં આવી. જેમાં વિવિધ સંકલ્પનાઓની સમજ ૫૫% હતી જે હાલ વધીને ૭0% થઈ છે.

નવતર પ્રયોગનું પરિણામ :

આ નવતર પ્રયોગના છેલ્લા દોઢ વર્ષો દરમિયાન ખૂબ સકારાત્મક પરિણામ મળ્યા છે. આ નવતર પ્રયોગ શાળા માટે રોજિંદા શિક્ષણનો એક ભાગ બની ગયો છે. શાળાના બાળકોની વર્ષને અંતે લીધેલી પોસ્ટ ટેસ્ટ મુજબ વિષયની સંકલ્પનાની સમજણમાં અંદાજે ૨૫% નો વધારો થયો છે.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલ બે વર્ષથી શાળાના બાળકો આ ઈનોવેશન નો લાભ લઈ રહ્યા છે. આ પ્રકારના ચાર્ટ થકી બાળકની જે તે ટોપીકની અધ્યયન નિષ્પતી પણ સિદ્ધ થાય છે.

# બચત યોજના

ઇનોવેટરનું નામ : કણજારીયા દિનેશ પ્રેમજીભાઈ
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : શ્રી કેવડાપાટ તાલુકા શાળા - ૧
તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : 9427189586
ઈમેલ : Dpkanjariya1987@gmail.com
વિભાગ : પ્રાથમિક
નવતર પ્રયોગની કેટેગરી : સહ અભ્યાસિક પ્રવૃતિ (પ્રવાસ, ફોલ્ડર ફાઈલ)
નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત
નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : સપ્ટેમ્બર : 2021 થી



## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- બાળકોના અગત્યના કાગળો ( રીઝલ્ટ, આધાર કાર્ડ, એલ.સી.,અન્ય...) કાયમ માટે સચવાયેલ રહેલ
- બાળકોમાં બચતનો ગુણ વિકસે

અમલીકરણ વ્યુહ રચના :

- બાળકોને તેમના માતા – પિતા તરફથી ખિસ્સા ખર્ચ માટે જે રુપિયા મળે છે તેમાંથી બચત કરી પોતાના વર્ગમાં જે ૨ બાળકોને રુપિયા એકઠા કરવા અને નોંધ રાખવા માટેનું કામ સોપેલ છે તેમને જમા કરાવે છે.
- રિશેશ પુરી થયા બાદ બાળકો રુપિયા જમા કરાવે છે.
- દર શનિવારે મારા દ્વારા બાળકોએ કરેલ હિસાબ ચેક કરવામાં આવે છે.

ઉપયોગિતા :

- બાળકો પોતાના અગત્યના કાગળો સાચવતા શીખે.
- બાળકો બચત કરતા શીખે.
- વ્યવહારુ હિસાબો કરતા શીખે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

હાલ પ્રાયોગિક ધોરણે ઈનોવેશન ચાલુ છે. બાળકો રુપિયા જમા કરાવે છે. તો કેટલા રુપિયા આપ્યા હતા અને કેટલા વાપર્યા અને કેટલા જમા કરાવ્યા તે પુછવામાં આવે છે.

નવતર પ્રયોગનું પરિણામ :

બાળકોને પોતાના બચત કરેલ રુપિયામાંથી ફોલ્ડર ફાઇલ વસાવી તેમને આપી. બાળકો પોતાના અગત્યના કાગળો સાચવી રાખશે જેથી ભવિષયમા બાળકોને તેનો લાભ થશે. આ જોઇ બીજા બાળકો પણ બચત કરવા પ્રેરાયા.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

- હાલ બાળકો રોજ રુપિયા જમા કરાવે છે.
- પ્રવાસમાં જવા માટેનું આયોજન છે તે માટે બાળકો રુપિયા જમા કારાવે છે.

# રમતા રમતા સામાજિક વિજ્ઞાન ભણીએ

ઇનોવેટરનું નામ :કમલેશભાઈ જશુભાઈ ઠાકરે હોદ્દો : મ. શિ.

શાળાનું નામ : શ્રી નવાગામ ઘેડ તાલુકા શાળા તાલુકો : જામનગર

મોબઈલ નંબર : 9408513802 ઈમેલ : kamleshthakare6833@gmail.com

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છેકે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : ૨૦ જૂન



## નવતર પ્રયોગની પદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાનના દરેક એકમમાં રુચિ વધે.
- વિદ્યાર્થીઓની વ્યક્તિગત વિચાર અને મૌલિકતા વધે.
- વિદ્યાર્થીમાં સમૂહ ભાવના, નીડરતા, આંનદ, ઉત્સાહ વગેરે ગુણોનો વિકાસ થાય.
- વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયનો ઉપયોગ કરીને તેની મહુતા સમજે.

અમલીકરણ વ્યુંહુરચના :

- સામાજિક વિજ્ઞાનમાં દરેક એકમમાં વિવિધ ગેમ રમાડીને.
- ધોરણ પ્રમાણે અલગ – અલગ એકમમાં અલગ – અલગ Activity કરવામાં આવી.
- સામાજિક વિજ્ઞાનના વિષયમાં વર્ગીકરણની પ્રવૃત્તિ કરાવીને.
- વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનમાં વિવિધ પ્રોજેક્ટ કરાવીને.

ઉપયોગીતા :

- વર્ગના તમામ વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયમાં બોલવાની તક મળે છે.
- વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયમાં બોલવાની પ્રેક્ટીસ થાય છે.
- વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયની મહુતા સમજે છે.
- વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયના ઉપયોગના લીધે સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેની લઘુતાગ્રંથી દુર થાય છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

શાળામાં બાળકો સામાજિક વિજ્ઞાન વિષય અન્વયે રસ રુચિ દાખવતા થયા. વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેતા થાય. બાળકોને આ વિષય પ્રત્યે ભણવામાં રસ જાગ્યો. આ પ્રયોગનું શાળા કક્ષાએ પ્રાર્થનાસભામાં પ્રશ્નોતરી કરીને સતત મૂલ્યાંકન કરવાનું ચાલુ કર્યું ઉત્સાહ દેખાડનાર બાળકોને પ્રોત્સાહિક ઇનામ અને પ્રોત્સાહન આપવામાં આવ્યું નબળા બાળકોને સતત પ્રોત્સાહન આપતો રહ્યો.

નવતર પ્રયોગનું પરિણામ :

- વિદ્યાર્થીઓ રમતા રમતા શીખે છે.
- બાળકો સંકોચ વગર આગળ વધીને જવાબ આપે છે.
- બાળકો સામાજિક વિજ્ઞાન વિષયમાં ખુબજ ઉત્સાહથી ભાગ લેવા લાગ્યા.
- અન્ય વિષયોમાં પણ આ પ્રવૃતિઓને આધારે બાળકોમાં એક નવા જ્ઞાનનો સંચાર થયેલો જોવા મળે છે.
- બધા બાળકો સક્રિય રીતે રમતો માં ભાગ લે છે.
- આનંદ ઉત્સાહ અને ઉમંગ સાથે બાળકોની ગુણવતાનો સુમેળ થયો.
- આનંદની સાથે પ્રવૃતિશીલ હેતુલક્ષી શિક્ષણ મળી રહ્યું છે.
- ૨૫% કરતા વધારે રમતોનું શિક્ષણ સાથે અનુબંધ જોડી પુસ્તકરૂપે લોકો સમક્ષ મુકવું છે. જેનું નામ છે રમતા રમતા સામાજિક વિજ્ઞાન ભણીએ.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

- આ પ્રયોગ શાળામાં તો ચાલે જ છે. ક્લસ્ટરની અન્ય શાળાઓમાં પણ ઉપયોગી થઈ રહી છે.
- જેનો ઉપયોગ અન્ય જીલ્લા શિક્ષકો પણ કરી રહ્યા છે.
- બાળકો સામાજિક વિજ્ઞાન વિષય ઉપરાંત અન્ય વિષયો પ્રત્યે ખુબ જ રસપૂર્વક અધ્યયન – અધ્યાપન પ્રક્રિયામાં ભાગ લે છે સાથે સાથે વિવિધ પ્રવૃતિઓમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

## મુલ્ય શિક્ષણ સાથેની મારી શાળા

ઇનોવેટરનું નામ : ત્રિવેદી ઈશિતભાઈ મનહરલાલ  હોદ્દો : મદદનિશ શિક્ષક

શાળાનું નામ : શ્રી પીપળીગામ પ્રાથમિક શાળા  તાલુકો : લાલપુર

મોબાઈલ નંબર : 8758816150  ઈમેલ : trivediishit4@gmail.com

વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : મુલ્ય શિક્ષણ તથા સહાભ્યાસીક પ્રવૃતિ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત તથા સામૂહીક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : 2 વર્ષથી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ :**

- બાળકોમાં અભ્યાસક્રમની સાથે સાથે આપણાં પરંપરાગત મુલ્ય શિક્ષણને જાગૃત રાખવું.
- બાળકોમાં સ્વૈછીક પુસ્તક વાંચન માટેની આદતને વિકસિત કરવી.
- પાઠ્યપુસ્તકની યોગ્ય જાણવણી તથા પુસ્તકનાં ધાર્મિક મહત્વને સમજાવવું.
- બાળકોને બેનર્સના ચિત્રો બતાવીને અંગ્રેજી વિષયને વધૂ રસપ્રદ બનાવવો.

**અમલીકરણ વ્યુહ રચના :**

શાળાના બાળકો માટેની "સ્વયં જયોત" નામની મુલ્ય શિક્ષણ આપતી યુ – ટ્યુબ ચેનલની શરૂઆત કરવામાં આવી. જેનો ઉદેશ્ય શાળાના વિષયવસ્તુ સિવાયના જરૂરી આપણા મૂલ્યોનું જ્ઞાન આપવાનું છે. આ સાથે બાળકોને સ્વૈછિક રીતે પુસ્તકો વાંચવા માટે ઓપન બુક લાઈબ્રેરી પ્રોજેકટની શરૂઆત કરવામાં આવી. "પુસ્તક પુજન" પ્રોજેકટની મદદથી બાળકોને પાઠ્યપુસ્તકોના મહત્વ વિષે સમજાવવામાં આવ્યું. અંગ્રેજી વિષયના પાયાના જ્ઞાનને બાળકો સુધી પહોચાડવા માટે રૂ.8000 ના સ્વયં ખર્ચે 42 જેટલા અંગ્રેજી વિષયના બેનર્સ બનાવીને વર્ગખંડની દીવાલોને વધૂ જીવંત કરવામાં આવી.

**ઉપયોગિતા :**

મુલ્ય શિક્ષણ ને લગતા આ પ્રોજેક્ટ્સની મદદથી બાળકોમાં રહેલ સારી બાબતોને ઉજાગર કરીને તથા તેમને પોતાનામાં રહેલ આ સારી બાબતોથી માહિતગાર કરીને તેને વિકસિત કરવામાં સારી સફળતા મળેલ છે. બાળકોને અંગ્રેજી વિષય વધૂ સરળ અને રસપ્રદ લાગતા ભાષા વિકસિત થતી જોવા મળે છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

બાળકો સાથેની મુક્ત ચર્ચા દ્વારા તથા બીજા શિક્ષકોના મુક્ત અભીપ્રાયો મેળવીને આ તમામ નવતર પ્રયોગોનું મુલયાંક્ન સમયાંતરે કરવામાં આવી રહ્યું છે.

નવતર પ્રયોગનું પરિણામ :

- મુક્ત રીતે વાંચવાનો અનેરો આનંદ જોવા મળ્યો.
- અંગ્રેજી ભાષાને સરળ બનાવવામાં બેનર્સની અસરકારકતા મહંદ અંશે જોવા મળે છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

દરેક પ્રયોગ પર અત્યારે સફળતા પૂર્વક કામ જોઈ શકાય છે.વર્તમાન સ્થિતિમાં પ્રયોગ ચાલુ જ છે.

# ફોટોફ્રેમથી શિક્ષણ

ઇનોવેટરનું નામ : અતુલ ગિરીશભાઈ ચૌહાણ

હોદ્દો : મ. શિ.

શાળાનું નામ : મોરકંડા તાલુકા શાળા

તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9924930787

ઈમેલ આઇડી : atul1173@gmail.com

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગની કેટેગરી : 1. ધોરણ 6થી 8

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત



## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- ગુજરાત ના સ્થાપત્ય વારસા વિશે તેમજ ભારતના સ્થાપત્ય વારસા વિષે જાણે. એક શૈક્ષણિક આયામ તરીકેપ્રદર્શન.
- વિવિધ ક્ષેત્રના અગ્રણી ગુજરાતીઓ વિશે જાણે.
- બાળ પૂર્તિઓનોઉપયોગ અર્થગ્રહણ વધારવા કરવો.

અમલીકરણ વ્યુહ રચના :

વિદ્યાર્થીઓ સમક્ષ વર્ષ 2005/2006ની 25 પૂર્તિઓ ફ્રેમ કરાવીને મૂકવામાં આવી છે. જે કોઈ પણ આવતા જતા જોઈ શકે છે તેમજ વાંચવા માટે કહેવાય છે. ગુજરાતના સ્થાપત્ય અંગે અને ગુજરાતના ઇતિહાસમાં અજાણ્યા પાસાઓ અંગે જાણકારી ધરાવે તે માટે વાંચવા અપાય છે. વિદ્યાર્થીઓ આ ગ્રાફિકલ રજૂઆતને ધ્યાનથી જોઈ રસપ્રદ સામગ્રીનો અભ્યાસ કરશે અને આ ફ્રેમોમાં રહેલી માહિતી ગ્રહણ કરશે.

ઉપયોગિતા :

- સ્થાપત્ય અને સાંસ્કૃતિક વારસા વિશે ફોટોગ્રાફ સહિત રજૂઆત હોવાથી વિદ્યાર્થીઓને વાંચવું અને જાણવું ગમે છે.
- ભારતના અને ગુજરાતના ઇતિહાસના એક આયામને સ્પર્શે છે આ ફોટાફ્રેમ સંગ્રહ.
- પાણીના સંગ્રહ વિશે તેમજ પાણીના સ્રોત વિશે આપણાંપૂર્વજોના ક્યાં પ્રયાસો રહ્યા તે અને સમજે છે.
- આ ઉપરાંત કોતરણી, કળા વગેરે બાબતે પણ ખ્યાલ મેળવે છે.
- બાળકોની અર્થગ્રહણ ક્ષમતા વધારવા આ બાળભાસ્કરની પૂર્તિઓ ખૂબ ઉપયોગી સાબિત થઇ. લેખનના વિવિધ સ્વરૂપો વિશે પૂરતો મહાવરો મળે છે, જેમકે વાર્તાઓ, ટુચકા, ચિત્રવાર્તાઓ, સુવિચાર, સામાન્ય જ્ઞાનનાપ્રશ્નો, બોધકથાઓવગેરે જાણતાં થાય છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

- વિદ્યાર્થીઓએ ગુજરાત અને ભારતના સાંસ્કૃતિક વારસા અને સ્થાપત્ય વિશે જાણ્યું
- અર્થગ્રહણમાં વધારો થયો.
- પ્રશ્નો અંગે વિચારીનેલખતા થયા માહિતીનું અર્થઘટન કરતા થયા.

નવતર પ્રયોગનું પરિણામ :

- વિદ્યાર્થીઓએ ગુજરાત અને ભારતના સાંસ્કૃતિક વારસા અને સ્થાપત્ય વિશે જાણીને ગૌરવની લાગણી અનુભવી.
- અર્થગ્રહણમાં વધારો થવાથી સમજ ઝડપથી મેળવી શક્યા.
- પ્રશ્નો અંગે વિચારીને લખતા થયા
- માહિતીનું અર્થઘટન કરવાથી જ્ઞાનમાં વધારો થયો.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

અત્યારે આ ફ્રેમ મોરકંડા તાલુકા શાળાના પ્રાર્થનાખંડમાં લાગેલી છે. તેમજ 2005અને 2006ની બાલભસ્કરની પૂર્તીઓમાં રહેલી પ્રશ્નોતરી વિદ્યાર્થીઓ પોતાની નોટમાં લખશે અને પૂર્તીઓમાંથી જવાબ શોધશે. લગભગ તમામ પ્રકારની ભાષાકીય રચનાઓ આવરી લેતી આ પૂર્તિઓ વાંચવી ખૂબ પસંદ આવે છે.

## સાઈકોલેબ


ઇનોવેટરનું નામ : વિરોજા અશ્વિનકુમાર ટી. હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી પાટણ પ્રાથમિક શાળા તાલુકો : જામજોધપુર

મોબાઈલ નંબર : 9909441686 ઈમેલ : atviroja.1973@gmail.com

વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગની કેટેગરી : સહ અભ્યાસિક પ્રવૃત્તિ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : વર્ષ : 2022-23 ના દ્વિતીય સત્રથી

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- બાળકો બૌદ્ધિક કસોટી થી અભિમુખ થાય.
- ગમ્મત સાથે જ્ઞાન મળે.
- બાળકો પોતાની જાતે વિચારતા થાય
- NEP અંતર્ગત 10 બેગલેસ ડે તરીકે આ પ્રવૃત્તિ કરી શકાય.

અમલીકરણ વ્યુહ રચના :

આપણી આસપાસમાંથી મળતી વિવિધ વસ્તુઓ જેવી કે પુંઠા, ચુંક, વારો, સ્પ્રિંગ, દોરી, એક્રેલિક કાચ વડે સાયકો લેબની રમતો બનાવવામાં આવે છે. જેના વડે વિવિધ આકારો બનાવી બુદ્ધિ પ્રેરક રમતો બનાવી શકાય.

ઉપયોગિતા :

- બાળકો પોતાની રીતે કોયડા ઉકેલી શકે.

- બાળકના મગજનો વિકાસ થાય.
- બાળકના દરેક અંગનો વિકાસ થાય.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન

- બાળકો પોતાની જાતે વિચારતા થાય.
- બાળકો પોતાની મુશ્કેલીમાંથી રસ્તો શોધતા શીખે.
- બાળકો નીત નવું વિચારતા થાય.

નવતર પ્રયોગનું પરિણામ

- બાળકોનો શારીરિક તેમજ માનસિક વિકાસ થયો.
- બાળકોની તર્કશક્તિ વધી.
- બાળકો મુશ્કેલીના સમયે પોતાનો રસ્તો શોધતા થયા.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ

હાલ શાળામાં આ નવતર પ્રયોગ ચાલુ જ છે અને બાળકોમાં સાઇકોલોજીકલ પરિણામ સારું જોવા મળ્યું.

## રસપ્રદ ભાષા અંગ્રેજી ભાષા

ઇનોવેટરનું નામ : જીયાણી આશાબેન કનુભાઇ
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : શ્રી સેતાલુસ પ્રાથમિક શાળા
તાલુકો : લાલપુર
મોબાઈલ નંબર : 9879468090
ઈમેલ : kaswalaasha@gmail.com
વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી વિષયવસ્તુ પેડાગોજી આધારીત,ટેકનોલોજીનો ઉપયોગ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત સામૂહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ૧વર્ષ

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- અંગ્રેજી ભાષા પ્રત્યેનો બાળકોનો ભય દૂર થાય.
- અંગ્રેજી ભાષાના LSRW કૌશલ્યના કઠિન બિંદુઓ રમતાં રમતાં શીખે.
- બાળકોને અંગ્રેજી ભાષા રસપ્રદ લાગે.
- અંગ્રેજી ભાષાને જુદી જુદી પ્રવુત્તિઓમા સહભાગીદારીથી વિષયવસ્તુ સમજે તેનો રોજિંદી ભાષામાં ઉપયોગ કરે.
- ટેકનોલોજીના ઉપયોગથી ભાષાને વધુ સારી રીતે શીખે.

અમલીકરણ વ્યુહરચના

બાળકોમાં અંગ્રેજી ભાષા પ્રત્યેનો હાઉ અને અરૂચિ જણાતા અને તેના LSRW કૌશલ્યો કઠિન જણાયા તેમજ અંગ્રેજી ભાષાપ્રત્યે અરૂચી જણાતા પ્રોજેક્ટ કાર્ય, ટીએલએમ, રમત, રોલ પ્લે, ઓડિયોવિઝ્યુઅલ માધ્યમ, ડ્રામેટાઇઝેશન જેવી વિવિધ સુંદર અને રસપ્રદ પદ્ધતિ અને પ્રયુક્તિઓ સભર શિક્ષણકાર્યમા બાળકોને સક્રિય કર્યા.

ઉપયોગિતા :

- મોડેલ્સ, રમત, નાટ્યીકરણ, ટીએલએમ, ચાર્ટ્સ, પ્રોજેક્ટ, ઓડીયો વિઝ્યુઅલ જેવી પદ્ધતિઓના ઉપયોગ દ્વારા બાળકોને ભાષાનો હાઉ દૂર થયો, કઠિનબિંદુઓ દૂર થયા અને ભાષા રસપ્રદ લાગવા લાગી.
- બાળકો દ્વારા જૂથ પ્રવુત્તિ થતા સામાજિકતાના પાસાના વિકાસને પણ અવકાશ મળ્યો.
- વિષયવસ્તુમાં અલગ અલગ પ્રયુક્તિઓમાં પ્રવૃત્તિ થવાથી કઠિન બિંદુઓને આત્મસાત કરી શક્યા પરિણામે તેમનામાં અંગ્રેજી ભાષા શીખવાની જિજ્ઞાસા જોવા મળી.
- બાળકોમાં અંગ્રેજી ભાષાના LSRW કૌશલ્ય વિકસાવવા ઉપરના જેવી તેમજ અન્ય અસરકારક પ્રયુક્તિઓથી શિક્ષણ કાર્ય રસપ્રદ બન્યું.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

નવતર પ્રયુક્તિની અસરકારકતા જાણવા માટે બાળકોનું એક મૌખિક મૂલ્યાંકન કરવામાં આવ્યું. જેમાં બાળકોને એમ પણ ન લાગે કે અમારી કસોટી લેવાઇ રહી છે અને આ નવતર પ્રવૃત્તિઓની અસરકારકતા પણ ચકાસાઈ જાય. બાળકોનું મૂલ્યાંકન જુદા જુદા શબ્દો વાક્યો તેમજ સંવાદો દ્વારા કરવામાં આવ્યું.

નવતર પ્રયોગનું પરિણામ :

- વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા પ્રત્યેની અરુચી દૂર થઇ.
- બાળકોના અંગ્રેજી ભાષાનું શબ્દભંડોળ સમૃદ્ધ થયું.
- રોજિંદા ઉપયોગમાં આવતા અંગ્રેજી શબ્દો અને વાક્યોને સમજતા થયા અને તેનો સંવાદમાં ઉપયોગ કરતા થયા.
- વ્યવહારિક રીતે ભાષાનો ઉપયોગ કરતા થયા.
- ભાષા પ્રત્યે વધુ આત્મવિશ્વાસ જોવા મળ્યો.
- ભાષાના શ્રવણ કથન વાંચન અને લેખન કૌશલ્ય સુદ્રઢ થયા.
- ઉપર્યુક્ત પ્રવૃત્તિઓથી અંગ્રેજી ભાષા શિક્ષણ રસપ્રદ બન્યું.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ

ઉપર્યુક્ત નવતર પ્રયોગ  હાલ ચાલુ જ છે અને તેનુ ખુબજ સારુ પરિણામ મળે છે. બાળકો હવે સામેથી કહે છે કે પ્રવૃત્તિ દ્વારા અમને શીખવો એ અમને વધુ રસપ્રદ લાગે છે અને  અમને સરળતાથી સમજાઇ પણ જાય છે.

# School Books of Records

ઇનોવેટરનું નામ : વિમલભાઇ પરસોતમભાઇ નકુમ
હોદ્દો : મદદનિશ શિક્ષક

શાળાનું નામ : ચારણનેશ પ્રાથમિક શાળા
તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9825323269
ઈમેલ આઇડી : Vimalnakum80@gmail.com

વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : વિશેષ કાર્યક્રમો

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : 15 ઓગષ્ટ – 2022

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ :**

- શાળાના બાળકો શાળાએ નિયમિત આવતા થાય
- બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિને ઓળખીને તેમને તે ક્ષેત્રમાં આગળ વધારવા પ્રોત્સાહિત કરવા.
- બાળકો વચ્ચે શાળામાં અને વર્ગમાં તંદુરસ્ત હરીફાઇ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે તત્પર કરવા.

**અમલીકરણ વ્યૂહ રચના :**

દરેક વ્યક્તિ એક બીજા કરતા શ્રેષ્ઠ દેખાવાનો હંમેશા પ્રયત્ન કરતા જ હોય છે. એ સિદ્ધાંત અનુસાર બાળકો પણ એક બીજાની સરખામણીમાં શ્રેષ્ઠ દેખાવાનો પ્રયત્ન કરતા જ હોય છે. તેથી મે બાળકોની આ ખાસિયતનો ઉપયોગ શાળામાં નિયમિતતા અને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે કર્યો. બાળકોની ખસિયતોની નોંધ School Book of Records માં રાખવા લાગ્યા. જેમ **Guinness Book of World Records**માં વ્યક્તિઓના રેકોર્ડની નોંધ રાખવામાં આવે છે અને તેમને પ્રમાણપત્ર અને ઇનામી રકમ આપી સન્માનિત કરવામાં આવે છે. તેવી રીતે મારી શાળામાં દરેક વર્ગના રેકોર્ડ અને શાળામાં થતા રેકોર્ડસની નોંધ રાખવાનું ચાલુ કરવામાં આવ્યું. મહિનાના અંતે આવા જુદા જુદા રેકોર્ડ રજૂ કરવા માટે બાળકોને તક આપવામાં આવે છે, અને વર્ગ કે શાળામાં જુદા જુદા રેકોર્ડ બનાવનાર ને પ્રમાણપત્ર આપી અને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. વર્ષના અંતે દરેક વિભાગમાં, વર્ગમાં અને શાળામાં રેકોર્ડ બનાવનાર વિદ્યાર્થીઓનું શાળા સ્થાપના દિનની ઉજવણી વખતે પ્રમાણપત્ર, શિલ્ડ અને ઇનામી રકમ આપીને સન્માનિત કરવામાં આવશે. બાળકોના આ રેકોર્ડની નોંધ કાયમ માટે શાળામાં સચવવામાં આવશે. અને એ રેકોર્ડ કોઇ તોડે તો તેમનું વિશેષ સન્માન કરવામાં આવે તેવું આયોજન પણ કરેલ છે.

**ઉપયોગિતા :**

આ પ્રયોગ શાળામાં કોઇપણ જાતનાં ખર્ચ વગર દરેક વર્ગમાં કરી શકાય છે. તેમજ આ પ્રયોગ માટે કોઇ પણ જાતનો અલગથી સમય પણ કાઢવો પડતો નથી. બાળકો જે કાર્ય કરે છે કે જે શીખી રહ્યું છે તેમાં તેને વધુ સારું કાર્ય કરવા માટે તત્પર અને પ્રોત્સાહિત કરી શકાય છે. બાળકોને તેની ક્ષમતા મુજબનું રજૂ કરવા કહેવું પડતું નથી. બાળકો પોતાની જાતે

તૈયારી કરતા થાય છે. બીજા કરતા વધુ સારો દેખાવ કરવા માટે પોતે સ્વ-અધ્યયન કરતો થાય છે. અને શાળામાં પોતાની ક્ષમતા અને આવડતને રજૂ કરે છે. પોતાની પાસે જે શક્તિ છે તેનો મહતમ ઉપયોગ કરતો થાય છે. શાળા પાસે પણ બાળકોની તમામ માહિતીની વિગતો તૈયાર થાય છે જે વિવિધ સ્પર્ધાઓ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ વિવિધ પ્રવુત્તિઓમાં પણ ઉપયોગી થાય છે. જે બાળકને ભવિષ્યમાં જે તે ક્ષેત્રમાં આગળ વધારવા કે વધવા ખૂબ ઉપયોગી થાય છે. તેમજ શાળામાં આવનાર બીજા બાળકોને પણ પ્રેરણા મળે છે. બીજા બાળકો રેકોર્ડ બનાવનાર બાળકની જેમ મહેનત કરી રેકોર્ડ તોડવા કે તેને પહોંચવા અથવા તેનાથી આગળ જવા પ્રયત્ન કરે છે. આ પ્રયોગથી બાળકો શાળામાં નિયમિત આવતા થાય અને મહત્તમ અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરતા થાય છે.

<u>નવતર પ્રયોગનું મૂલ્યાંકન :</u>

આ નવતર પ્ર્યઓગ દ્વારા શાળાની તમામ પ્રવૃતિઓમાં તંદુરસ્ત હરિફાઈનું નિર્માણ થયું છે. જે બાળકોના સર્વાંગી વિકાસ માટે ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે.

<u>નવતર પ્રયોગનું પરિણામ :</u>

આ નવતર પ્રયોગ કરવાને કારણે મારી શાળામાં બાળકોની નિયમિતતામાં ૩૦%નો વધારો જોવા મળ્યો છે. બાળકો ગૃહકાર્ય નિયમિત કરતા થયા છે. સંખ્યાજ્ઞાન, ઘડિયા, કવિતા-બાલગીત યાદ રાખવા, વધુ વાર્તાઓ કરવી, રમત-ગમતના કૌશલ્યોમાં વધારો થયો હોય તેમ જણય છે. શાળામાં યોજાતી સહઅભ્યસિક પ્રવૃત્તિઓમાં વધુ બાળકો ભાગ લેતા થયા છે. એકમ કસોટીઓમાં પણ બાળકોના પ્રદર્શનમાં ઉત્તરોત્તર સુધારો થયેલ જોવા મળે છે. દર અઠવાડિયે યોજાતી સ્વ-મૂલ્યાંકન કસોટી મોટાભાગના બાળકો આપતા થયા અને તેમા સાચા જવાબોની સંખ્યામાં વધારો થતો જોવા મળેલ છે. શળાના પુસ્તકાલયના પુસ્તકોના વાંચનની સંખ્યામાં વધારો થતો જોવા મળેલ છે. વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બાળકોનું રજિસ્ટ્રેશન વધુ થયેલ છે.

<u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :</u>

અમારી શાળાના સ્થાપના દિન એટલે કે તા. ૦૧/૦૭/૨૦૨૨ના રોજ આ નવતર પ્રયોગનો વિચાર આવ્યો અને તા.૧૫/૦૮/૨૦૦૨૨ના રોજ આ નવતર પ્રયોગ શરૂ કર્યો. ત્યારથી આ પ્રયોગ શાળામાં કાર્યરત છે.

# SOCIAL SCIENCE ACTIVITY CALENDER


ઇનોવેટરનું નામ : વાઘેલા વિપુલભાઇ અમૃતલાલ હોદ્દો : મુખ્ય શિક્ષક

શાળાનું નામ : શ્રી સુવરડા પ્રાથમિક શાળા તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9979959240 ઈમેલ : vipulvaghela1976@gmail.com

વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : જાન્યુઆરી-2022 થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ :**

- બાળકો સામાજિક વિજ્ઞાનમા રસ લેતા થાય.
- બાળકો પ્રાર્થનામા જે તે દિવસનુ મહત્વ જાણે.
- બાળકો ના સામાન્ય જ્ઞાનમા વધારો થાય.

**અમલીકરણ વ્યુહ રચના :**

પ્રાર્થનાહોલમા આ કેલેન્ડર બાળકો ઉપયોગ કરી શકે તે રીતે રાખવુ. દરેક બાળક પોતાના જન્મદિવસે આ કેલેન્ડરમા આપેલ પ્રવૃતિ જાણી તેના વિશે વકતવ્ય આપશે. પ્રાર્થનામા હાજર તમામ બાળકો દરેક દિવસનુ મહત્વ જાણશે. દર માસની ચિત્ર સાથે પ્રવૃતિ ફાઇલ બનાવેલ હોય જેથી બાળકોને માહિતી સરળતાથી ઉપલબ્ધ થશે.

**ઉપયોગિતા :**

આ કેલેન્ડર ના ઉપયોગથી બાળકોના સામાન્ય જ્ઞાનમાં વધારો થશે.શાળાની પ્રાર્થના રસસભર બનશે. આ કેલેન્ડરમા વર્ષ કે વાર આપેલા ના હોવાથી આગલા વર્ષોમા પણ આ કેલેન્ડર ઉપયોગી બની રહેશે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

ઐતહાસિક ઘટનાઓ તેમજ દરેક દિવસની ઉજવણી પાછળ નો ઇતિહાસ જાણશે.ચિત્ર ઉપરથી બાળક જે તે દિવસની ઉજવણી નો અંદાજ લગાવી શક્શે.બાળકની સર્જનાત્મક શક્તિનો વિકાસ થશે.સુલેખન ની પ્રવૃતિ થવાથી બાળકના અક્ષર સારા થશે,.દરેક બાળકે પોતાના જન્મદિવસે પ્રાર્થના મા વકત્વ્ય આપવાનુ હોવાથી સ્ટેજફીયર દૂર થશે.

**નવતર પ્રયોગનું પરિણામ :**

બાળકોને દરેક દિવસની ઉજવણી પાછળની ઘટનાઓની જાણ થાય.ઐતહાસિક ઘટનાઓની માહિતી કેલેન્ડરમાથી સરળતાથી મળી જાય છે.બાહ્યપરીક્ષામા ઉપયોગી સામાન્ય જ્ઞાનની માહિતી આ કેલેન્ડરમાથી ઉપલબ્ધ થઇ જાય છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

કેલેન્ડર દ્વારા બાળકો દિન વિશેષની રજૂઆત આકર્ષક રીતે કરી શકે છે.વિવિધ ઘટનાઓની માહિતી માસવાર બનવેલ ફાઇલમાથી ચિત્ર સાથે મળી જાય છે.

# અંગ્રેજી અખબાર


ઇનોવેટરનું નામ : હીરપરા અર્ચના બાવનજીભાઈ હોદ્દો : સી.આર.સી. કો-ઓર્ડિનેટર

શાળાનું નામ : સી.આર.સી.અલીયા તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : ૯૦૬૭૬૯૦૩૧૦ ઈમેલ : aparmar8586@gmail.com


વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : સહ અભ્યાસિક પ્રવૃત્તિ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : નવેમ્બર મહિના થી

## નવતર પ્રયોગની કાર્ય પદ્ધતિનું વર્ણન

<u>હેતુઓ :</u>

- બાળકોની અંગ્રેજી અખબાર જોવામાં રસ રૂચી જાગે.
- અંગ્રેજીનો હાવ ઓછો થાય અને અંગ્રેજી સરળ લાગે .
- સામન્ય જ્ઞાન માં વધારો થાય અને શબ્દ ભંડોળ વધે.

<u>અમલીકરણ વ્યુહ રચના</u>

વિજરખી પ્રાથમિક શાળાના ધો,૬ થી ૮ ના વિદ્યાર્થીઓને અંગ્રેજી અખબાર આપવામાં આવ્યા.અને વાંચવા કહ્યું. બાળકોને ખુબ જ અઘરું લાગ્યું. પછી તેમાંથી મોટા અક્ષરોએ લખેલા વાક્યોમાંથી બાળકોને પરિચિત શબ્દો કે તેમને પોતાના પુસ્તક જોયેલા કે સાંભળેલા હોય તેવા શબ્દો એકઠા કરી બાળકોના જુદા જુદા જૂથ બનાવી થોડાક બાળકોને શબ્દના અંતના અક્ષરથી શરુ થતા શબ્દ જોડવાની સ્પેલિંગ ગેમ પઝલ તૈયાર કરવા આપવામાં આવી. થોડા બાળકોને જાણીતા સ્પેલિંગના અર્થ ગુજરાતીમાં લખવા આપવામાં આવ્યા. અને થોડા બાળકોને તે શબ્દોમાંથી વાક્યો તૈયાર કરવા આપવામાં આવ્યા.

<u>ઉપયોગિતા</u>

બાળકો અંગ્રેજી અખબાર જોઇને જ મૂકી દેતા તેના બદલે તેનો ઉપયોગ કરી સ્પેલિંગ ગેમ રમી શકે છે. અને શબ્દના અર્થ લખી તેના સાચા સ્પેલિંગ પણ શીખી શકે છે. બાળકોનો હાવ દુર થયો છે. અને રમત રમતા રમતા અંગ્રેજી ખુબ સહેલી રીતે શીખે છે.

<u>નવતર પ્રયોગનું મૂલ્યાંકન :</u>

બાળકોને અંગ્રેજી અખબાર આપવામાં આવતા અને તેમાંથી શબ્દો કાપી તેમાંથી સ્પેલિંગ ગેમ રમવા આપી. તો બાળકો ખુબ સુંદર રીતે તે કરી શક્યા.ઉપરાંત શબ્દોના અર્થ લખી રજુ કરવામાં આવ્યા. અપરિચિત શબ્દોનો બાળકો એકબીજા પાસેથી પરિચય મેળવી અર્થ સભર શબ્દો ભેગા કરી શક્યા.

<u>નવતર પ્રયોગનું પરિણામ :</u>

- બાળકોમાં અંગ્રેજી ભાષા પ્રત્યે જીજ્ઞાસાવૃતિમાં વધારો થયો.

- અંગ્રેજીના અપરિચિત શબ્દો જે ક્યારેક જાણતા અજાણતા સાંભળેલા હોય કે ન હોય તો પણ તે નવા શબ્દોનો પરિચય મેળવી શક્યા.
- અંગ્રેજી જ્ઞાનમાં વૃધ્ધિ થઇ અને શબ્દ ભંડોળ વધ્યું.
- બાળકો શબ્દોના આધારે અમુક સમાચારો પણ સમજવા લાગ્યા.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

અંગ્રેજી અખબારનો ઉપયોગ અઠવાડિયામાં એકથી બે વખત પ્રાર્થનાસભામાં થાય છે. અને વર્ગમાં પણ થાય છે.

## મારા કેન્દ્રમાં મારા બાળકો

ઇનોવેટરનું નામ : પરમાર કલ્પેશભાઈ એમ.
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : શ્રી કન્યા વિદ્યાલય – 1 સિક્કા
તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : 9429801870
ઈમેલ : kalpeshparmar1990@gmail.com
વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત
નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત
નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : જુન 2022 થી

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- વિદ્યાર્થીઓ ની ગણિત વિજ્ઞાન વિષયમાં રૂચિ વધે.
- વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત વિચાર, મૌલિકતા અને રસ રુચિ વધે.
- વિદ્યાર્થીઓ વિષય ને લગતા બનાવેલ મોડેલ દ્વારા મૂલ્યાંકન કરી શકે.
- વિદ્યાર્થીઓ ગણિત વિજ્ઞાન વિષય સરળતાથી સમજી શકે અને રોજિંદા જીવનમાં ઉપયોગ કરી શકે.

અમલીકરણ વ્યુહ રચના :

- ગણિત વિષયમાં દરેક એકમ ને લગતા મોડેલ બનાવીને સરળતાથી સમજાવી શકાય જેમ કે, સંમિતિના મોડેલ, સ્થાન કિમંતના મોડેલ, આસ્સન મુલ્ય વગેરે,
- વિજ્ઞાન વિષયમાં બનાવેલ ચિત્ર કે મોડેલ દ્વારા બાળકોને સરળતાથી સમજાવી શકાય જેમ કે શ્વાસોશ્વાસની ક્રિયા, વનસ્પતિનાભાગો, જાસુદના પુષ્પનું મોડેલ, વિટામીનોની સમજ વગેરે
- વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન વિશે વિવિધ પ્રોજેક્ટ કરાવીને.

ઉપયોગિતા :

- વર્ગના તમામ વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન વિષય પ્રત્યેનો હાવ દૂર થાય છે
- વિદ્યાર્થીઓ રોજિંદા જીવનમાં ગણિત-વિજ્ઞાનનું મહત્વ સમજે છે.
- વિદ્યાર્થીઓને મુશ્કેલ લાગતા ગણિત-વિજ્ઞાનના વિષયને સરળતાથી સમજી શકે છે.

- વિદ્યાર્થીઓ ગણિત-વિજ્ઞાન વિષયને અનેક વિવિધ આકૃતિઓ અને મોડેલ દ્વારા સરળતાથી સમજી શકે છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

- વિદ્યાર્થીઓ ગણિત-વિજ્ઞાન વિષય પ્રત્યે રસ દાખવતા થયા અને ગણિત વિજ્ઞાન વિષયને લગતા પ્રોજેક્ટ કાર્ય અને અનેક વિવિધ મોડેલ બનાવવામાં રસ રુચિ વધી.
- વિદ્યાર્થીઓને દરરોજ પ્રાર્થના સભામાં ગણિત અને વિજ્ઞાનને લગતા પ્રોજેક્ટ કે મોડેલ દ્વારા પ્રશ્નોત્તરી કરવામાં આવી.
- વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન વિષયમાં રસ વધે તે માટે ગણિત-વિજ્ઞાન એકમ કસોટી માં પુરા ગુણ આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યું અને નબળા બાળકોને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

નવતર પ્રયોગનું પરિણામ :

- વિદ્યાર્થીઓ રમતા રમતા અને પ્રવૃત્તિ દ્વારા શીખતા થયા.
- વિદ્યાર્થીઓ સંકોચ રાખ્યા વિના પ્રશ્નોના જવાબ આપે છે.
- વિદ્યાર્થીઓ ગણિત-વિજ્ઞાન વિષયમાં ખૂબ જ રસ દાખવવા લાગ્યા.
- વિદ્યાર્થીઓ વિષયવસ્તુને લગતા મુદ્દાઓને સરળતા થી સમજી શકે છે.
- વિદ્યાર્થીઓ નિદર્શન પદ્ધતિ દ્વારા અનેક ગણિત-વિજ્ઞાનના મોડેલને સરળતાથી સમજે છે અને રોજિંદા જીવનમાં તેના ઉપયોગને સમજે છે.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

ગણિત-વિજ્ઞાન ને લગતા દરેક ઉપયોગી મોડેલ, ચિત્રો કે ચાર્ટ એ દરેક એકમ મુજબ બનાવીને બાળકોને ગણિત-વિજ્ઞાન વિષય સરળતાથી સમજી શકે તે માટે હજુ કાર્ય ચાલુ જ છે, આ નવતર પ્રયોગ શાળા કક્ષાએ ખૂબ જ ઉપયોગી છે અને અન્ય શાળામાં પણ આ મુજબ કાર્ય થાય તો વિદ્યાર્થીઓમાં ગણિત -વિજ્ઞાન વિષય પ્રત્યેનો હાવ દૂર કરી શકાય છે.

Clap your hands


ઇનોવેટરનું નામ : રાજેશકુમાર જી.બરોચિયા　　હોદ્દો : આચાર્ય

શાળાનું નામ : જાંબુડીવાડી પ્રાથમિક શાળા　　તાલુકો : જામજોધપુર

મોબાઈલ નંબર : 9714071412　　ઈમેલ : rajeshbarochia@gmail.com

વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગની કેટેગરી : ટેક્નોલોજીનો ઉપયોગ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : સપ્ટેમ્બર 2022 થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ :**

- ધો.1 અને 2 ના બાળકો કોઈ પણ જાતના ભારણ વિના અને સહજતાથી અંગ્રેજી શબ્દો સાંભળે અને બોલે.
- લોનવર્ડ્ઝ શબ્દોનો ખ્યાલ આવે છે.
- અંગ્રેજી શબ્દ ભંડોળ વધે.

**અમલીકરણ વ્યુહ રચના :**

ચાલુ વર્ષે ધોરણ 1 અને 2 માં અંગ્રેજીનું પ્રથમ પાઠ્યપુસ્તક આવ્યું. જેનો મુખ્ય હેતુ શ્રવણ અને કથન કૌશલ્યો શીખવવાનો છે. આ માટે મે ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા પાઠ્યપુસ્તકમાં આવતા Prayer, Story, Action Songs, Games અને Activitiesના આકર્ષક અને રંગબેરંગી 3D રમકડાં / ઈમેજીસ કાગળ/પુંઠામાંથી બનાવી અંગ્રેજી શીખવવાનું વિચાર્યું. જેથી બાળકો રસપૂર્વક શીખી શકે.

ઉપયોગિતા

- ☐ બાળકો સહજતાથી અંગ્રેજી શબ્દો બોલે છે.
- ☐ અંગ્રેજી શબ્દ અને ચિત્રને જોડે છે .
- ☐ વાતચીતમાં અંગ્રેજી શબ્દોનો ઉપયોગ કરે છે.
- ☐ શબ્દભંડોળમાં વધારો થયો છે.
- ☐ લોનવર્ડ્ઝ શબ્દોનો ખ્યાલ આવે છે .
- ☐ અંગ્રેજી અંકો અને મૂળાક્ષરોને ઓળખે છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

ત્રણ મહિના પછી એટલે કે ડિસેમ્બર 2022 ના પ્રથમ અઠવાડિયામાં કાગળ/પુંઠામાંથી બનાવેલાં રંગબેરંગી 3D રમકડાં / ઈમેજીસ બતાવીને અંગ્રેજી શબ્દો બોલવા સુચના આપી.

શિક્ષકે બોલેલા અંગ્રેજી શબ્દો વાળા વાક્યો બાળકો કેટલું સમજી શક્યા તે નોંધ્યું.

**નવતર પ્રયોગનું પરિણામ**

મૂલ્યાંકન કરતાં જણાયું કે બધા જ બાળકો શીખવાડેલા 10 શબ્દોમાંથી 4 શબ્દો બોલી શકે છે અને સમજી શકે છે. લોનવર્ડ્ઝ શબ્દોનો ખ્યાલ કેળવાયો. બાળકોને વિવિધ વસ્તુઓ બતાવી સૂચના આપવાથી 40 ટકા અંગ્રેજી શબ્દો બોલી / ઓળખી શક્યાં છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

શાળામાં આ નવતર પ્રયોગ હાલ ચાલુ જ છે.

# SWOT ANALYSIS FOR SCHOOL

ઇનોવેટરનું નામ : નિમાવત હેતલ આર
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : ક્રિષ્ના કુમાર શાળા
તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : ૯૪૦૮૧૬૧૦૯૯
ઈમેલ : crclakhabaval@gmail.com
વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : મુલ્યાંકન અને એનાલિસિસ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યકિતગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : નવેમ્બર ૨૦૨૨

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- સ્વોટ(SWOT) એનાલિસિસથી શાળાની આંતરીક તાકત જાણી શકી છીએ.
- સ્વોટ (SWOT) એનાલિસિસથી શાળા તેમની આગળની યોજનાઓ બનાવી શકે છે.
- સ્વોટ(SWOT) એનાલિસિસની મદદ થી શાળા તેનુ પરીણામ સુધારી શકે અને કાર્ય વિભાજન સરળ કરી શકે

અમલીકરણ વ્યુહ રચના :

SWOT એનાલિસિસ વિશે મે મારી સી.આર.સી.ની એક શાળાના આચાર્યશ્રીને માહીતીગાર કર્યા. ત્યારબાદ તેમને આ એનાલિસીસ વિશે સમજાવીને તે શાળાની S-Strength, W-Weakness, O-Opportunity અને T-Threat જાણીને હવે પછી તે મુજબ શાળા કક્ષાએ કામગીરી કરીને શાળા શિક્ષકો અને વિધાર્થીઓને કાર્યવિભાજન આપીને શાળા કક્ષાએ સુધારણા કરવાનુ કહ્યુ. આમ જે રીતે એક શાળાએ આ એનાલિસિસથી લાભ થયો તેમ બીજી શાળાઓ પણ આ રીતે કાર્ય કરી શકે. આ સાથે આ એનાલીસિસ થી આપણે વ્યકિગત અને સી.આર.સી. કક્ષા પણ એનાલિસિસ કરીને પરીણામો મેળવી શકી છીએ છેલ્લે મે મારી તે શાળા તથા બીજી શાળાઓને પણ આ ગુગલ ફોર્મમા આ વિશે માહીતી મેળવી

ઉપયોગિતા :

SWOT એનાલિસિસથી શાળાકક્ષાએ શાળા સિધ્ધી કે ગુણોત્સવ ૨.૦ જેવા વિવિધ કાર્યક્રમો મા પરીણામ લક્ષી સુધારણા લાવી શકી છીએ.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

શાળાકક્ષાએ આનુ મુલ્યાંકન વિવિધ કાર્યક્રમો જેવાકે ગુણોત્સવ કે બેઝલાઈન સર્વે કે બીજી શાળાઓ સાથે તુલનાત્મક અભ્યાસ કરી ને કરવામા આવ્યો તો આ સાથે ગુગલ ફોર્મ દ્વારા બીજી શાળાઓ નો અભ્યાસ કર્યો

નવતર પ્રયોગનું પરિણામ :

આ નવતર એનાલિસિસથી શાળા કક્ષાએ પરીણામ મળ્યુ કે શાળાને તેની Strength, Weakness, Opportunity and Threat ખબર પડી અને તે શાળાએ કઈ રીતે સુધારી શકે તે બાબતે જાગૃત થયા અને આવનાર

કાર્યક્રમો ના પરીણામો મા સુધારણા કરી શક્યા, જેમ કે ગુણોત્સવ મા ૦.૫૬ ગુણ વધ્યા તો FLN મા ૫ થી ૭ ટકા વધી શકાય

<u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :</u>

હાલ આ પ્રયોગ એક શાળા ચાલુ કરેલ પણ હવે પછી શાળાઓ મા વધારો કરી શકી. આ સાથે આ એનાલિસિસ વ્યકિગત અને વિધાર્થીઓ પર પણ કરી શકે.

## LEARNING MAKES YOU FEEL GOOD


ઇનોવેટરનું નામ : મયુરધ્વજસિંહ ગંભીરસિંહ જાડેજા હોદ્દો : સી.આર.સી.કો.ઓર્ડિનેટર

શાળાનું નામ : લાલપુર કન્યા શાળા તાલુકો : લાલપુર

મોબાઈલ નંબર : 9227891222 ઈમેલ :mayurdhvjsinhjadeja1986@gmail.com

વિભાગ : પ્રાથમિક

સહાયકનું નામ : : ચેતનકુમાર સામજીભાઇ સાણંદીયા, મદદનીશ શિક્ષક, શ્રી વલ્લભપુર પ્રાથમિક શાળા


નવતર પ્રયોગની કેટેગરી : સાંપ્રત વિષયો ( FLN,NEP .... ), વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામૂહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે 01/07/2022



### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

<u>હેતુઓ :</u>

- દરેક બાળક આનંદદાયક અને તણાવમુક્ત રીતે શીખે.
- પ્રત્યેક વિદ્યાર્થી મૂળભૂત સક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત કરે.
- બાળકો સંકળાયેલા શીખનારાં બને અને પોતાના તાત્કાલિક વાતાવરણ સાથે જોડાય છે.

<u>અમલીકરણ વ્યુહ રચના</u> :

- આ નવતર પ્રયોગમાં અલગ અલગ બોક્સમાં અલગ અલગ પ્રકારના શબ્દો જેવા કે માત્રા વગરના શબ્દો, જોડાક્ષર વાળા શબ્દો, શાળા અને વર્ગખંડ કે ઘર કે ગામને લગતા શબ્દો, સમાનર્થી – વિરૂધ્ધાર્થી શબ્દો, સ્થળ દર્શાવતા કે વાહનોના કે રંગ વગેરેના નામ અને સંખ્યા, આકારો, ખૂણા અને સપાટી વગેરેના ફોટોસ અને પેટર્ન, સરખામણી, તફાવત, વર્ગીકરણ અને ક્રમ વગેરે તથા વિવેચન કરી શકય તેવા મુદા અને તર્ક તથા સમસ્યાનું નિરાકરણ કરી શકાય તેવા, મૂળભૂત ગાણિતિક પ્રક્રિયા, પાત્રોના નામ, સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ અને યોગ વગેરે પ્રકારના કાર્ડસ કે પેપર કટિંગ મૂકવામાં આવે છે. આ તમામ બોક્સ પર અંદરની સામગ્રી મુજબ અધ્યયન નિષ્પતિ લખેલી હોય છે.

- વિદ્યાર્થી શિક્ષકની સુચના પ્રમાણે બોક્સમાંથી એક કાર્ડ કે સામગ્રી લે છે અને વાંચે છે બાકીના વિદ્યાર્થીઓ સાંભળે છે અને ત્યારબાદ વિદ્યાર્થી આ શબ્દ કે સામગ્રી પરથી વાક્ય બનાવે છે અથવા તો વર્ગખંડમાં ચર્ચા કરે છે કે લખે છે.
- આ ઉપરાંત અમુક બોક્સ શાળામાં જ અલગ અલગ જગ્યાએ જેમ કે અંગ્રેજી માટેના બોક્સ ઇંગ્લીશ કોર્નરમાં એવી રીતે રાખવામાં આવે છે અને વિદ્યાર્થી શિક્ષકની સુચના મુજબ એકલા કે જોડીમાં કે જૂથમાં અલગ અલગ પ્રવૃતિ કરી શકે છે.
- સૌ પ્રથમ વિદ્યાર્થી વાંચવા કે સમજવા પ્રયત્ન કરે છે અને જો વાંચી કે સમજી ન શકાય તો શિક્ષક કે સહપાઠી પાસેથી માર્ગદર્શન મેળવીને ફરી પ્રયાસ કરી શકે છે.

**ઉપયોગિતા :**

- આ નવતર પ્રયોગમાં બાળકોનું શિક્ષણ પ્રવૃતિઓવાળું, મૂળભૂત સિધ્ધાંતોના પાલનવાળું – પરિચિતથી અપરિચિત તરફ અને સરળથી જટિલ તરફ આગળ વધતું અને પૂર્વ આયોજિત છે અને રમકડા આધારિત હોય એવું પ્રયોગાત્મક પણ છે.
- બાળકોને અભિવ્યકિત અને ગ્રહણ કરી ભાષા કુશળતાના ઉપયોગની અને વિશ્લેષણ સંબંધિત કુશળતા વિકસવા અને તર્ક કરવા માટેની તકો સરળતાતી પૂરી પાડી શકાય છે. જેથી તેમની શકિત, રસ, રૂચિ, જરૂરિયાતો અને પસંદગી ઓળખી શકાય છે.
- આ નવતર પ્રયોગમાં પાયાની સાક્ષરતા, ભાષા શિક્ષણ અને સંખ્યાજ્ઞાનની પ્રવૃતિઓ અધ્યયનની નિષ્પતિઓ સાથે જોડાયેલી છે જે શિક્ષકોને દરેક ઘટક અને પેટા ઘટકોમાં બાળકોની એકંદર પ્રગતિ જોવામાં મદદ કરે છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

મૂલ્યાંકન શીટ પ્રમાણે બાળકોની પ્રગતિ જોઇ શકાય છે.......

**નવતર પ્રયોગનું પરિણામ :**

- વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે રસ અને રુચિ વધ્યા છે. જેથી દરેક બાળક પ્રારંભિક વાંચન, લેખન અને ગણિત તરફ પ્રોત્સાહિત થયા છે. અને મૂલ્યાંક્ન શીટ મૂજબ પ્રગતિ પણ જોઈ શકય છે.
- બાળક અર્થગ્રહણ સહિત વાંચન કરી શકે અને અભિવ્યક્તિ સહિત લખી શકે છે...
- શિક્ષકો દરેક બાળકની રસ અને રૂચિ તથા શીખવાના તફાવતો અને શીખવની મુશ્કેલીની ઓળખ કરી શક્યા હોય અને યોગ્ય મૂલ્યાંક્ન પણ સરળતાથી અને સારી રીતે કરી શક્યા હોય બાળકના બુદ્ધિ, ક્ષમતા, માનસિક પરિપક્વતા વગેરેના આધારે બીજી કોઇ પદ્ધતિ અપનાવીને પણ પાયાની સાક્ષરતા પ્રાપ્ત થાય તે માટેના પ્રયત્નો કરે છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

હાલમાં આ નવતર પ્રયોગ ચાલુ છે અને ભવિષ્યમાં મૂલ્યાંકનના આધારે જરૂરી સુધારા કે ફેરફાર સાથે ચાલુ રાખવામાં આવશે.

# ગુજરાતી જોડણી ધોરણ 6 થી 8

ઇનોવેટરનું નામ : કરંગીયા ધર્મેશકુમાર એમ
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : શ્રી નાની ખાવડી પ્રા શાળા
તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : 9428320950
ઈમેલ : dmpatelka10@gmail.com

વિભાગ : પ્રાથમિક
નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત
નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત



## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- ધોરણ 6 થી 8ના સર્વે વિદ્યાર્થીઓ જોડણી શીખે

અમલીકરણ વ્યુહ રચના :

- ધોરણ મુજબ બાળકોનાં ગ્રુપ પાડવા.
- વધુ જોડણી સાચી પડે તેને કાર્ડ આપવા.
- વધુ કાર્ડ મેળવનાર વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા.

ઉપયોગિતા

- વ્યવહારિક જીવનમાં ઉપયોગ.
- પરીક્ષામાં ઉપયોગી.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન:

- પરીક્ષા દ્વારા બોલ-ચાલની ભાષા દ્વારા

નવતર પ્રયોગનું પરિણામ :

- વિદ્યાર્થી સાચી જોડણી શીખતા થયા
- ગુજરાતી વિષયમાં વિદ્યાર્થીનો ઉત્સાહ જોવા મળ્યો.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલ આ નવતર પ્રવૃતિ શાળા કક્ષાએ ચાલુ છે.

# વૈદિક ગણિત આધારીત રમતો

ઇનોવેટરનું નામ : સાંગાણી રેશ્માબેન ગોકળભાઇ    હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી સમાણા તાલુકા શાળા    તાલુકો : જામજોધપુર

મોબાઈલ નંબર : 9979864417



વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : 07/07/2022

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- વિદ્યાર્થીઓ વૈદિક ગણિત ની રીત દ્વારા સરળ રીતે શીખી શકે.
- ગણિત વિષયના મોટી રકમના ગુણાકાર શૂન્ય મુક્યા વગર સરળ રીતે શીખે છે.
- દરેક વિદ્યાર્થીને ધ્યાનમાં રાખી આ પ્રક્રિયા સામુહિક રીતે કરાવી શકાય છે
- રમત દ્વારા શીખવેલ એકમ બાળક લાંબો સમય સુધી યાદ રાખી શકે છે.

અમલીકરણ વ્યુહ રચના :

ધોરણ છ થી આઠના બાળકો વૈદિક ગણિતની સરળ રીતે શીખી શકે તે માટે વર્ગખંડમાં શરૂઆતમાં જ કોઈ એક રીત કાપા પર શીખવવામાં આવે છે અને આખો દિવસ આ રમત કાપા પર રાખવામાં આવે છે. બાળક પોતાની જાતે અને સમય મળે ત્યારે આ રમત રમી શકે તેવી રીતે વર્ગખંડમાં જ શીખવવામાં આવે છે

ઉપયોગિતા :

સ્પર્ધાત્મક પરીક્ષામાં ઝડપથી ગણતરી કરતા શીખે છે. ધોરણ 6 થી 8 ના તમામ બાળકો આ રીત દ્વારા સરળ અને ઝડપથી ગણતરી કરી શકે છે. તેમના નાના ભાઈ બહેનને પણ આ રીત દ્વારા સરવાળા બાદબાકી ગુણાકાર ભાગાકાર શીખવી રમત રમી શકે છે. મારી શાળા ઉપરાંત અન્ય ખાનગી શાળામાં જતા બાળકોને પણ શીખવે છે ,જેથી તેનું વારંવાર પુનરાવર્તન થવાથી તે લાંબો સમય સુધી યાદ રાખી શકે છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

નવતર પ્રયોગ કર્યા બાદ દરેક બાળકો ઝડપી અને સરળતાથી ભૂલ વગર ગણતરી કરતા થયા. FLN અંતર્ગત પણ કૌશલ્યમાં પરિવર્તન જોવા મળ્યું દરેક બાળકને સમાન તક આપવામાં આવી જેથી તેઓ સ્વતંત્ર રીતે એકબીજાને શીખવતા થયા.

નવતર પ્રયોગનું પરિણામ :

ધોરણ છ થી આઠ ના કુલ 74 બાળકોમાંથી 25 બાળકોને ગુણાકાર કરવામાં તકલીફ પડતી હતી. નવતર પ્રયોગ કર્યા પછી 22 બાળકો ખૂબ જ સરસ રીતે ભૂલ વગર ગુણાકાર કરી શકે છે.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

અત્યારે મારી શાળામાં વૈદિક ગણિત આધારિત નવી નવી રીતો દ્વારા બાળકો દાખલા ગણે છે અને એકબીજા પાસેથી નવી રીતો શીખે છે. આ પ્રયોગ દ્વારા ગણનમાં નબળા બાળકોને ઘણો લાભ થયો છે.

# વિષયવસ્તુ આધારિત જાદુઇ છડી

ઇનોવેટરનું નામ : તેરૈયા પ્રજ્ઞાબેન મનવંતરાય હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી ક્રિશ્ના કન્યા તાલુકા શાળા, સિક્કા તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9327598668



વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે? : 12:08:2022

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- વિદ્યાર્થીઓ ભારત દેશની વિવિધતા સરળતાથી જાણે.
- વિદ્યાર્થી રાજ્ય, રાજધાની, પોશાક, ખાનપાન, જિલ્લાઓ વિષે સરળતાથી શીખે.
- વિદ્યાર્થીઓ સ્વસ્તિકમાંથી ભારત દેશનો નક્શો દોરી શકે.

અમલીકરણ વ્યુહ રચના :

સૌ પ્રથમ કસોટી દ્વારાં જાણકારી મેળવી. બાળકોને દરેક રાજ્યનાં પહેરવેશ પહેરાવી દરેક બાળકને એક રાજ્યનું નામ આપ્યુ. તેઓ એ હું એક રાજ્ય છું. તેની બોલી, ભાષા, રાજધાની, જિલ્લા, વિશેષતાનું વર્ણન કર્યું. પોતાના રાજ્યનું લોકનૃત્યનું વર્ણન કર્યું. વેસ્ટમાંથી બેસ્ટ ટી.એલ.એમ. બનાવ્યાં.

ઉપયોગિતા :

શાળામાં ધોરણ 5 થી 8 માં સા.વિ., સર્વાંગી શિક્ષણ, પર્યાવરણમાં મુખ્યત્વે ભારત દેશનો નક્શો, રાજ્યોના નામ, રાજધાની ઉપર મુજબ જે જાણકારી આવે છે તે રમતા રમતા શીખે અને યાદ રાખે છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

દરેક બાળક જે 6 થી 8 માં અભ્યાસ કરે છે, તેની સમયાંતરે કસોટી લેવામા આવે છે. ક્લાસમાં ચોકથી નક્શો દોરી બાળકોને પૂછતા કે તારે ક્યા રાજ્યમા જવુ છે? બાળક તે રાજ્યની ઓળખ નકશામાં કરશે.

નવતર પ્રયોગનું પરિણામ :

આજે વિદ્યાર્થીઓ સરળતાથી સ્વસ્તિકમાંથી ભારત દેશ નો નક્શો દોરી શકે છે. તેના રાજ્ય, રાજધાની, પહેરવેશ, વિશેષતા, લોક નૃત્ય વિષે જાણે છે.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

વિદ્યાર્થીઓના જુદા જુદા રાજ્યોના પહેરવેશ જોઇ અન્ય બાળકો તેના પ્રત્યે આકર્ષાય.ટી.એલ.એમ, ક્લાસમાં દોરેલ નક્શો, વિડીયો જોઇ અન્ય બાળકો પણ સરળતાથી શીખે છે.

## અંગ્રેજી ભાષાની પ્રજ્ઞાવર્ગમાં પા પા પગલી


ઇનોવેટરનું નામ : ભટ્ટ કવિતાબેન લલિતભાઈ    હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી કન્યા વિદ્યાલય-૧સિક્કા    તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 8905877779    ઈમેલ : kavitashukla20887@gmail.com


નવતર પ્રયોગની કેટેગરી : વિષય વસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : સપ્ટેમ્બર 2022 થી



### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- અંગ્રેજી ભાષામાં શ્રવણ કથન કૌશલ્યનો વિકાસ થાય.
- બાળક અંગ્રેજી શબ્દો બોલતું થાય.
- અંગ્રેજી ભાષાનું શબ્દભંડોળ વિકસે.
- મુખ્ય હેતુ LANGUAGE ACQUISITION પર છે. સાંભળતા સાંભળતા સમજવા માંડે અને પછી બોલવા માંડે.

અમલીકરણ વ્યુહરચના :

- ભાષાશિક્ષણના મુખ્ય ચાર કૌશલ્ય છે. શ્રવણ, કથન, વાંચન, લેખન માંથી અંગ્રેજી ભાષા પ્રજ્ઞાવર્ગમાં માત્ર શ્રવણ – ક્થનનો મહાવરો જ કરાવવાનો છે. તેના કારણો વિધાર્થીઓ પર કોઈ ભારણ આવતું નથી,
- PRAYER, STORY, ACTION SONG, GAMES ANE ACTIVITIES દ્વારા વિધાર્થીઓને અંગ્રેજી વિષયની પાયાની સમાજ આપવામાં આવે છે.
- ACTION SONG ગાઈને અથવા સ્પીકરમાં સંભળાવી અભિનય કરાવવામાં આવે છે.
- MAGIC WORDS ના કાર્ડ બનાવી એ રમત દ્વારા શીખવવામાં આવે છે.
- કેપિટલ – સ્મોલ મુળાક્ષરો સાથે હોઈ તે રીતે ચિત્રો સાથે સમજાવવામાં આવે છે.

ઉપયોગિતા :

- બાળકોના શ્રવણ – કથન કૌશલ્યનો વિકાસ થાય છે.
- બાળકો રોજીંદા જીવનમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કરતા થાય છે.
- અંગ્રેજી ભાષાને વધુ જાણવા ઉત્સુક થાય છે.
- એમની આસપાસની વસ્તુઓ, સબંધો, લાગણી ને અંગ્રેજીમાં કઈ રીતે બોલાય તેના વિશે અવલોકન કરતા થશે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

- અંગ્રેજી વિષય સંબંધિત નાની નાની પ્રવૃતિઓ દ્વારા બાળકો અંગ્રેજીના બિલકુલ સરળ શબ્દો અને મૂળાક્ષરો ઓળખતા થયા છે. જે પ્રયોગની અસરકારકતા દર્શાવે છે.

નવતર પ્રયોગનું પરિણામ :

- વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષા પ્રત્યે પ્રત્યેની રુચિ વધે છે.
- વિદ્યાર્થીઓ પોતાના ઘર, શેરી, શાળામાં દરેક જગ્યાએ અંગ્રેજી શબ્દો બોલતા થઇ ગયા.
- ACTION SONG જાતે ગાઈને અભિનય પણ કરી શકે છે.
- રમતો રમતા-રમતા અંગ્રેજીમાં શબ્દો બોલતા થઇ ગયા .
- MAGIC WORDS જેમકે, SORRY, THANK YOU, EXCUSE ME, GOOD MORNING, GOOD NIGHT વગેરેનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરતા થઈ ગયા.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

ઇનોવેશનના અપેક્ષિત પરિણામો મળી રહ્યા હોવાથી હાલ પણ આ પ્રવૃતિ નિયમિત રીતે કરાવવામાં આવે છે. ધીમે ધીમે શબ્દોનું પ્રમાણ વધારવામાં આવી રહ્યું છે.

## રમતગમતની પ્રવૃત્તિ દ્વારા વિધાર્થીઓને પૌષ્ટિક ખોરાક તરફ વાળવા


ઇનોવેટરનું નામ : ચનીયારા મનીષ અમૃતલાલ    હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી મેલાણ પ્રા. શાળા    તાલુકો : જામજોધપુર

મોબાઈલ નંબર : ૯૮૭૯૧૨૮૧૨૬    ઈમેલ : chaniaramanish81@gmail.com

વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગની કેટેગરી : સ્વાસ્થ્ય અને પોષણ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યકિતગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : એક વર્ષ થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ :**

- રમત ગમત દ્વારા પૌષ્ટિક ખોરાક મેળવે
- સ્વાસ્થ્ય જાળવે
- રમતગમતમાં આગળ વધે

**અમલીકરણ વ્યુહ રચના :**

શ્રી મનીષભાઈ એ. ચનિયારા, વર્ષ-૨૦૧૩ થી ગણિત - વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવી રહયા છે. શરૂઆતમાં શાળામાં વિધાર્થીઓ રમત-ગમત સ્પર્ધામાં ઓછા રસ-રૂચિ દાખવતા હતા. તેમજ શારિરીક દ્રષ્ટીએ પણ રમત-ગમતમાં ભાગ લઈ શકે તે માટેની શારિરીક ક્ષમતા ઓછી જોવા મળતી હતી. રીશેષ દરમ્યાન વિધાર્થીઓ નાસ્તામાં બજારની વસ્તુઓ કે જે, પૌષ્ટિક ન હતી તેવી વસ્તુઓ જેમ કે, વેફર્સ, ભુંગળા વગેરે ખાતા હતા. તેમને પૌષ્ટિક આહાર લેવા માટે સુચનો કર્યા છતા ફેરફાર જોવા મળ્યો ન હતો. બાળકોને પૌષ્ટિક આહાર તરફ વાળવા તેને રમત-ગમતની પ્રવૃતિ સાથે જોડવામાં આવ્યા. રમત-ગમત માટે શારિરીક ક્ષમતા હોવી જરૂરી છે. તેનું મહત્વ સફળ રમતવિરો દ્વારા લેવાતા પૌષ્ટિક આહાર વિશે તેમજ રમતવિરો કઈ રીતે પોતાના શરીરની સ્ટેમીના જાળવી રાખે છે. તે વિશે માહીતી આપવામાં આવી. તેમજ શિક્ષકશ્રીએ પોતે કરેલી રમત-ગમતની પ્રવૃતિ વિશે માહીતી આપી. વિદ્યાર્થીઓ રમત-ગમતમાં ભાગ લેતા થાય અને તે માટે પોતાનું શરીર તંદુરસ્ત બનાવવા પ્રેરાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યુ.

**ઉપયોગિતા :**

શાળાના વિધાર્થીઓ રમત-ગમતની પ્રવૃતિઓ માટે શારિરીક ક્ષમતા વધારવા પૌષ્ટિક આહાર જરૂરી હોય છે તેવુ સમજે અને પ્રોટિન તથા કેલ્શીયમ યુકત આહાર લેતા થાય જેથી તેમનો શારિરીક અને માનસીક વિકાસ ઝડપી અને સારો બનાવી શકાય

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

બાળકો રમત-ગમતમાં ભાગ લેતા થયા અને રમત-ગમત માટે પોતાની શારિરીક ક્ષમતા વધારવા કેલ્શીયમ અને પ્રોટિન યુકત આહાર લેતા થયા.

**નવતર પ્રયોગનું પરિણામ :**

આ નવતર પ્રયોગ દ્વારા રમત-ગમતમાં આગળ વધેલા વિદ્યાર્થીઓમાંથી પ્રોત્સાહન મેળવી અન્ય વિધાર્થીઓ પણ મોટી સંખ્યામાં રમત-ગમતમાં ભાગ લેતા થયા છે. અને લંચબોક્ષમાં પણ કેલ્શીયમ, પ્રોટિન તથા વિટામીન યુકત નાસ્તો લાવતા થયા.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ**

હાલમાં આ નવતર પ્રયોગ ચાલુ જ છે.શરૂઆતમાં વેફર્સ ખાતા વિધાર્થીઓ પ્રોટિન યુકત આહારનું મહત્વ સમજી અને નિયમિત પ્રેકટીસ દ્વારા રીસેષના સમયે રમત ગમતમાં ભાગ લઈ ખેલ મહાકુંભમાં હજી આગળ રાજય કક્ષા સુધી ભાગ લે તે માટે પુરતુ પ્રોત્સાહન તથા માર્ગદર્શન આપવામાં આવે છે.

# Gamify Maths: Balancing the equation


ઇનોવેટરનું નામ : દીપા મહેતા
હોદ્દો : મુખ્ય શિક્ષક
શાળાનું નામ : શાળા નં-19, જામનગર
તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : 8320578215
ઈમેલ : Shalano19shiv@gmail.com
વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગની કેટેગરી : સાંપ્રત વિષયો ( FLN, NEP .... )

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : શરૂઆત July 21

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

### હેતુઓ :

- ગાણિતિક વિચારોને વધુ આનંદદાયક અને આકર્ષક બનાવવા
- કોડિંગ માટે analytical thinking માટે પ્રેરિત કરવા

### અમલીકરણ વ્યુહ રચના

સમીકરણને ઉકેલવા માટે બ્લોક્સનો ઉપયોગ કરી મૂર્ત સંકલ્પના ને સ્ટેપ બાય સ્ટેપ અમૂર્ત સંકલ્પનામાં ફેરવતા જવું

### ઉપયોગિતા :

- Visualisations અને representation કરતાં શીખે
- અમૂર્ત સંકલ્પનાને મૂર્ત સંકલ્પના સાથે connections કરશે

### નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

- ગણિતની અમૂર્ત કલ્પનાનો હાઉ દૂર થશે
- આનંદદાયી શિક્ષણ સાથે કોડીંગની ભાષા સમજશે

### નવતર પ્રયોગનું પરિણામ :

- ગણિતની અમૂર્ત કલ્પનાનો હાઉ દૂર થશે
- આનંદદાયી શિક્ષણ સાથે કોડીંગની ભાષા સમજશે

### નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ

હાલમાં કાર્યરત છે.

# ગણિત બારી

ઇનોવેટરનું નામ : ચોટલીયા કલ્પેશભાઈ લલીતભાઈ
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : શ્રી નાગપુર પ્રાથમિક શાળા
તાલુકો : કાલાવડ
મોબાઈલ નંબર : 9328293154
ઈમેલ : kalpeshchotalia9@gmail.com

વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત, મૂલ્યાંકન

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે? : જુન ૨૦૨૨ થી નવેમ્બર ૨૦૨૨

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- ધોરણ ૬માં પ્રવેશતા વિદ્યાર્થીઓના પાયાનું ગણિત શીખી શકે.
- સંખ્યાજ્ઞાન, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, લ.સા.અ., ગુ.સા.અ. રમતા રમતા શીખે.
- દશાંશ અપૂર્ણાંકના દાખલાઓ રમતા રમતા શીખે.

અમલીકરણ વ્યુહ રચના :

જયારે વિદ્યાર્થીઓ ધોરણ ૫ માંથી ધોરણ ૬માં પ્રવેશે છે ત્યારે હું 'પાયાના ગણિત અને ગુજરાતી લેખન'ની ટેસ્ટ લઉં છું. જેમાં ૬૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓને પાયાનું ગણિત એટલે કે સંખ્યાજ્ઞાન, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, પાળા (ઘડિયા) તેમજ દશાંશ અપૂર્ણાંકના દાખલાઓમાં કચાશ અનુભવે છે. આ માટે મારા દ્વારા જુદા-જુદા શૈક્ષણિક પ્રયોગના આધારે એ ખ્યાલ આવ્યો કે જો વિદ્યાર્થીઓને રમતા-રમતા શીખવવામાં આવે તો તે ઝડપથી શીખે છે. તેથી મારા દ્વારા બનાવવામાં આવેલ 'ગણિત બારી' વિદ્યાર્થીઓ રમતા-રમતા સારી રીતે પાયાનું ગણિત શીખી શકયા છે. આ માટે મેં જાતે જ પ્લાયવુડમાં જરૂરીયાત મુજબ કાણા પાડી અને તેના માટેની કુકરી બનાવી છે. જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ અત્યારે જાતે કરે છે.

ઉપયોગિતા :

- વિદ્યાર્થીઓ શાળા સમય પહેલા, રીશેષમાં તેમજ ફ્રી તાસમાં 'ગણિત બારી'નો ઉપયોગ કરીને પાયાનું ગણિત શીખે છે.
- ગણિત બારીમાં વિદ્યાર્થીઓ જ અન્ય વિદ્યાર્થીઓને રમતા-રમતા શીખવે છે. (શિક્ષક ફકત માર્ગદર્શક તરીકે કામ કરે છે.
- ગણિત બારીમાં વિદ્યાર્થીઓ જુથમાં બેસી, રમતા-રમતા દાખલાઓની પ્રેક્ટિસ કરીને પુનરાવર્તન કરે છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

- ગણિત બારી લઈને શિક્ષક વિદ્યાર્થીઓ પાસે દાખલા ગણાવીને મૂલ્યાંકન કરે છે.
- ગણિત બારીમાં વિદ્યાર્થીઓની કચાશ દૂર થઈ જાય તેવા વિદ્યાર્થીઓની સમયાંતરે કમ્પ્યુટરમાં સોફટવેર દ્વારા પરીક્ષા લેવામાં આવે છે.

- દરરોજ ગૃહકાર્યમાં દાખલાઓ આપીને ચકાસણી કરવામાં આવે છે.

<u>નવતર પ્રયોગનું પરિણામ :</u>

- જે વિદ્યાર્થીઓ શાળાએ દરરોજ આવે છે તેઓને સંખ્યાજ્ઞાન, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, લ.સા.અ., ગુ.સા.અ., દશાંશ અપૂર્ણાકના દાખલાઓ ગણતા આવડી ગયા છે. (૮૦ ટકા)
- જે વિદ્યાર્થીઓ અનિયમિત છે તેઓને સરવાળા, બાદબાકી, ગુણાકારના દાખલાઓ ગણતા આવડી ગયા છે. (૧૨ ટકા)
- જે વિદ્યાર્થીઓ વધુ અનિયમિત છે તેઓને ફકત સરવાળા જ આવડી ગયા છે. (૮ ટકા)
- 'ગણિત બારી'ના ઉપયોગથી મુખ્ય ફાયદો એ થયો કે જયારે શિક્ષક વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકના દાખલાઓ શીખવે છે કે જાતે દાખલા ગણવા આપે છે ત્યારે તેઓ ઝડપથી પાયાના ગણિતની ગણતરી કરી શકે છે.

<u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :</u>

- વિદ્યાર્થીઓ શાળા સમય પહેલા, રીશેષમાં તેમજ ફ્રી તાસના સમયમાં 'ગણિત બારી'નો ઉપયોગ કરે છે.
- ગણિત બારીના ઉપયોગથી મુખ્ય ફાયદો એ થયો કે જયારે શિક્ષક વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકના દાખલાઓ શીખવે છે કે જાતે દાખલા ગણવા આપે છે ત્યારે તેઓ ઝડપથી પાયાના ગણિતની ગણતરી કરી શકે છે.

## સ્વચ્છતાથી સ્વાસ્થ્ય સુધી


ઇનોવેટરનું નામ : ડો.ભાવેશ વિનાયકભાઈ વ્યાસ    હોદ્દો : સી.આર.સી. કો-ઓર્ડિનેટર

શાળાનું નામ : ઢીંચડા વાડી પ્રાથમિક શાળા    તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9879363488    ઈમેલ : vbhaves8@gmail.com


વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : સ્વાસ્થ્ય અને પોષણ

29નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : 29/08/2022

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

<u>હેતુઓ :</u>

- વિદ્યાર્થીઓ સ્વચ્છતા પ્રત્યે જાગૃત થાય .
- વિદ્યાર્થીઓ પોતાના આરોગ્ય પ્રત્યેની સભાનતા કેળવે .
- વિદ્યાર્થીઓ ઉત્તમ સ્વસ્થ્ય કેળવે .

<u>અમલીકરણ વ્યૂહ રચના</u>

સૌપ્રથમ વિદ્યાર્થીઓને સ્વચ્છતા આરોગ્ય અને સ્વાસ્થ્ય બાબતે માહિતગાર કર્યા વિદ્યાર્થીઓને ઘરે હાથ ધોવા શરીર સાફ રાખવું સ્વચ્છ કપડાં પહેરવા વગેરે જેવી સૂચનાઓ આપવામાં આવી વિદ્યાર્થીઓ શાળાએ પ્રવેશે ત્યારે તેમની દરેક સ્વચ્છતાની બાબતોનું નિરીક્ષણ કરવામાં આવ્યું તે માટે અલગ કમિટી બનાવવામાં આવી.

ઉપયોગિતા :

સ્વચ્છતાનું મહત્વ રાષ્ટ્રકક્ષાએથી લઈ અને વ્યક્તિગત ધોરણ સુધી અતિ મહત્વનું છે સાથે સાથે સ્વાસ્થ્ય એ સ્વચ્છતાથી જ જોડાયેલી બાબત છે વિદ્યાર્થીઓ સ્વચ્છ હશે તો સ્વાસ્થ્ય કેળવશે માટે શાળાના દરેક વિદ્યાર્થીઓ માટે સ્વચ્છતા અને સ્વાસ્થ્ય બંને ઉપયોગી છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

વિદ્યાર્થીઓનું દરરોજ સ્વાસ્થ્ય બાબતેનું મૂલ્યાંકન ચકાસણી દ્વારા કરવામાં આવતું હતું વાળ નખ શરીર કપડા વગેરે સ્વચ્છ છે કે નહીં એ બાબતે અલગ કમિટી બનાવીને તેનું મૂલ્યાંકન કરવામાં આવતું હતું.

નવતર પ્રયોગનું પરિણામ :

આ પ્રકારના એક નવાજ આરોગ્ય ને લગતા નવતર પ્રયોગનું પરિણામ એ આવ્યું કે શરૂઆતમાં વિદ્યાર્થીઓને થોડી આળસ થતી સ્વચ્છતા પ્રત્યે એટલા સભાન નહોતા પરંતુ જેવી રીતે તેમને આરોગ્ય સંદર્ભેનું માર્ગદર્શન મળતું ગયું તે પ્રમાણે વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યેની જાગૃતતા કેળવણી અને ૮૦ ટકા ઉપરાંત વિદ્યાર્થીઓ સ્વચ્છતા પ્રત્યે સભાન બન્યા અને તેના કારણે વિદ્યાર્થીઓમાં માંદા પડવાનું કે બીમાર પડવાનું સ્તર ઘટ્યું.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

દરેક બાળકો પોતાની સ્વચ્છતા પ્રત્યે સભાન બન્યા અને તેઓ અન્યને સ્વચ્છતા અને સ્વાસ્થ્યની ચર્ચા કરતા થયા છે બીજાને પ્રેરણા રૂપ બન્યા છે. આવનારા સમયમાં સંપૂર્ણપણે વિદ્યાર્થીઓ સ્વચ્છતાથી અને આરોગ્યથી સજાગ હશે.

## વાર્તાથી વાંચન તરફ

ઇનોવેટરનું નામ : લીંબડ પ્રજ્ઞાબેન બી. હોદ્દો : બી.આર.સી. કો-ઓર્ડિનેટર

શાળાનું નામ : બી,આર.સી. ભવન-જામનગર તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9879742997 ઈમેલ : Pragnalimbad247@gmail.com

વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : સહાભ્યાસીક પ્રવૃતિઓ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામુહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : ઓકટો – ૨૦૨૨

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- અર્થગ્રહણ / સમજપૂર્વક વાંચતા શીખે
- નૈતિક મુલ્યો વિકસે

- કલ્પના શક્તિ વિકસે
- શબ્દ ભંડોળ વિકસે

<u>અમલીકરણ વ્યુહ રચના</u>

વર્ષ -૨૦૨૨ વાર્તા વર્ષ તરીકે ઉજવાય રહ્યું છે ત્યારે મારા ઇનોવેશનની વ્યૂહ રચના આ મુજબ છે.બાળકોને વર્તમાન પત્રમાં આવતી વાર્તાના કટીગ એકત્ર કરવા કહેવું. પછી વાચવા કહેવું અને ત્યારબાદ વર્ગમાં એક બીજાનું એકત્રીકરણ અદલ-બદલ કરી વાંચવા કહેવું. ત્યારબાદ હું એક વાર્તા કહું અને તેઓએ એકત્ર કરેલ વાર્તા હાવભાવ સાથે કઈ રીતે વંચાય એ અંગે જરુરી માર્ગદર્શન પૂરૂં પાડવું. આ ઉપરાંત હિતોપદેશ, પંચતંત્ર, અકબર-બીરબલ, ગીજુભાઈ બધેકાની બાળવાર્તાની ચોપડીઓ બાળકો પાસે જઈ શક્ય હોઈ ત્યાં સુધી ફિંગર પપેટ દ્વારા રજુ કરૂં છું. તથા બાળકો દ્વારા પણ એ રીતે રજુ કરાવું, જેથી વાતાવરણ રસપ્રદ બને છે.

<u>ઉપયોગિતા :</u>

બાળકો સમજપૂર્વક વાંચન કરતા થાય. વિરામચિહ્નો સમજી યોગ્ય હાવભાવ સાથે ભાવવાહી વાંચન કરે. સારો વક્તા બનવા ઉપયોગી છે. નાનપણ થી જ સ્ટેજ પર બોલતો થાય,વિશાલ શબ્દ ભંડોળ હોવાથી પોતાના કલ્પનાને રજુ કરવા સક્ષમ બની શકશે.

<u>નવતર પ્રયોગનું મૂલ્યાંકન :</u>

વાર્તા કથન અને વાર્તાલેખન સ્પર્ધા આયોજન દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે.

<u>નવતર પ્રયોગનું પરિણામ :</u>

- બાળકો વર્તમાનપત્રની પૂર્તિ તથા અન્ય પુસ્તકોમાં વાર્તાઓના કટિંગસ રસપૂર્વક એકત્ર કરે છે.
- હાવભાવ પૂર્વક તથા અર્થસભર વાચતા થયા છે.
- સ્ટેજફીયર દુર થતો જોવા મળ્યો.
- શબ્દ ભંડોળમાં વધારો થયો.
- કલ્પના કરી પોતાની રીતે સામાન્ય વાક્યો બનાવતા શીક્યો.

<u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ</u> :

હાલમાં ૫ શાળામાં કાર્યરત

## ગણિત વિજ્ઞાન ગીત સંગ્રહ

ઇનોવેટરનું નામ : ધમસાણિયા રમેશચંદ્ર શિવલાલ    હોદ્દો : મદદનીશ શિક્ષક .

શાળાનું નામ : શ્રી નેસડા પ્રાથમિક શાળા    તાલુકો : જોડિયા

મોબાઈલ નંબર : 9909036490    ઈમેલ આઇડી : dhamsaniar@yahoo.com

વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી    વિષયવસ્તુ આધારિત પેડાગોજી

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત? : સામૂહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે    એપ્રિલ 2020 થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- ગીત અને સંગીતના માધ્યમ થકી બાળકોને આનંદદાયી શિક્ષણ
- કલા આધારિત અધ્યયન અભિગમ
- વિષયવસ્તુના કઠિન બિંદુનું સરલીકરણ

અમલીકરણ વ્યુહ રચના :

શિક્ષકશ્રી દ્વારા આ ઇનોવેશનની શરૂઆત કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે લોકડાઉન દરમિયાન એપ્રિલ 2020 માં કરવામાં આવી હતી. જેમાં તેમણે તેની શાળાના સામાજિક વિજ્ઞાનના શિક્ષકશ્રી ભેંસદડીયા યોગેશ એચ. તથા શાળાના ભુતપૂર્વ શિક્ષિકાબેનશ્રી ખાંટ કપિલાબેન આર. કે જેઓ સંગીતપ્રેમી તેમજ સારા ગાયક પણ હોય આ ઇનોવેશનમાં તેમનો સહકાર લઇ સયુંકત રીતે આ ઇનોવેશન હાથ ધર્યું. આ ઇનોવેશન કરવામાં શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ પનારા તેમજ અન્ય શિક્ષક મિત્રોનો સહકાર સાંપડ્યો છે. જેમાં ઇન્ટરનેટ તથા સોશિયલ મીડિયાના ઉપયોગ કરી ધો. 6 થી 8 ના ગણિત વિજ્ઞાન વિષયના એકમોને અનુરૂપ ગીતનો સંગ્રહ કરવામાં આવ્યો. અને બીજા ઘણા ગીત જાતે બનાવવામાં આવ્યા. આ ગીતોને કપિલાબેનનો સ્વર સાંપડ્યો. આ ગીતોનો સંગ્રહ pdf સ્વરૂપે તેમજ ગીતોની ક્લિપ બનાવી લોકડાઉન દરમિયાન બાળકોને પોતાની ઘેર ઉપયોગ કરવા માટે WhatsApp ના માધ્યમથી આપીને તેમણે આનંદદાયી શિક્ષણ આપવાના સાનિષ્ઠ પ્રયાસો કરવામાં આવેલ છે. આ ઉપરાંત શાળા શરૂ થયા બાદ વર્ગખંડ શિક્ષણમાં અને ફ્રી તાસ કે રિશેષના સમય દરમિયાન બાળકોને આ ગીતોની પ્રેકટીશ કરાવવામાં આવી. હાલ વર્ગખંડના મોટાભાગના બાળકો આ ગીતો જાતે ગાઈ શકે છે અને ગીતોના અધ્યયન થકી એકમની સંકલ્પના સમજતા થયા છે.

ઉપયોગિતા :

- ધો 6 થી 8 ના બાળકો માટે ગણિત વિજ્ઞાનના આનંદદાયી ગીતો દ્વારા અધ્યયન કાર્ય
- સરળતા થી હેરફેર કરી શકાય તેમજ નજીવા ખર્ચે બનતું શૈક્ષણિક સાધન
- જ્ઞાન સાથે ગમ્મત અને સર્જનાત્મક્તાનો વિકાસ
- રિશેષ તેમજ નવરાશના સમયનો બાળકો દ્વારા અસરકારક ઉપયોગ

નવતર પ્રયોગનું મૂલ્યાંકન

આ નવતર પ્રયોગના અમલ પહેલા બાળકોની ગણિત અને વિજ્ઞાનની વિવિધ સંકલ્પનાઓની સમજ 60% હતી જે હાલ વધીને 80 %થઈ છે.

નવતર પ્રયોગનું પરિણામ

આ નવતર પ્રયોગના છેલ્લા ત્રણ વર્ષો દરમિયાન ખૂબ સકારાત્મક પરિણામ મળ્યા છે. આ નવતર પ્રયોગ શાળા માટે રોજિંદા શિક્ષણનો એક ભાગ બની ગયો છે. શાળાના બાળકો પ્રાર્થનાસભા, રિશેષ, ગીતગાયન સ્પર્ધા, વર્ગશિક્ષણ દરમિયાન આ ગીતોનો ઉપયોગ કરીને આનંદદાયી શિક્ષણ મેળવી રહ્યા છે.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ

હાલ બે વર્ષથી શાળાના બાળકો આ ગીતો નો લાભ લઈ રહ્યા છે.એકમ ને અનુરૂપ ગીત વર્ગખંડ માં તેમણે સંભળાવવામાં આવે છે અને બાળકો પાસે પણ ગવડાવી ને મૂલ્યાંકન પણ કરવા માં આવે છે. .આ પ્રકારના ગીતો થકી બાળકની જે તે ટોપીકની અધ્યયન નિષ્પતી પણ  સિદ્ધ થાય છે.

# FLN ની સમજ અને સાહિત્ય નિર્માણ

ઇનોવેટરનું નામ : પરમાર હીનાકુમારી આર.
હોદ્દો : સી.આર.સી. કો-ઓર્ડિનેટર
શાળાનું નામ : કાલાવડ તાલુકા શાળા નં 1
તાલુકો : કાલાવડ
મોબાઈલ નંબર : 9428791471
ઈમેલ : heenanakum55@gmail.com
વિભાગ : પ્રાથમિક
નવતર પ્રયોગની કેટેગરી : સાંપ્રત વિષયો (FLN)
નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત
નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : સપ્ટેમ્બર 2022



## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- શિક્ષકોને FLN ની પુરતી સમજ આપવી.
- ધોરણ 3 ના બાળકોને એકમ કસોટી લખવામાં પડતી મુશ્કેલી નિવારવી.
- FLN ના રાષ્ટ્રીય મિશનની સમજ કેળવી 2026-27 સુધીમાં લક્ષ્ય પર પહોચવું.

અમલીકરણ વ્યુહ રચના :

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત શાલેય શિક્ષણમાં વિદ્યાર્થીઓ 2026 - 27 સુધીમાં પ્રાથમિક સ્તરે મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત કરે તેવું વિચારવામાં આવેલ છે. તમામ વિદ્યાર્થીઓ પાયાનું શિક્ષણ મળી રહે તે માટેની સુઆયોજિત વ્યવસ્થાના ભાગરૂપે દેશ સાથે કદમ મિલાવવા માટે ગુજરાતે પણ આગવું આયોજન કરીને એક પહેલ સ્વરૂપેની "નિપુણ ભારત" ને સ્વીકારી તેના માર્ગદર્શન સાથે કામ કરવાનો નિર્ધાર કર્યો છે. નિપુણ ભારતના આ રાષ્ટ્રીય મિશનને "જ્ઞાનયજ્ઞ" તરીકે સ્વીકારી બાળકોના પાયાના શિક્ષણને વધુ ઉત્તમ બનાવીએ.

ઉપયોગિતા :

હાલ ધોરણ 3 થી ૫ ના બાળકો જે કોરોનાકાળ દરમ્યાન પાયાના કૌશલ્ય મેળવવાથી વંચિત રહ્યા છે તેમને માટે ક્રમબદ્ધ રીતે વાંચન અને લેખન માં આ સાહિત્યના ઉપયોગથી સરળતા રહેશે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

મારા નવતર પ્રયોગ માં મેં આ રાષ્ટ્રીય મિશન પહેલ કરીને શિક્ષકોને પાયાની સક્ષારતા સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન વિશે દરેક શિક્ષકને સમજ આપવાનો પ્રયાસ કર્યો છે તથા તેમને ધોરણ 3 થી 5 માં ઉપયોગી થઇ શકે તેવા સાહિત્યનું નિર્માર્ણ કરેલ છે.

નવતર પ્રયોગનું પરિણામ :

ધોરણ ૩ થી ૫ માં જે બાળકો વાંચન અને લેખનમાં અન્ય બાળકોની સરખામણી એ પાછળ છે તેમના માટે આ સાહિત્ય મદદરૂપ થશે. આ ઉપરાંત SOE ના નોમ્સ મુજબ FLN માં પ્રગતિ કરવા માટે આ સાહિત્ય શિક્ષકોવાપરી શકશે.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 જણાવે છે કે અમારી 2026 27 સુધીમાં પ્રાથમિક શાળાઓમાં સાર્વત્રિક પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનું જ્ઞાન મેળવી સૌથી વધુ પ્રાથમિકતા હોવી જોઈએ. જો આ સૌથી મૂળભૂત શિક્ષણ એટલે કે પાયાના સ્તરે વાંચન લેખન અને ગણન પ્રથમ પ્રાપ્ત ન થાય તો આ નીતિનો બાકીનો ભાગ અમારા આવા મોટાભાગના વિદ્યાર્થીઓ માટે અપ્રસ્તુત રહેશે.

# રમતા રમતા નકશાપુર્તિ કરીએ


ઇનોવેટરનું નામ : જલ્પા તુલસીભાઇ રોલા  
હોદ્દો : મદદનીશ શિક્ષક  
શાળાનું નામ : શ્રી નવા ધુણિયા પ્રાથમિક શાળા  
તાલુકો : લાલપુર  
મોબાઈલ નંબર : 8141558642  
ઈમેલ : jalpapagada@gmail.com  
વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : જુન -2022

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- ભારતનો રાજકીય ભૌગોલિક સાંસ્કૃતિક વગેરે બાબતો દર્શાવી શકે
- બાળકો રમતા રમતા સરળ અને સચોટ સરળ અને સચોટ નકશા પૂરતી કરી શકે
- બાળકોનું સ્પર્ધાત્મક પરીક્ષા અંતર્ગત સામાન્ય જ્ઞાનમાં વૃદ્ધિ થાય

**અમલીકરણ વ્યુહ રચના :**

પ્રસ્તુત નવતર પ્રયોગમાં સામાજિક વિજ્ઞાન વિષયના કઠિન બિંદુને ધ્યાનમાં લઇ અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ થાય તે માટે (1) નકશા રમત (2) નકશા મોડેલ (3) નકશા જોડો ( 4) નકશા યાદ રાખવાની શોર્ટકટ કી જેવા મોડલનું નિર્માણ કર્યું અને અધ્યયન પેડાગોલોજી મુજબ રમતા રમતા નકશા શિક્ષણ પધ્ધતિથી શિક્ષણકાર્ય કરવામા આવ્યુ હતુ.

**ઉપયોગિતા :**

- રમતા રમતા નકશાપૂર્તિ કરી શકે
- નકશા અંગેનું જ્ઞાન ચિરંજીવી રહે
- નકશા શિક્ષણ કાર્ય સરળ અને સચોટ બને
- વિદ્યાર્થીઓને નકશાગત બાબતના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

પ્રસ્તુત નવતર પ્રયોગનું મૂલ્યાંકન લેખિત અને મૌખિક તથા એકમ કસોટીના માધ્યમથી કરવામાં આવ્યું તેમજ શિક્ષક દ્વારા નકશા પૂરતી અંતર્ગત પ્રિ અને પોસ્ટ ટેસ્ટ પણ લઈ ને મૂલ્યાંકન કરવામાં આવ્યું

**નવતર પ્રયોગનું પરિણામ :**

નવતર પ્રયોગના અમલીકરણ બાદ વર્ગખંડના તમામ બાળકોમાં પ્રયોગની અસરકારકતા તપાસતા 77% બાળકો સરળ અને સચોટ રીતે નકશાપૂર્તિ કરતા થયા

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

હાલ પણ નવતર પ્રયોગના વર્કિંગ મોડેલ નકશા, રમત નકશા મોડેલ નકશા જોડો નકશા યાદ રાખવાની શોર્ટ કટ કી વિષય અંતર્ગત વિષયાંગ સમજાવવા ઉપયોગ કરાય છે

**જયતુ સંસ્કૃતમ**


ઇનોવેટરનું નામ : પ્રીતિબેન ડી. જગડ હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શાળા નં 21 જામનગર તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 8469075060 ઈમેલ : pritijagad8469075060@gmail.com

વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : છેલ્લા 1 વર્ષથી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- બાળકોમાં સંસ્કૃત ભાષા પ્રત્યે રુચિ ઉત્પન્ન થાય.
- બાળકો સંસ્કૃત ભાષાને લગત બાહ્ય પરીક્ષાઓ આપે અને સારું પ્રદર્શન કરે.
- સંસ્કૃત તમામ ભાષાઓની જનની છે એ વાતના ગૌરવ વિષે જાણે

અમલીકરણ વ્યુહ રચના :

શાળા સમય દરમિયાન અને શાળા સમય બાદ પણ બાળકોને અભ્યાસ અર્થે બોલાવી તેમણે સંસ્કૃત ભાષા વિષે વધારેને વધારે સમજ આપવાનો પ્રયત્ન કર્યો અને whatsapp તેમજ અન્ય માધ્યમો થી ઓનલાઇન અને ઓફલાઈન ક્વિઝ ગોઠવી. સતત મહાવરાથી બાળકોને સંસ્કૃત બોલતા થાય અને સારી રીતે સમજતા થાય એવા પ્રયત્નો કરેલ છે .

ઉપયોગિતા :

બાળકો સંસ્કૃત સારી રીતે બોલી અને સમજી શકે વાંચી શકે તો સંસ્કૃતનું મહત્વ સમજે અને આપણા પ્રાચીન ગ્રંથો અને અન્ય કેટલુંક સાહિત્ય સંસ્કૃત ભાષામાં શુદ્ધ ઉચ્ચાર સાથે વાંચી અને સમજી શકે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

Whatsapp તેમજ અન્ય માધ્યમો થી ઓનલાઇન અને ઓફલાઈન ક્વિઝ ગોઠવી સતત મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

નવતર પ્રયોગનું પરિણામ :

- બાળકોમાં સંસ્કૃત ભાષા પ્રત્યે રસ અને રૂચીમાં વધારો થયો
- સંસ્કૃત ગૌરવ પરીક્ષામાં મોટા ભાગના વિદ્યાર્થી સામેલ થયા
- બાળકો શાળા સમય બાદ પણ સંસ્કૃત શીખવા આવે છે.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

પ્રયોગ સતત ચાલુ જ છે.

# બાળકના શિક્ષણમાં માતા-પિતાની ભૂમિકા


ઇનોવેટરનું નામ : પરમાર ઊર્મિલાબેન આર — હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : દરેડ કુમાર શાળા — તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9712584938 — ઈમેલ : parmarurmila73@gmail.com

વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગની કેટેગરી : લોકભાગીદારી, સાંપ્રદવિષયો.

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે? : 2021-22

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- બાળકોનો સર્વાંગી વિકાસ થાય
- માતા-પિતા બાળકના શિક્ષણમાં સહભાગી થાય
- બાળકો નિયમિત શાળાએ આવતા થાય

અમલીકરણ વ્યુહ રચના :

- વિદ્યાર્થીના શિક્ષણમાં માતા-પિતાની ભૂમિકા દર્શાવતો વિડિયો બનાવી યૂ-ટ્યુબ પર શેર કર્યો.
- વાલીની વારંવાર મીટીંગ કરવામાં આવી
- બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે શું કરી શકાય તેની સમજ આપવામાં આવી.
- બાળકોની દરેક અધ્યયન નિષ્પતિ સિદ્ધ થાય તે માટે સતત વોઇસ મેસેજ કરવામાં આવ્યા.
- બાળકોના FLN કૌશલ્યનો વિકાસ થાય તે માટે તેમને વાંચન-લેખન બુક આપવામાં આવી. જેથી માતા-પિતા મહાવરો કરાવી શકે.

ઉપયોગિતા :

વિદ્યાર્થીઓના માતા-પિતા–વાલીઓ તેમના બાળકોને શિક્ષણમાં સહભાગી કરવા માટે એક સુંદર પ્રવૃતિ છે. આ પ્રવૃતિ દ્વારા વિદ્યાર્થીની પ્રગતિ અને નિયમિતતા બાબતે માતા-પિતા-વાલીઓ સજાગ થઈ શકશે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

શાળામાં વિદ્યાર્થીઓના અવલોકન અને વર્તણૂક દ્વારા તેમજ માતા-પિતા–વાલીઓની મીટિંગ દ્વારા પ્રયોગનું મૂલ્યાંકન કરવાંમાં આવ્યું હતું.

નવતર પ્રયોગનું પરિણામ :

મારા આ ઇનોવેશનથી મને 50% થી60% જેટલો ફાયદો થયો છે.બાળકો નિયમીત શાળાએ આવતા થયા છે અને માતા-પિતા પણ મારી સાથે બાળકોના શિક્ષણ વિશે ચર્ચા કરતાં થયા છે

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

આ પ્રવૃતિ હાલમાં પણ શાળા કક્ષાએ નિયમિત ચાલુ જ છે

# બાળકોનું સાચું ઘડતર એટલે સરકારી શાળા

ઇનોવેટરનું નામ : કમાણી ભવિશાબેન ભરતકુમાર
હોદ્દો : મુખ્ય શિક્ષક
શાળાનું નામ : કન્યા શાળા નં 2 કાલાવડ
તાલુકો : કાલાવડ
મોબાઈલ નંબર : 6359405082
ઈમેલ : bhavishakamani@gmail.com
વિભાગ : પ્રાથમિક
નવતર પ્રયોગની કેટેગરી : લોકભાગીદારી
નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામૂહિક
નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : 2020



## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- ખાનગી શાળાના બદલે વાલીઓ સરકારી શાળા પસંદ કરે.
- સરકારી શાળાના શિક્ષકોની ગુણવત્તા વાલીઓ સમક્ષ લાવવી.
- બાળકો વાચન, લેખન, ગણન, સરળતાથી શીખી શકે.

અમલીકરણ વ્યુહ રચના

કોવિડ 19 ની મહામારીમાં બાળકો સુધી સતત શેરી શિક્ષણ, વાલી સંપર્ક દ્વારા શિક્ષકોની ગુણવત્તા વાલીઓ સમક્ષ લાવી સરકારી શાળા પ્રત્યેની ગેરસમજ દૂર કરી વિશેષ કાર્યપધ્ધતી દ્વારા બાળકોને વાચન, ગણન, લેખન માટે અલગથી હોમવર્ક બૂક બનાવવામાં આવી જે દર અઠવાડિક કાર્યક્રમ દ્વારા ચેક કરી ફરી નવી બૂક આપવી, જ્યારે બાળકો શાળાએ આવતા થયા ત્યારે માસવાર સ્પર્ધાનું આયોજન સાથે ઈનામ વિતરણ દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવા જેવી બાબતો સાથે રુચિપ્રમાણેનું ભોજન કરાવવું.

ઉપયોગિતા :

સરકારી શાળાના શિક્ષકો શિક્ષણ સાથે સંસ્કાર આપે તેવી વિવિધ પ્રવૃતિઓમાં વાલીઓની ભાગીદારી તેમજ વાલીઓ ખાનગી શાળાના બદલે સરકારી શાળા પસંદ કરતાં થયા.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

અમારા નવતર પ્રયોગ દ્વારા વાલીઓના મગજમાં રહેલી સરકારી શાળા પ્રત્યેની ગેરસમજો દૂર કરી વધારેમાં વધારે બાળકો શાળામાં દાખલ થયા.

નવતર પ્રયોગનું પરિણામ :

શ્રી કન્યા શાળા નં 2 કાલાવડ ખાતે વિદ્યાર્થીઓની સંખ્યા 28 હતી, તે વધીને 113 સુધી પહોચી અને તેમાં ઉતરો ઉતર વધારો કરી શકીશું.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

પ્રયોગના અંતે સરકારી શાળાનો વિશ્વાસ સંપાદિત થયો, જેના ફળ સ્વરૂપે આજે મિશ્ર શાળાની મંજૂરી સાથે કુલ 113 વિધ્યાર્થીઓની સંખ્યા સાથે ચાર શિક્ષકો બાળકોના સંપૂર્ણ ઘડતર સાથે સુવ્યવસ્થિત શિક્ષણ આપી રહ્યા છીએ.

# શાળાકીયપ્રવૃતિઓ દ્વારા મુલ્યશિક્ષણ

ઇનોવેટરનું નામ : પંડ્યા જીજ્ઞેશકુમાર જીતેન્દ્રકુમાર હોદ્દો : મુખ્ય શિક્ષક
શાળાનું નામ : શ્રી આરબલુસ પ્રાથમિક શાળા તાલુકો : લાલપુર
મોબાઈલ નંબર : 9714529957 ઈમેલ : pandyajignesh323@gmail.com



વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગની કેટેગરી : મુલ્યશિક્ષણ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામુહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે વર્ષ : 2018 થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- બાળકોમાં મૂલ્યોનો વિકાસ થાય અને સમાજમાં એક આદર્શ નાગરિકનું નિર્માણ થાય
- ભારતીય સંસ્કૃતિથી પરિચિત થાય વિદેશી સંસ્કૃતિની આભાથી બહાર આવે
- હાલની પેઢી પોતાના મૂળ સંસ્કારોને જાળવી આધુનિકતાને અપનાવે

અમલીકરણ વ્યુહ રચના

- શાળાની રોજબરોજની કાર્યપદ્ધતિ સિવાય બાળકને એવી પ્રવૃતિઓ કરાવવી જે એનામાં ભારતીયતાને અનુભવે જેમકે શ્રીમદ ભગવદ ગીતાને શાળામાં સ્થાન આપી તેનો પરિચય શ્લોકગાનસ્પર્ધા, પ્રાર્થનામાં સમાવેશ
- પ્રકૃતિવંદના, જીવદયા, પુણ્યભુમી ભારત, માતૃ વંદના, પિતૃ વંદના જેવા અસંખ્ય પ્રોજેક્ટ કરી, એક એક વિચાર બાળકના મનમાં રોપવો
- શાળાની કાર્ય પ્રણાલીમાં સુધાર, જેમકે જન્મદિવસ ઉજવીશું, પણ દીવડા પ્રગટાવી વગેરે

ઉપયોગિતા :

બાળકોમાં મૂલ્યોનો વિકાસ થવો, સમાજમાં એક આદર્શ નાગરિક તરીકે પોતાનું યોગદાન, સમાજસેવાના કાર્યો બાળકો દ્વારા કરવા ટૂંકમાં આ લાંબા સમયે જોવા મળતી ઉપયોગીતા અને પરિણામ છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

શાળામાં બાળકો એકબીજા સાથે, આત્મીયતથી વર્તે, ગામમાં સમાજ સેવાના કાર્યો કરે, પર્યાવરણની રક્ષા કરે, પ્રાણીઓની ખોરાક બાબતે ચિંતા કરે છે, વિવિધ અવલોકનો દ્વારા શિક્ષકો દ્વારા તેનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે, જેની અસર શાળાના પરિણામ પર પડેલ છે,

નવતર પ્રયોગનું પરિણામ :

આ પ્રયોગ કર્યા બાદ શાળાનું શૈક્ષણિક સ્તર ઘણું ઉપર ગયું છે, શિષ્યવૃત્તિ પરીક્ષામાં ખુબજ ઉત્તમ દેખાવ, ખેલ મહાકુંભ, કલા મહાકુંભ, વિજ્ઞાન મેળો, પુસ્તક સમીક્ષા, નિબંધ સ્પર્ધા વગેરેમાં જીલ્લા કક્ષા સુધી શાળાનું પ્રતિનિધિત્વ રહેલ છે, અને ટોપ થ્રી માં પણ આવેલ છે. બાળકો સમાજસેવા, પ્રણીસેવા, પ્રકૃતિ પ્રત્યે લગાવ વગેરે બાબતોમાં ઉત્તમ દેખાવ કરી રહ્યા છે.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલમાં પણ આ નવતર પ્રયોગ શરુ છે અને શ્રીમદ ભગવદ ગીતાનો પરિચય કરીને બાળકો તેના શ્લોક કંઠથ કરી સમજે, પ્રકૃતિ વંદના, જીવદયા સતત શરુ રાખેલ પ્રોજેક્ટ છે, બાળકોમાં આ ગુણોનો વિકાસ થાય તે માટે સતત પ્રયત્નશીલ છીએ

## વિજ્ઞાન મારી મુઠ્ઠીમાં


| | | | |
|---|---|---|---|
| ઇનોવેટરનું નામ | : ગાયકવાડ મયુરીબેન એસ. | હોદો | : મદદનીશ શિક્ષક |
| શાળાનું નામ | : શ્રી કન્યા વિદ્યાલય સિક્કા – 1 | તાલુકો | : જામનગર |
| મોબાઈલ નંબર | : 9925239092 | ઈમેલ | : mayurigyk@gmail.com |
| વિભાગ | : પ્રાથમિક | | |




નવતર પ્રયોગની કેટેગરી : વિષય વસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : જુન 2022 થી

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- વિદ્યાર્થીઓનો વિજ્ઞાન વિષયના લાંબા અને કઠિન બિંદુઓને યાદ રાખવાનો હાવ દૂર કરવો.
- વિદ્યાર્થીઓને ઓછા સમયમાં બધા એકમોનું દઢીકરણ અને પુનરાવર્તન કરાવી શકાય.
- વિદ્યાર્થીઓ સ્વમૂલ્યાંકન કરી શકે.
- વિદ્યાર્થીઓનો વિજ્ઞાન વિષયમાં દરેક એકમમાં રસ અને રુચિ વધે.
- વિદ્યાર્થીઓને અધ્યયન નિષ્પતિ આધારિત મૂલ્યાંકન કરાવી શકાય.
- વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમાં બનાવેલ CONCEPT MAPનો ઉપયોગ કરીને તેનું મહત્વ સમજે.

અમલીકરણ વ્યુહ રચના :

- સૌ પ્રથમ ધોરણ 6 થી 8 ના વિજ્ઞાન વિષયના એકમોના મુખ્ય મુદ્દા અને પેટા મુદ્દા ની યાદી તૈયાર કરી, ત્યારબાદ આ માહિતીને VISUAL સ્વરૂપે રજૂ કરવા માટે અલગ અલગ પ્રકારનાં CONCEPT MAP બનાવવામાં આવ્યા. જેમાં વિવિધ રંગોનો ઉપયોગ કરવામાં આવ્યો જેથી મેપ આકર્ષક લાગી શકે.
- CONCEPT MAP ની રચના એવી કરવામાં આવી કે જેથી વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયના કઠિન બિંદુઓનું સરળીકરણ કરીને ખૂબ જ સહેલાઈથી સમજાવી શકાય છે

ઉપયોગિતા :

- વિદ્યાર્થીઓનો વિજ્ઞાન વિષય પ્રત્યેનો હાવ દૂર થાય છે.
- વિદ્યાર્થીઓ CONCEPT MAP દ્વારા દરેક એકમમાં આવતા મુદ્દાઓનું દઢીકરણ અને પુનરાવર્તન કરી શકે છે.
- વિદ્યાર્થીઓ એકમના મુદ્દાઓને એકબીજા સાથે અનુબંધ કરતા શીખે છે.
- PSE, NMMS જેવી શિષ્યવૃત્તિ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી ઓછા સમયમાં ઝડપથી કરી શકે છે.
- CONCEPT MAP દ્વારા વિદ્યાર્થિનીની સિદ્ધિ માં વધારો કરી શકાય છે.
- વિદ્યાર્થીની વિજ્ઞાન વિષયમાં રૂચિ લાંબા સમય સુધી જાળવી શકાય છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

- વિદ્યાર્થીઓને એકમના અંતે અલગ અલગ પ્રકારની પ્રશ્નોત્તરી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.
- વિદ્યાર્થીઓને એકમમાં સમજાવેલ CONCEPT MAPનું દઢીકરણ કરી નોટબુકમાં લખવા માટે કહ્યું.

નવતર પ્રયોગનું પરિણામ :

- વિદ્યાર્થીઓ લાંબા અને કઠિન મુદ્દાઓને સરળતાથી સમજી અને યાદ રાખી શકે છે.
- વિદ્યાર્થીઓ CONCEPT MAP દ્વારા વર્ણનાત્મક મુદ્દાઓ સરળતાથી યાદ રાખી શક્યા.
- વિદ્યાર્થીઓ સરળતાથી સ્વમૂલ્યાંકન કરી શકે છે.
- વિદ્યાર્થીની મૌખિક અભિવ્યક્તિ અને સર્જનાત્મકતાનો વિકાસ થઈ શકે છે.
- નવતર પ્રયોગ કર્યા પહેલા વર્ગના ૨૦% વિદ્યાર્થીઓ મૂલ્યાંકન માં ભાગ લેતા હતા પરંતુ પ્રયોગના અમલ બાદ ૩૦% થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેતા થયા.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

- હાલ આ પ્રવૃતિ શાળામાં ચાલુ છે અને નવા નવા CONCEPT MAP નું નિર્માણ શિક્ષકશ્રી દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# એક કદમ સફળતા તરફ

ઇનોવેટરનું નામ : મૌલિકકુમાર દિનેશચંદ્ર પટેલ
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : શ્રી સેતાલુસ પ્રાથમિક શાળા
તાલુકો : લાલપુર
મોબાઈલ નંબર : 9601199177
ઈમેલ : maulik.sweetu@gmail.com
વિભાગ : પ્રાથમિક
નવતર પ્રયોગની કેટેગરી : સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ
નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામૂહિક
નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : 1 વર્ષ



## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- બાળકોમાં સમૂહ જીવનની ભાવના કેળવાય.
- બાળકોમાં આગળ આવી રજૂ કરવાનો એટલે કે સ્ટેજ ફિઅર દૂર થાય.
- બાળકો ભણતરની સાથે ગણતર મેળવે.
- બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ જાગૃત થાય.
- બાળકોની જિજ્ઞાસાવૃત્તિમાં વધારો થાય.
- બાળકોના કલા, રમત-ગમતના જેવા કૌશલ્યનો વિકાસ થાય.

અમલીકરણ વ્યુહ રચના :

બાળકોને જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવવી જેવી કે એક મિનિટની રમતો, અભિનય, વકતૃત્વ કલા, જુદી જુદી રમતો રમાડવી, ક્વિઝ, પુસ્તક સમીક્ષા, જુદા જુદા મહત્વના દિવસોની ઉજવણી કરવી, બાળકોની વિચાર શક્તિનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ, સમાજ જીવનથી માહિતગાર થાય તેવી સમાજ જીવન સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ, જુદા જુદા તહેવારોને ઉજવણી, જુદા જુદા વ્યક્તિ વિશેષની ઉજવણી.

ઉપયોગિતા :

- જુદી જુદી રમતો દ્વારા બાળકોમાં ચપળતાનો ગુણ આવશે.
- બાળકોમાં ત્વરિત નિર્ણય શક્તિનો વિકાસ થશે.
- બાળકો સમાજ સાથે તાદાત્મયતા કેળવશે.
- બાળકોમાં ધર્મના મૂલ્યોનો વિકાસ થશે.
- બાળકો કુટુંબ અને સમાજનું મહત્વ સમજશે.
- વ્યક્તિ વિશેષના કાર્યોને સમજી તેમાંથી પ્રેરણા મેળવશે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન બાળકો દ્વારા કરેલ જુદી જુદી પ્રવૃત્તિઓ દરમિયાન તેમનામાં જોવા મળેલ ઉત્સાહ અને ધગશ જોઈને જ થઈ જાય છે.

નવતર પ્રયોગનું પરિણામ :

- બાળકો નિયમિત શાળાએ આવતા થયા.
- પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લેતા થયા.
- બાળકોમાં તમામ પ્રકારનો ભય દૂર થયો.
- બાળકો શિક્ષણ કાર્યમાં પણ રસ રુચિ ધરાવતા થયા.
- બાળકો સામે ચાલીને નેતૃત્વ સ્વીકારતા થયા.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

નવતર પ્રયોગ હાલ શાળામાં કાર્યરત છે. તેની સાથે આ સત્રથી એક ઈ-મેગેઝિન પણ બહાર પાડવામાં આવ્યું છે. જેમાં વાર્તા, જાણવા જેવું, ઉખાણા, જન્મદિવસ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## જાદુઈ TLM પાર્ટ-2

ઇનોવેટરનું નામ : ધર્મેશકુમાર ઇન્દુલાલ લીયા  હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : શ્રી ઢઢા પ્રાથમિક શાળા,  તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : 8000127938 , 8160476785  ઈમેલ : dharmeshiliya@gmail.com
વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : સાંપ્રત વિષયો ( FLN, NEP .... )

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : 15-06-2022

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

1. FLN અભિગમ અને અધ્યયન નિષ્પતીઓની સિદ્ધિ થાય.
2. શાળાના બાળકોને પાયાની સાક્ષરતા અને સંખ્યા જ્ઞાન સરળતાથી ગમ્મત સાથે આવડે.
3. બાળકો સ્વમેળે જાદુઇ TLM ના ઉપયોગથી અક્ષરજ્ઞાન અને સંખ્યાજ્ઞાન શીખે.

અમલીકરણ વ્યુહ રચના :

વેસ્ટ વસ્તુઓનો ઉપયોગ કરી જાતે ટીચિંગ લર્નિંગ મટીરિયલ્સ (TLM) વર્કિંગ મોડેલ શાળા સમય બાદ ઘરે બનાવવાનું શરૂ કર્યું. વેસ્ટ વસ્તુઓ જેવી કે ઘરમાં આવતા તેલના ડબ્બાના ખાલી ખોખા, ઘરમાં સુથારીકામ કરાવ્યા બાદ બરતનમાં જાય તેવા પ્લાયવૂડના કટકા તેમજ લાકડાની વધેલ નકામી પટ્ટીઓ, બાકસના ખાલી ખોખાઓ, સાડીમાં આવતા પુઠ્ઠાઓ, જૂના રદ્દી કેલેન્ડરના પુઠ્ઠાઓ, વગેરે નકામી (વેસ્ટ) વસ્તુઓનો ભરપૂર ઉપયોગ કરી નજીવા ખર્ચમાં બેસ્ટ જાદુઇ (TLM) વર્કિંગ મોડેલ તૈયાર કર્યા છે. બાળકોને શીખવામાં ગમ્મત સાથે જ્ઞાન આપે તેવા જાદુઇ (TLM) શીખવા માટે બનાવી આપ્યા. શાળાના બાળકો આ જાદુઇ (TLM) વર્કિંગ મોડેલ દ્વારા સ્વ પ્રયત્ને રમતા – રમતા શીખી રહ્યા છે.

ઉપયોગિતા :

એકી - બેકી સંખ્યા, કેલેન્ડર, સંખ્યા 1 થી 999, શબ્દ પટ્ટી, વાક્ય પટ્ટી, ટપકા વાળી અંગ્રેજી બારાક્ષરી, સ્થાનકિમત, બારાક્ષરી ચક્ર, રેતીયા અક્ષર, ટપકા વાળા ગુજરાતી મૂળાક્ષરોની પટ્ટી જેવા વર્કિંગ મોડેલ્સ નો ઉપયોગ કરીને બાળકો પોતાની જાતે શિક્ષણ મેળવતા થયા.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

હાલમાં જાદુઇ TLM ની મદદ થી બાળકો ગમ્મત સાથે જ્ઞાન મેળવી રહ્યાં છે. આ જાદુઇ TLM ની મદદ થી 16 માથી 10 બાળકોમાં નોંધપાત્ર સુધારો થયો. તેમની શીખવાની ઝડપ વધી અને તેમની વાંચન- લેખન- ગણન પ્રક્રિયામાં નોંધપાત્ર સુધારો થયો અને બીજા બાળકો માં પણ સુધારો થતો જાય છે અને હાલમાં જાદુઇ TLM ની મદદ થી બાળકો ગમ્મત સાથે જ્ઞાન મેળવી રહ્યાં છે

નવતર પ્રયોગનું પરિણામ :

- બાળકને પ્રવૃતિ દ્વારા શીખવાની મજા પડે છે.
- ગમ્મત સાથે કયારે બાળક શીખી જાય છે તે બાળકને પણ ખબર હોતી નથી .
- શૈક્ષણિક સમયનો પણ બચાવ થાય છે.
- બાળકને સાચી સમજ સાથે અને જાત અનુભવે શીખવાની તક મળે છે.
- TLM એક શિક્ષકની ગરજ સારે છે.
- TLM ના વર્કિંગ મોડેલ્સ હોવાથી બાળકોને શીખવાની મજા પડે છે.
- બાળકોના રસ રુચિ માં વધારો થાય છે.
- બાળકને પ્રવૃતિથી શીખવાનું હોવાથી શીખેલું લાંબા સમય સુધી યાદ રહે છે.
- બાળકોની વાંચન-લેખન-ગણન ક્ષમતામાં ઝડપી સુધારો થાય છે.
- બાળકોની જિજ્ઞાશામાં વધારો થાય છે.
- અધ્યયન નિસ્પત્તિની સિદ્ધિ થાય છે.
- જાદુઇ (TLM) FLN અભિગમમાં ખૂબ અસરકારક રહ્યા.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ

હાલના સમયમાં ધોરણ ૧-૨ પ્રજ્ઞા અને ધોરણ – 3 ના બાળકો વર્ગમાં મે બનાવેલા જાદુઇ TLM ના વર્કિંગ મોડેલ્સ નો ઉપયોગ કરે છે અને રમતા રમતા જ્ઞાન સાથે ગમ્મત મેળવી રહ્યા છે. આ ઉપરાંત બીજા નવા જાદુઇ TLM ના વર્કિંગ મોડેલ્સ શાળા સમય બાદ ઘરે બનાવવાનું કાર્ય ચાલુ છે.

અન્ય બીજી શાળા માં પણ મારા જાદુઇ TLM ના વર્કિંગ મોડેલ્સ જાદુઇ પાટી ભાગ ૧ થી ૬, શબ્દ પટ્ટી, વાક્ય પટ્ટી, કેલેન્ડર વગેરે આપેલા છે.

# શુદ્ધ હિન્દી સરલ હિન્દી

ઇનોવેટરનું નામ : હિમાંશુ ઈશ્વરલાલ ત્રિવેદી
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : શ્રી નાગેશ્વર પ્રાથમિક શાળા
તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : 9328112220
ઈમેલ : himanshutrivedi21@gmail.com
વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : જુન ૨૦૨૨ થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- હિન્દીનું શિક્ષણ સરળ અને રસમય બનાવવું
- બાળકો હિન્દીના સાચા શબ્દો જાણે
- શુદ્ધ હિન્દી બોલવાની આદત પડે

અમલીકરણ વ્યુહ રચના :

મારા વર્ગના મોટા ભાગના વિદ્યાર્થીઓ શુદ્ધ ભાષા બોલતા ન હતા. શરૂઆત માં મેં બોર્ડ પર થોડા શુદ્ધ શબ્દો લખ્યાં અને તેમને વાચવા માટે કહ્યું . બાળકો હોંશથી વાચવા લાગ્યા. ઘણા શબ્દો નવા લાગ્યા આથી મને તેમનો અર્થ પણ પૂછતા હતા. મેં સમજાવવાનો પ્રયત્ન કર્યો. બધા ને ખુબ નવાઈ લાગી કે કેટલા સરળ અને સરસ શબ્દો છે. પછી મેં તેમને તે શબ્દો પર થી વાક્યો બનાવવા કહ્યું. થોડા પ્રયત્ન બાદ સફળતા મળી. ઘણા ખરા બાળકો વાક્યો બનાવી શક્યા. ત્યાર બાદ બીજા તબક્કામાં મેં તેમને શબ્દોનો સમૂહ ( ઘણાં શબ્દો )આપ્યો અને કહ્યું કે આ શબ્દો આવતા હોય તેવી રીતે બે મિત્રો કે બહેનપણી વાતચિત કરો. ધીમે ધીમે બધા પ્રયત્ન કરવા લાગ્યા. શરૂઆતમાં મારે આ કાર્યમાં ખુબ મદદ કરવી પડી. પણ ધીમે ધીમે બધાને મઝા પાડવા લાગી. આજે બધા બાળકો સરળતાથી આવી પ્રવૃત્તિઓ કરી શકે છે

ઉપયોગિતા :

આ પ્રયોગ ખુબ જ સરળ અને ઉપયોગી છે. કોઈ પણ સ્થળે કોઈ પણ સાધનની જરૂરત વગર કોઈ પણ શિક્ષક કરી શકે તેવો છે. આજના સમયમાં ભાષાને શુદ્ધ અને જીવંત રાખવા માટે આવા પ્રયત્નો અનિવાર્ય છે. આ પ્રયોગમાં સફળતા મળે તે માટે સાતત્ય એટલે કે આ પ્રવૃત્તિ સતત કરાવી કરાવવી જરૂરી છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

મારા વર્ગ ના 52 વિદ્યાર્થીઓ જે માના 48 ખુબ જ નિયમિત છે તેઓ જયારે વાત કરે ત્યારે મોટેભાગે ગુજરાતી જ બોલતા હતા. આ પ્રયોગ શરુ કાર્ય બાદ તેઓ હિન્દી બોલતા થયા. અને ભાષાશુદ્ધિ માટે તેમનો દ્રષ્ટિકોણ વિકસ્યો.

## નવતર પ્રયોગનું પરિણામ :

આ પ્રયોગ શરૂ કાર્ય બાદ 40 જેટલા વિદ્યાર્થીઓ સરળતાથી તેમની કક્ષા પ્રમાણેનું શુદ્ધ હિન્દી બોલવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલમાં આ પ્રયોગ ચાલુ છે પણ મોટા ભાગના વિદ્યાર્થીઓને સારું આવડી ગયું છે આથી સપ્તાહમાં અમુક જ દિવસ આ પ્રવૃત્તિ કરાવવામાં આવે છે.

# I LOVE MATHS


ઇનોવેટરનું નામ : રક્ષાબેન જયંતિલાલ મકવાણા      હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી મોટી વેરાવળ પ્રાથમિક શાળા      તાલુકો : લાલપુર

મોબાઈલ નંબર : 9824960654      ઈમેલ : raxarathod83@gmail.com

વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગની કેટેગરી : વિષય વસ્તુ પેડાગોજી આધારિત, FLN

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : સપ્ટેમ્બર-૨૦૨૧ થી.....

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

### હેતુઓ :

- વિદ્યાર્થીઓની ગણિતની પાયાની સંકલ્પના મજબુત બને
- ગણિત વિષયમાં રસ-રુચિ વધે
- ગણિત વિષય નો ડર દુર થાય
- ગણિત વિષયને આનંદ સાથે આત્મસાત કરે

### અમલીકરણ વ્યુહ રચના

આ નવતર પ્રયોગના અમલીકરણ માટે પ્રયોજકે સૌ પ્રથમ ધોરણ ૧ થી ૮ની કઠીન અધ્યન નિષ્પતિઓને તારવી અને ત્યાર બાદ તે અધ્યન નિષ્પતિઓને અનુરૂપ વિદ્યાર્થીઓને જાતે રમવું ગમે તેવા મોડેલ્સ, કોયડા, ચાર્ટ-ગેમ્સ, ગાણિતિક રમકડા બનાવ્યા. આ મોડેલ્સ, રમકડા, ગેમ્સની મદદથી આવા કઠીન મુદ્દાઓની સમજુતી તથા મહાવરો કરાવવામાં આવ્યો. વિદ્યાર્થીઓને આ રીતે અભ્યાસ કરવામાં ખુબજ મજા આવી અને વિદ્યાર્થીઓની સંકલ્પના પણ સ્પષ્ટ થઇ ગઈ. પ્રયોજક દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમિયાન એક ક્રિયાત્મક સંશોધન પણ હાથ ધરેલ હતું. જેમાં ધોરણ ૬ ના વિદ્યાર્થીઓની સંજ્ઞાની ઓળખને લગતી સમસ્યાનું સમાધાન આવી રમત તથા કોયડા દ્વારા કરવામાં આવેલ હતું. આ પરથી પ્રેરણા લઇ વધુ નમૂનાઓ/ચાર્ટ ગેમ્સ બનાવી તેની અજમાયશ ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓ પર કરવામાં આવી.

ઉપયોગિતા :

નવતર પ્રયોગમાં પ્રયોજકે ગણિત વિષયની કઠીન અધ્યયન નિષ્પતિઓને ધ્યાને લઇ લગભગ ૫૦ જેટલા મોડેલ્સ/ચાર્ટ્સ/ગેમ્સ/કોયડા બનાવેલ છે. જે ધોરણ ૧ થી ૮ ની વિવિધ નિષ્પતિઓની સિદ્ધિ માટે ખુબજ ઉપયોગી છે. દરેક શાળા આ મુજબ ખુબજ સરળતાથી મોડેલ્સ નમુના બનાવી ગણિત વિષયના અભ્યાસ ને વધુ રસપ્રદ આનંદ દાયક બનાવી શકે છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન ઔપચારિક અને અનૌપચારિક એમ બંને રીતે કરવામાં આવેલ. જેમાં અનૌપચારિક મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓના રસ-રુચિ, વલણ, ગમો-અણગમો, અધ્યયન કાર્યમાં ભાગીદારી વગેરેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. ઔપચારિક મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ એકમ કસોટી, તથા રચનાત્મક પત્રકો દ્વારા ચકાસવામાં આવેલ.

નવતર પ્રયોગનું પરિણામ :

અનોપચારિક મૂલ્યાંકન દરમિયાન વિદ્યાર્થીઓની રસ- રુચિ,વિષયપ્રત્યેનું વલણ,વર્ગ ખંડ કાર્ય દરમિયાન સક્રિય ભાગીદારી,ઉત્સાહ વગેરે ગુણાત્મક બાબતોમાં નોંધપાત્ર વધારો જોવા મળેલ.ઔપચારિક મૂલ્યાંકન સંદર્ભે ક્રિયાત્મક સંશોધન ના પરિણામો સૂચવે છે કે વિદ્યાર્થીઓને રમત/કોયડા/મોડેલ્સ/પ્રવૃત્તિ દ્વારા અભ્યાસ કરાવવાથી શૈક્ષણિક સિદ્ધિ કક્ષામાં વધારો થાય છે.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલ નવતર પ્રયોગ પર કાર્ય ચાલુ છે. ધોરણ ૧-૮ ના ગણિત વિષયના તમામ કઠીન બિંદુ આધારિત અધ્યયન નિષ્પતિની સંકલ્પના સ્પષ્ટ થાય તેવા મોડેલનું નિર્માણ ચાલુ છે.

## ફિલ્મી ગીતોના રાગે કવિતા


ઇનોવેટરનું નામ : ગુણવંત વી. પરમાર હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : ચંગા વાડી શાળા તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : ૯૯૨૫૫૯૯૪૫૨ ઈમેલ : gunvantparmar79@gmail.com




નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : ૨૦૧૬ થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- સંગીતની સમજણનો વિકાસથાય
- ગાયન દ્વારા કવિતા યાદ રહે
- કવિતા ગાયન સરળ બને

અમલીકરણ વ્યુહ રચના :

ગુજરાતી તથા હિન્દી કવિતાઓ ના ફિલ્મીગીતોના રાગ આપવાથી બાળકો ને ગાવું સરળ બને છે. ગીતોથી બાળકો પરિચિત હોય છે. અને ગીતોના રાગમાં કવિતા ગાવી તેમને ગમે છે. પરિણામે કવિતાઓ બાળકોને યાદ રહી જાય છે.

ઉપયોગિતા :

કવિતા શીખવા અને કવિતાના રાગ સરળતાથી શીખવા

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

બાળકો સામે કવિતા ગાન કરી ગીતોના રાગમાં કવિતા ગવડાવવામાં આવી.

નવતર પ્રયોગનું પરિણામ :

બાળકો સરળતાથી કવિતા ગાતા થયા.યાદરાખતા થયા.અને સંગીત પ્રત્યે પણ રુચિ વધી.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

શાળાના બાળકો ફિલ્મીગીતો ના રાગે કવિતા ગાન કરે છે. અને સરળતાથી કવિતા કંઠસ્થ કરે છે.

## મને ગમે, તમને ગમે. ગણિત વિષય સૌને ગમે.


ઇનોવેટરનું નામ : ઝાલા રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ    હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી બાધલા પ્રાથમિક શાળા    તાલુકો : લાલપુર

મોબાઈલ નંબર : 9099397144 / 9913172830    ઈમેલ : rajendrapzala@gmail.com

વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે    જૂન 2022 થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ :**

- બાળકોમાં ગણિત વિષયમાં રસ-રુચિ અને પાયાની ચાર બાબતો શીખવવા.
- બાળકો પાયાની બાબતો સરળતાથી શીખી શકે.
- બાળકોને રમત અને પ્રવૃતિ દ્વારા શિક્ષણ મળી શકે.
- બાળકોન બાળકોને મૌખિક ગણતરી અને કોયડા ઉકેલ શીખવવા.મૌખિક ગણતરી અને કોયડા ઉકેલ શીખવવા.

**અમલીકરણ વ્યુહ રચના :**

સૌપ્રથમ બાળકોના ગણિત વિષયની પાયાની બાબતો ચકાશવામાં આવી. જેમાં બાળકોને ગણિત વિષયમાં કચાશ જોવા મળી. બાળકોને રસ – રુચિ વધારવા અને પાયાની બાબતો સરળતાથી શીખવવા માટે આ નવતર પ્રયોગનું અમલમાં મૂક્યો.

**ઉપયોગિતા**

- આ નવતર પ્રયોગમાં પ્રિન્ટ કરીને બાળકોને આપવામાં આવે છે
- અન્ય શાળાના શિક્ષકો અને બાળકો માટે ઉપયોગી છે.
- બાળકો રિશેષના સમયનો સદુપયોગ કરી શકે છે.
- પ્રિય બાળકો માટે ઉપયોગી છે.
- FLN માટે ઉપયોગી બની શકે છે.
- સરળ સમજ આપવામાં આવેલી હોવાથી વાલીઓ પીએન મદદરૂપ બની શકે છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

બાળકોનું મૂલ્યાંકન કસોટી લઈને કરવામાં આવતું હતું . ઓછું પરિણામ લાવનાર બાળકોને ગ્રૂપમાં વહેચની કરીને શીખવવામાં આવે છે.

**નવતર પ્રયોગનું પરિણામ :**

આ નવતર પ્રયોગથી બાળકોમાં પાયાની કચાશ જોવા મળી હતી તે દૂર કરી શકાઈ છે. બાળકો સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર ઝડપથી શીખતા થયા છે. બાળકો ગણિત વિષયના મૌખિક ગણતરી અને કોયડા ઉકેલી શકે છે. બાળકો પ્રવૃતિ અને રમતા રમતા શીખી શકે છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ**

આ નવતર પ્રયોગથી ધોરણ 1 થી 4 ના 50 બાળકોમાંથી 23 બાળકો સંખ્યાજ્ઞાન, સરવાળા, બાદબાકી, અને ગુણાકાર કોયડા ઉકેલતા થયા છે. આ નવતર પ્રયોગ હાલ કાર્યરત છે.

# હું તો પ્રયોગ કરીશ જ


ઇનોવેટરનું નામ : ધારવિયા દિપક લાલજીભાઈ  હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી ખીજડિયા પ્રાથમિક શાળા  તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : ૯૮૯૮૨૯૬૩૬૭  ઈમેલ : Dipak_lalji@yahoo.com


વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : વિષય વસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : જુલાઈ ૨૦૨૨

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- દરેક બાળકને વ્યક્તિગત પ્રાયોગિક કાર્ય કરવાની તક મળે.
- જાતે પ્રયોગ કરી તારણ મેળવે.
- ઘટનાને કારણ સાથે જોડે,રોજીંદા જીવનમાં બનતી ઘટનાઓ પાછળનું વૈજ્ઞાનિક કારણ જાતે તારવે.
- શિખેલું જ્ઞાન પોતાના વ્યવહારિક જીવનમાં ઉપયોગ કરે. આજીવન યાદ રાખે.

અમલીકરણ વ્યુહ રચના :

- હાલ પ્રાયોગિક તબક્કે ધોરણ 6 ના અગત્યના પ્રયોગની pdf તૈયાર કરી.
- એ પ્રયોગને લગતી તમામ સામગ્રી એક પેટીમાં મૂકી.ટૂંકમાં જે તે પ્રયોગ માટેની પ્રયોગ પેટી તૈયાર કરી.
- પ્રયોગપેટી પર તે પ્રયોગને રજૂ કરતો યુ ટ્યુબ વીડિયો માટેનો QR કોડ મુક્યો.
- અલગ અલગ બાળક આ પ્રયોગ પેટી તેના ઘેર લઈ જાય , કોડ સ્કેન કરે , પ્રયોગ જોવે અને પછી પ્રયોગ કરે.
- ઘેર પોતાના વાલી કે અન્ય કોઈપણ સભ્યની મદદથી પ્રયોગ કરે.

ઉપયોગિતા :

- આ પ્રયોગ પેટીની મદદથી દરેક બાળકને દરેક પ્રયોગ કરવાનો મોકો મળે છે.
- તેની હેર ફેર પણ ખુબ જ સરળતાથી કરી શકાય છે.
- પેટી નાની હોવાથી તેની સાચવણ સેહલી છે.
- અન્ય કોઇ શાળાનાં બાળકો પણ આ પ્રયોગ પેટીનો ઉપયોગ કરી શકે છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

પ્રયોગને લગતા કારણો અને પ્રશ્નોતરી આપવામાં આવે છે અને તે જાતે ઉકેલવાનો પ્રયત્ન કરે છે.

નવતર પ્રયોગનું પરિણામ :

- દરેક બાળક પ્રાયોગિક કરતો થયો.
- દરેક બાળકને પ્રાયોગિક કાર્ય કરવાની સમાન તક મળે છે.

- જાતે પ્રયોગ કરી તારણ મેળવે છે.
- વર્ગમાં પ્રશ્નોના જવાબ આપતા થયો છે.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલ મારી આ નવતર પ્રાયોગિક પેટી

(1) મારા દ્વારા સંચાલિત સાયન્સ સેન્ટર પર વિદ્યાર્થીઓ માટે અને

(2) શાળાની સાયન્સ લેબમાં મુકીને વધુને વધુ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બને તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

(3) આવનારા સમયમાં આ જ રીતે ધોરણ 7 અને ધોરણ 8 માટે પ્રાયોગિક પેટી તૈયાર કરી રહ્યો છું.

## અંગ્રેજી આટલું સહેલું

ઇનોવેટરનું નામ : પરમાર મહેન્દ્રકુમાર જેઠાભાઈ
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : શ્રી કન્યા વિધ્યાલય નં .૨ સિક્કા
તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : 8530261986
ઈમેલ આઇડી : mparmar8586@gmail.com
વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : સહ અભ્યાસિક પ્રવૃત્તિ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે? : મહિના થી

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- રોજિંદા જીવનમાં વપરાતી ચીજ વસ્તુઓમાંથી અંગ્રેજી જ્ઞાન મેળવવું.
- અંગ્રેજીને સરળ રીતે શીખી શકે છે.

અમલીકરણ વ્યુહ રચના :

બાળકો પોતાના ઘરે વપરાતી વસ્તુઓ જેવીકે પેન્સિલ, સાબુ, શેમ્પુ, ટુથપેસ્ટ, ફેઇસસ્ક્રીમ, પાવડર, રબ્બર, વેફર્સ, મસાલા પેકેટ્સ વગેરેના ખાલી રેપર્સ શાળાએ લાવે છે. અને તેમાંથી અંગ્રેજી શબ્દો લખી તેના ઉચ્ચાર અને અર્થ શીખે છે.

ઉપયોગિતા :

બાળકો ઘરે થી ઉપયોગ થયેલ વસ્તુના નકામાં ખાલી કાગળો અને પેકેટ્સની મદદથી શિક્ષણ તરફ વળે છે અને પરિચિત વસ્તુમાંથી અંગ્રેજી શિખી શકે છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

બાળકો તેમના રોજીંદા જીવનમાં જોવા મળતા અંગ્રેજી શબ્દો અને તેમના અર્થથી માહિતગાર થયા Hand made સચિત્ર book બનાવી તેના વડે વધુને વધુ Wrapper માંથી ચાર્ટ અને Wrapper Album બનાવ્યો જેમાંથી સંશોધન શક્તિ વિકાસ થયો.

નવતર પ્રયોગનું પરિણામ :

બાળકો અંગ્રેજી ભાષાનો ખુબજ સરળતાથી સ્વીકાર કરી શક્યાં છે.રોજીંદા વ્યવહારમાં અંગ્રેજી બોલતા થયા છે. અને બાળકો આ પ્રયોગ બાદ દરરોજ અમુક નવા શબ્દો મારી પાસે લખતા થયા અને એકબીજા સાથે પરસ્પર Wrapper બદલાવી નવા શબ્દો લખતા થયા.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

બાળકો અઠવાડિયા માં બે વાર આ પ્રવૃત્તિ કરે છે.

## મુલ્યશિક્ષણથી સર્વાંગી વિકાસ


ઇનોવેટરનું નામ : પરમાર અરવિંદભાઈ વેજાભાઈ    હોદ્દો : મ.શિ

શાળાનું નામ : ઢીંચડા વાડી પ્રા. શાળા    તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 7600284663    ઈમેલ : arvindparmar1982@gmail.com

વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગની કેટેગરી : 2 અને 4

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામુહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે? : જુલાઈ ૨૦૨૨થી

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- નિયમિત ગૃહકાર્ય કરતાં થાય
- વાચન, લેખન ગણનમાં નબળા બાળકોમાં સુધારો થાય
- ઈતર વાંચન કે લખાણમાં રસ કરતા કરવા
- સામાન્ય જ્ઞાન તથા સાંપ્રત બનાવોની જાણકારી મેળવે.
- નેતૃત્વના ગુણોનો વિકાસ થાય.
- શાળા સમિતિઓમાં સહભાગીદારીથી કામ કરે.

અમલીકરણ વ્યુહ રચના

સમગ્ર શાળામાં બાળકોનું નિરિક્ષણ કરતા જણાયું કે, નિયમિતતા, મુલ્ય શિક્ષણ, વાંચન-લેખન ગણન નૈતિક જવાબદારીમાં સુધારાની જરૂરિયાત છે. આ બાબતની ચર્ચા સ્ટાફ મિત્રો સાથે કરતા ધ્યાનમાં આવ્યું કે બાળકો

નિયમિત શાળાએ આવતા નથી અને નિયમિત ગૃહ કાર્ય પણ લાવતા નથી. જે લખાણ લખે છે તેમાં પણ અક્ષર સુવાચ્ય નથી, વાંચન લેખન ગણનમાં નબળા છે.

આ વિચાર પરથી એક નવીન વિચાર ઉદભવ્યો. થોડા દિવસ પછી અમારી શાળામાં શાળા પ્રવેશ ઉત્સવનો કાર્યક્રમ યોજાયો ત્યારે અધિકારી સમક્ષ ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થી મિત્રોએ નીચે જેવી પ્રતિબધ્ધતા વ્યક્ત કરી.

- હું નિયમિત વાંચન કરીશ.જેમાં શાળા પાઠ્યપુસ્તક, પુસ્તકાલયના પુસ્તકો, વર્તમાનપત્રનું વાંચન કરીશ. શાળામાં નિયમિત આવીશ. સ્વચ્છતા રાખીશ.
- હું દરરોજ કોઈપણ એક ભાષામાં મનગમતો ફકરો લખીશ.
- દરરોજ કોઈપણ પાંચ ગાણિતિક પ્રક્રિયાઓ કરીશ.
- હું મારી નૈતિક જવાબદારીઓ સમજીશ અને નિભાવીશ.( સાચું બોલવું, મદદ કરવી, શિક્ષકો-વડીલોને માન આપવું, સારી બાબતોનું આચરણ કરવું, શાળાના નિયમોનું પાલન કરવું.)
- શાળામાં કરવામાં આવતી રમતો, આસનો કરીશ અને ખેલમહાકુંભમાં ભાગ લઇશ.

<u>નવતર પ્રયોગનું મૂલ્યાંકન :</u>

આચાર્યશ્રી દ્વારા સતત પરોક્ષ રીતે નિરિક્ષણ કરવામાં આવ્યું .જેમાં માલુમ પડ્યું કે શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં આંતરિક રીતે સચોટપણ બદલાવ આવી રહયો છે. ત્યારે બાદ સતત પરોક્ષ મૂલ્યાંકન દ્વારા થોડા સમયાંતરે અનુભવાયું કે શાળાના વાતાવરણમાં આશ્ચર્યચકિત ફેરફાર થઇ રહયો છે અંતે અપેક્ષિત વર્તન –પરિવર્તન જોવા મળ્યું.

બાળકો માં રમત-ગમ્મત માં ખેલદિલીની ભાવના જોવા મળે છે અને કોઈ પણ સમિતિમાં હળીમળીને કાર્ય કરે છે. છોકરા અને છોકરીઓમાં યોગાસનોનું નિદર્શન સારું જોવા મળે છે .

<u>નવતર પ્રયોગનું પરિણામ</u>

આચાર્યશ્રી તથા શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પરોક્ષ નિરિક્ષણ બાદ નોધાયેલ ફેરફારો નીચે મુજબ છે .

- બાળકોની નિયમિતતા આવી .
- બાળકોમાં નેતૃત્વના ગુણોનો વિકાસ જોવા મળ્યો.
- સહેજપણે સાચું બોલવાની ટેવ પડી, મુલ્ય ઘડતર થયું.
- વાંચન, લેખન, ગણનમાં નબળા બાળકોમાં શીખવાની તત્પરતા – જીજ્ઞાસા વધી.
- વાંચન, લેખન ગણનનું સ્તર પણ સુધર્યું.

<u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ</u>

- બાળકો નિયમિત શાળાએ આવે છે.
- અલગ નોટમાં તારીખ –વાર પ્રમાણે પોતે કરેલ કાર્યમાં સહી પણ કરાવે છે.
- સહેજપણે બાળકો પ્રમાણિક બન્યા.
- બાળકોમાં આસનો કરવામાં સભાનતા દાખવે છે .

# રમતા રમતા શીખીએ

ઇનોવેટરનું નામ : મારું ભાવનાબેન અરજણભાઈ હોદ્દો : સી.આર.સી. કો-ઓર્ડિનેટર
શાળાનું નામ : દરેડ તાલુકા શાળા તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : 9016545144 ઈમેલ : bhavanaparmar1984@gmail.com
વિભાગ : પ્રાથમિક



નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત
નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યકતિગત
નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : જુલાઈ ૨૦૨૨થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- અંગ્રેજી વિષય પ્રથમ વખત નવી ભાષા શીખવવી
- તેમના મૂળાક્ષરોના વળાંકો શીખવવા
- અઘરી ભાષાનો હાઉ ઓછો કરવો
- અંગ્રેજી વિષય પ્રત્યે રસ વધારવો

અમલીકરણ વ્યુહ રચના :

સૌ પ્રથમ બાળકો માટે ફ્લેશકાર્ડમાં A થી Z ના મૂળાક્ષરો લખ્યા. (એક ફ્લેશબોર્ડમાં એક ) હવે આ ફ્લેશકાર્ડ ને વિદ્યાર્થીના ગળામાં પહેરી શકાય તેટલા લાંબા દોરા સાથે બાંધી અને દરેક બાળકને ફ્લેશકાર્ડ A થી Z મૂળાક્ષરો પૈકી કોઈપણ એક સમગ્ર દિવસ દરમિયાન પહેરાવી રાખ્યું. બીજા દિવસે વિદ્યાર્થી અગાઉના દિવસે જે મૂળાક્ષરો પહેરાવ્યો હતો તે સિવાયનો બીજો મૂળાક્ષરો પહેરાવ્યો. વર્ગખંડમાં પણ જમીન પર A થી Z સુધીના મૂળાક્ષરોના ફ્લેશકાર્ડ લખીને મૂકી રાખ્યા. જે વિદ્યાર્થીના ગળામાં જે મૂળાક્ષરોનું ફ્લેશકાર્ડ હોય તે મૂળાક્ષરની બાજુમાં તે વિદ્યાર્થી ને સમગ્ર દિવસ દરમિયાન બેસાડી રાખ્યો. આમ રોજ રોજ વિદ્યાર્થી જગ્યા બદલતો રહ્યો અને ગળામાં પહેરેલો મૂળાક્ષરો પણ

ઉપયોગિતા :

વિદ્યાર્થીઓને મૂળાક્ષરોના પ્રાથમિક જ્ઞાન માટે ખૂબ જ ઉપયોગી આ પ્રવૃતિ છે. પ્રવૃતિ દ્વાર વિદ્યાર્થીઓ મૂળાક્ષઓની સમજ મેળવતા ગયા.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

આ સમગ્ર પ્રવૃતિનું સ્ટાફ મિત્રો તેમજ આચાર્યશ્રી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.

નવતર પ્રયોગનું પરિણામ :

આ પ્રયોગ દ્વારા બાળકોમાં અદભુત પરીવર્તન આવ્યું. મૂળાક્ષરો ની ઓળખ અને તેમના વળાંક શીખી શક્યા અને અત્યારે તેઓ નાના સ્પેલિંગ પણ વાંચતા થયા છે. વર્ગમાં નવીન (અંગ્રેજી)ભાષાથી ગભરાતા પણ નથી અને તેઓમાં અંગ્રેજી વિષય શીખવામાં રસ પણ જાગ્યો છે.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

આ પ્રયોગ કરવાથી વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયના મૂળાક્ષરો શીખવામાં કોઈ જ મુશ્કેલી નથી અને જે વિદ્યાર્થીઓના સમૂહ પર આ પ્રયોગ કરવામાં આવ્યો હતો તેઓ સરળતાથી મૂળાક્ષરોને શીખી શક્યા છે.

## ટેકનૉલોજિનો ઉપયોગ


ઇનોવેટરનું નામ : દવે દક્ષાબેન આર. હોદ્દો : મુખ્ય શિક્ષક

શાળાનું નામ : તરસાઇ તાલુકા શાળા તાલુકો : જામજોધપુર

મોબાઈલ નંબર : ૯૯૭૯૩૦૮૬૭૩ ઈમેલ : daxabendave90@gmail.com




નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : ૧ વર્ષથી

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- મોબાઈલનો સદ ઉપયોગ.
- રચનાત્મક કાર્ય.
- બાળકોમાં માનસિક વિકાસ માટે.

અમલીકરણ વ્યુહ રચના :

બાળકોને મોબાઈલમાથી રચનાત્મક કાર્ય તથા અભ્યાસને અનુલક્ષીને બાળકો નવીન પ્રયોગ, બાળકો આગળ જતા ટેકનોલોજીનો જીવનમાં કેવી રીતના ઉપયોગ કરાય તે હેતુથી અમારી શાળા પરિવાર દ્વારા તેને અમલીકરણ કરવામાં આવેલ.

ઉપયોગિતા :

બાળકોને આગળ જતા અભ્યાસમાં ક્યા વિષયમાં આગળ જવું તેના માટે પણ ઉપયોગી બની રહે છે. બાળકને સહ અભ્યાસી માટે પણ પ્રવૃત્તિ માટે પણ ઉપયોગી છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

આ પ્રયોગ દ્વારા અમને ઘણું જાણવા મળેલ કે બાળકોને કેમાં વધારે રસ તથા રૂચી છે તથા તેને અભ્યાસ કરતા પણ દુનિયા કેટલી આગળ છે. ગામ્યમાં ઘણી બધી મુશ્કેલીઓ હોવા છતાં અમારી સ્કૂલના બાળકોમાં ઘણો ફેરફાર થયો.

નવતર પ્રયોગનું પરિણામ :

આ પ્રયોગ દ્વારા શાળાના ધો.૫ થી ૮ નાં બાળકોમાં પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી તથા તે પરીક્ષામાં કેવું રીઝલ્ટ મેળવવું દા.ત. PSE ની પરીક્ષા, NMMS ની પરીક્ષા, નવોદયની પરીક્ષા વગેરે પરીક્ષાનાં ફોર્મ ભરીને શિષ્યવૃત્તિ મેળવીને પરિવારને આર્થિક મદદ કરવી વિગેરે બાબતમાં બાળકો સમજતા થયા.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

વર્તમાન સમયમાં પણ આ પ્રયોગ ચાલુ છે.

## સમાવેશી શિક્ષણમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને મળતી સવલતો અને સશક્તિકરણ

ઇનોવેટરનું નામ : રમેશભાઈ મોહનભાઈ ભંડેરી    હોદ્દો : વિશિષ્ટ શિક્ષક

શાળાનું નામ : જિલ્લા શિક્ષણાધિકારી કચેરી -જામનગર.    તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : ૯૮૨૫૫૧૬૯૦૫    ઈમેલ : ramesh0sneh@gmail.com

વિભાગ : માધ્યમિક

સહાયક : ઝાહીદ અબ્દુલભાઈ હિંગોરજા    હોદ્દો : વિશિષ્ટ શિક્ષક

મયુરધ્વજસિંહ લાખુભા ઝાલા    હોદ્દો : વિશિષ્ટ શિક્ષક

નવતર પ્રયોગની કેટેગરી : સમાવેશી શિક્ષણ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામુહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે? : ૧ વર્ષ



### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- દિવ્યાંગતા ધરાવનાર દરેક વિધાર્થીઓ માટે વ્યક્તિગત અભિગમ.
- દિવ્યાંગ વિધાર્થીઓના શીખવાના લક્ષ્યોની રસપ્રદ સાંકળો
- દિવ્યાંગ વિદ્યાર્થી માટે સતત પ્રેરણા.

અમલીકરણ વ્યુહ રચના :

શાળામાં અભ્યાસ કરતા તમામ કેટેગરીનાં દિવ્યાંગ વિધાર્થીઓને તેમની શાળામાં જ સવલાતો પૂરી પાડવી.

ઉપયોગિતા :

- દિવ્યાંગ વિધાર્થીઓને શીખવાની સુવિધા માટે જરૂરી કુશળતા અને ટેવો પાળવી.
- દિવ્યાંગ વિધાર્થીઓની ક્ષમતા મુજબ પ્રેરકબળ પૂરૂં પાડવું.

- દિવ્યાંગ વિધાર્થીઓને સામાન્ય વિધાર્થીઓના પ્રમાણમાં સક્ષમ બનાવવા.

<u>નવતર પ્રયોગનું મૂલ્યાંકન :</u>

શાળાઓમાં તેમની વિવિધ વિષયો પ્રમાણે મૌખિક, લેખિત અને પ્રાયોગિક કસોટી દ્વારા.

<u>નવતર પ્રયોગનું પરિણામ :</u>

- તેમના વર્તનમાં સકારાત્મકતા જોવા મળેલ.
- વિધાર્થીઓના જુથની સાથે સ્વતંત્ર રીતે પણ શિક્ષણ કાર્યમાં કુશળતા મેળવેલ.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સંતુલન અને મજબુતાઈ વિવિધ કસરતો, યોગાસનો, પ્રાણાયામ દ્વારા મળેલ.
- તેમના શિક્ષણનાં વિષયોમાં સકારાત્મક પરિણામ મળેલ.

<u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :</u>

અભિગમ ચાલુ છે અને સકારાત્મક પરિમાણો મળી રહેલ છે.

## વેકેશન વર્ક


ઇનોવેટરનું નામ : સરોજબેન જયંતિલાલ હડિયલ	હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી જી એમ પટેલ કન્યા વિદ્યાલય ધ્રોલ.	તાલુકો : ધ્રોલ

મોબાઈલ નંબર : 9427755067	ઈમેલ : sarojkateshiya@gmail.com

વિભાગ : માધ્યમિક




નવતર પ્રયોગની કેટેગરી : સમાવેશી શિક્ષણ, ટેક્નોલોજીનો ઉપયોગ,

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામૂહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : 2019 થી ચાલુ છે.

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

<u>હેતુઓ :</u>

- વેકેશન સમય દરમિયાન વિદ્યાર્થીને પ્રવૃત્તિશીલ રાખવો.
- અઘરા લાગતા વિષયોનું vacation માં વારંવાર રિવિઝન કરાવવું.
- શાળા પરિસરમાં ગંદકી ફેલાવતો સ્કૂલ વેસ્ટ એટલે કે શાળાના નકામા કચરાનો ફરીથી ઉપયોગ કરવો.
- શાળા પરિસરને સ્વચ્છ રાખવું.
- બાળકોની સર્જનાત્મક શક્તિનો વિકાસ કરવો અને તેની સુપ્તશક્તિઓને જાગાડવી.
- કોઈ પણ જાતના ખર્ચ વગર શાળા ના વેસ્ટ કચરામાંથી TLM તૈયાર કરવા.
- ભવિષ્યમાં બાળક લઘુ ઉદ્યોગ કરી પૈસા કમાઈ શકે તેટલો આત્મનિર્ભર બનાવવો.

અમલીકરણ વ્યુહ રચના :-

અમારી શાળામાં મોટાભાગના બાળકો ગ્રામ્ય વિસ્તારમાંથી આવે છે. આવા બાળકોને વર્ગમાં શીખવેલ વિષયોની વારંવાર પુનરાવર્તન કરાવવાની જરૂર પડે છે. આથી અમે Education on the way APP શરૂ કરી. તેમાં મારા વિષયના 100 થી પણ વધુ વિડિયો Upload કર્યા અને કોઈપણ સમયે વિદ્યાર્થી તેનું રિવિઝન કરી શકે તેવું આયોજન કર્યું.

ત્યાર પછી મેં જોયું કે શાળા પરિસરમાં નકામા કચરાઓ જેવા કે ખાલી બોલપેન, ખાલી પાણીના સીસા, નકામી પ્લાસ્ટિકની કોથળીઓ, રફનોટના પૂઠાઓ વગેરે મેદાનમાં જ્યાં ત્યાં ઉડતા નજરે પડ્યા. જેથી મેદાન ગંદુ લાગતું હતું. એટલે તેને ફરીથી ઉપયોગમાં લઈ નવી વસ્તુઓ બનાવવાનો વિચાર આવ્યો. આ માટે મારી શાળાના ધોરણ 9 અને 10 ના વિદ્યાર્થીઓમાંથી નબળા વિદ્યાર્થીઓને અલગ તારવી, જુદા જુદા ગ્રુપ પાડી, દરેક ગ્રુપમાંથી એક સ્વચ્છતા દૂત નીમવામાં આવ્યો. અને મેદાનમાંથી નકામો કચરો એકઠો કરવામાં આવ્યો.

એકઠો કરેલ કચરો દરેક વિદ્યાર્થીને સોંપવામાં આવ્યો. ત્યારબાદ વેકેશનમાં કે રજાઓના દિવસોમાં આ બધા કચરામાંથી બાળકોને કંઈક નવા નમુનાઓ તૈયાર કરવાની સૂચના આપી. આથી દરેક બાળકોએ ઉત્સાહભેર આ વેસ્ટ કચરામાંથી 1 ફળ ઉતારવાની જાદુઈ લાકડી. 2 ખાલી સીસામાંથી ફૂલદાનીઓ અને નાઈટ લેમ્પ. 3 ખાલી બોલપેનમાંથી જુદા જુદા ઝુમરો, ગણિતના વિવિધ આકારો, પેન સ્ટેન્ડ તથા ઝુંમર. 4 નોટના પુઠામાંથી પેન સ્ટેન્ડ,વિવિધ રમકડાઓ, ફ્લાવરપોટ તથા વોલ પોસ્ટર 5 પ્લાસ્ટિકની ખાલી કોથળીઓ માંથી પ્લાસ્ટિકના ફૂલ, હેંગિંગ વોલપીસ તથા ફૂલદાની 6 થર્મોકોલ અને પુઠામાંથી વિજ્ઞાન અને ગણિતનાજુદાં જુદાં TLM બનાવ્યા.

આ ઉપરાંત પ્લાસ્ટિક પંપ નુ પણ નિર્માણ કરવામાં આવ્યું જેમાં પ્લાસ્ટિકને ઓગાળીને પ્લાસ્ટિકના દાણા અને પ્લાસ્ટિકનો રગડો બનાવવામાં આવ્યો અને તેનો ઉપયોગ રોડના સમારકામમાં કર્યો. ઇકોબ્રિક્સની પ્રવૃત્તિ પણ હાથ ધરવામાં આવી જેની મદદથી પ્લાસ્ટિકની કોથળીઓનો હંમેશા માટે નિકાલ કરવો શક્ય બન્યો.

ઉપયોગિતા :-

- મેં youtube માં અપલોડ કરેલા 100 થી પણ વધુ Video નો કોઈપણ શાળા નો વિદ્યાર્થી કોઈપણ સમયે લાભ લઈ શકે છે. અને અઘરા લાગતા વિષયોને સરળતાથી સમજી શકે છે.
- શાળા પરિવાર ના નકામા કચરા નો ફરીથી ઉપયોગ કરી તેમાંથી જુદા જુદા TLM તૈયાર કર્યા. જેની મદદથી વર્ગ ખંડ માં શિક્ષણ રસપ્રદ બન્યુ.
- બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ નમૂનાઓ વહેંચીને તેઓ ભવિષ્યમાં લઘુ ઉદ્યોગ ચાલુ કરી શકે અને પૈસા કમાઈ શકે તેટલાં આત્મનિર્ભર બન્યા.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન:-

- બાળકોએ વેકેશનમાં વીડિયો જોઈને શીખેલ વિષયોનું શાળા ખૂલે ત્યારે લેખિત કસોટી લઈને મૂલ્યાંકન કરવામાં આવે છે.
- વેકેશન દરમિયાન બાળકો દ્વારા બનાવેલા ટી એલ એમ અને અન્ય નમૂનાઓનું પ્રદર્શન ગોઠવીને , નંબર આપીને બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

નવતર પ્રયોગનું પરિણામ:-

- વિદ્યાર્થીઓ ભણવામાં હોશિયાર થવા લાગ્યાઅને અઘરા વિષયોનું વારંવાર પુનરાવર્તન થવાથી તેઓને ભણવામાં રસ પડવા લાગ્યો.
- શાળાનું પરિસર ખૂબ જ સ્વચ્છ રહેવા લાગ્યું અને શાળાને A++ ગ્રેડ મળવા લાગ્યો.

• વર્ષ 2020-21 માં અમારી શાળા જામનગર જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામી 1,00,000 તથા ગુજરાત રાજ્યની શ્રેષ્ઠ શાળા તરીકે દ્વિતીય ક્રમે પસંદગી પામી 3,00,000 નું ઇનામ મેળવ્યું.

<u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:-</u>

• મેં હાથ ધરેલા આ નવતર પ્રયોગ ની પ્રશંસા આસપાસ ની અન્ય શાળા ઓ માં પણ થવા લાગી. અને તેઓએ પણ આ પ્રયોગમાંથી પ્રેરણા લઈને પોતાની શાળામાં આ પ્રવૃત્તિ શરૂ કરી.

• મારી Education On The Way APP માં અપલોડ કરેલા 100 થી પણ વધુ વીડિયો નો આજે સમગ્ર ગુજરાત રાજ્યના બાળકો લાભ લઇ રહ્યા છે.

## ગાણિતિક ભૌમિતિક મોડેલ

ઇનોવેટરનું નામ : કટેશીયા રસિકલાલ કાનજીભાઈ   હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી સરસ્વતી માધ્યમિક શાળા ખીમરાણા   તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9428569901   ઈમેલ : smskhimrana@gamail.com

વિભાગ : માધ્યમિક



નવતર પ્રયોગની કેટેગરી : સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત: વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : જુન ૨૦૨૨

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

<u>હેતુઓ :</u>

- વિદ્યાર્થીઓમાં ભૌમિતિક ખોટા ખ્યાલો દુર કરવા
- ત્રિકોણની રચનાના નિયમો પ્રેક્ટીકલ રીતે સમજે.
- એક વખત પ્રવૃત્તિ કર્યા પછી ભુલાતું નથી,ખાસ નબળા વિદ્યાર્થીઓ ભૂલતા નથી.

<u>અમલીકરણ વ્યુહ રચના :</u>

વિદ્યાર્થીઓને ગણિત વિષય અઘરો લાગતાં વિચાર કર્યો કે ચાલો ગણિતની પખવાડીક ગણિત પ્રવૃતિઓ શરુ કરી દઈએ. બસ પછી એક પછી એક મોડેલ નિર્માણ કરવાના ચાલુ કરતાં આ ગાણિતિક ભૌમિતિક મોડેલ ખુબ જ ઉપયોગી સાબિત થશે એમ માની મોડેલ નિર્માણ કરવામાં આવ્યું.

<u>ઉપયોગિતા :</u>

આ મોડેલ નાના મોટા દરેક ધોરણનાં વિદ્યાર્થીઓને ઉપયોગી છે.બનાવવું સસ્તું છે.લાંબો સમય ઉપયોગમાં લઇ શકાય છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન કરતાં જાણવા મળ્યું કે મોટા ભાગના વિદ્યાર્થીઓ પાયથાગોરસનો સિદ્ધાંત સમજવા માટે તત્પર હતા.

નવતર પ્રયોગનું પરિણામ :

આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન કરતાં જાણવા મળ્યું કે વિદ્યાર્થીઓ પાયથાગોરસનો સિદ્ધાંત સારી રીતે સમજી શક્યા છે. એક વખત પ્રવૃત્તિ કર્યા પછી ભુલાતું નથી,ખાસ નબળા વિદ્યાર્થીઓ ભૂલતા નથી.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલ મારા આ નવતર ગાણિતિક મોડેલને મારા દ્વારા સંચાલિત સાયન્સ સેન્ટર વિદ્યાર્થીઓ માટે અને શાળાની સાયન્સ લેબમાં મુકીને વધુને વધુ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બને તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

# ગમતીલુ અંગ્રેજી ગ્રામર


ઇનોવેટરનું નામ : અગ્રાવત વિધિબેન કિશોરભાઈ હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ :શ્રી જી.એમ.પટેલ કન્યા વિદ્યાલય - ધ્રોલ તાલુકો : ધ્રોલ

મોબાઈલ નંબર : 7622868398 ઈમેલ : vidhi.agravat@gmail.com

વિભાગ : માધ્યમિક




નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત, ટેકનૉલોજિનો ઉપયોગ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામુહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : જુલાઈ 2021

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- અંગ્રેજી વ્યાકરણના પ્રાથમિક મુદાની સમજ.
- રમતા રમતા શિક્ષણ
- ભવિષ્યમાં આવનારી કોમ્પિટીટી પરીક્ષામાં ઉપયોગી

અમલીકરણ વ્યુહ રચના :

મેં જુન 2021માં મારી જોબની શરૂઆત કરી. શરૂઆતમાં ઓનલાઈન શિક્ષણ શરૂ હતું ત્યારે ઓનલાઈન શિક્ષણમાં જોવા મળ્યું કે બાળકોમાં પાયાનું જ્ઞાન ખુબ જ નબળું હતું. જેથી ઓફલાઈન શિક્ષણ શરૂ થતાં ગ્રામરનું પ્રાથમિક જ્ઞાન સરળ બંને તે હેતુથી ગ્રામરના ટોપિકના મોડેલ, પ્રોજેકટ તથા PPT દ્વારા અધ્યયન સરળ અને સહજ બન્યું. બાળકો પણ અંગ્રેજી ગ્રામરમાં રસ લેતા થયા.

ઉપયોગિતા :

અંગ્રેજીના પાયાના મુદાસર સચોટ જ્ઞાન મેળવી કઠીન મુદા સરળ બન્યા જેથી પાઠ્યપુસ્તકમાં રહેલ શબ્દો વાક્યરચના સમજવામાં ખુબ ઉપયોગી બન્યા. પ્રાથમિક જ્ઞાન મેળવી(સરળથી કઠિનતા) શબ્દો વાક્યરચનાના બંધારણ શીખી પેરેગ્રાફથી લઈને સ્ટોરી રીડીંગની ટેવ પડી અંગ્રેજી વાંચન, લેખન શ્રવણની ટેવ પડી.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

ચિઠ્ઠી, પ્લેઇંગ કાર્ડ, વર્બ ગેમ, જૂથ ચર્ચા સાથે ગમત સાથે જ્ઞાનની ચકાસણી કરી. લેખિત, મૌખિક, GOOGLE FORM દ્વારા મૂલ્યાંકન કર્યું.

નવતર પ્રયોગનું પરિણામ :

બાળકો ગ્રામરના પ્રાથમિક જ્ઞાન પ્રાપ્ત થતાં વાક્ય રચના કરતા થયા સાથે સાથે અંગ્રેજી સ્ટોરી બુક, ન્યુઝ પેપર વાંચતા થયા આમ નવતર પ્રયોગનું પરિણામ ખુબ સરસ મળતું રહ્યું.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

## GLOBAL FRIEND


ઇનોવેટરનું નામ : રાજ્યગુરૂ રીટા સુભાષભાઈ હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી.આર.આર.શાહ હાઇસ્કૂલ, જામનગર તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9428004416 ઈમેલ : Rajyaguru2021@gmail.com

વિભાગ : માધ્યમિક




નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત, લોક ભાગીદારી

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામૂહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? : AUGUST 2022

### નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

હેતુઓ :

- ધોરણ નવના પ્રકરણ 14 નૈસર્ગિક સ્રોતની વિષયવસ્તુ સ્પષ્ટ રીતે સમજી શકે.
- ગ્લોબલ વોર્મિંગની વૈશ્વિક સમસ્યાથી માહિતગાર થાય.
- ગ્રીન હાઉસ ની અસર સમજે.
- પર્યાવરણના જતનનું મહત્વ સમજે.
- પર્યાવરણની જાળવણીમાં વિદ્યાર્થી પોતાની યોગદાન આપે.
- ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર વાયુઓને ઓળખે..
- ગ્લોબલ વોર્મિંગ ઘટાડવા માટે જાગૃતિ લાવે.
- વસુધૈવ કુટુંબકમની ભાવના કેળવે.

- વૈશ્વિક સમસ્યા પ્રત્યે સંવેદના અનુભવે.

અમલીકરણ વ્યુહ રચના :

બે વિદ્યાર્થીનીઓનો આ ઇનોવેશન માટે સહયોગ લીધો. એકને 'પૃથ્વી 'તરીકે અને બીજીને 'ગ્લોબલ ફ્રેન્ડ'તરીકે રજૂ કરી. પૃથ્વી એ વિદ્યાર્થીને સંબોધી પોતાની વ્યથા વ્યક્ત કરતો પત્ર લખ્યો અને ગ્લોબલ વોર્મિંગની હાલની સમસ્યાથી ઉગારવા મદદ માંગી. ગ્લોબલ ફ્રેન્ડે 'ગ્લોબલ વોર્મિંગ' ના કારણો સમજાવી પૃથ્વીને પડી રહેલી મુશ્કેલીની જાણ વિદ્યાર્થીને સમજાવી. પૃથ્વી એ આ અટકાવવાના તથા તેના ઉપાયોની રજૂઆત કરી અને વિદ્યાર્થીને પોતાનાથી શક્ય તે પ્રયત્ન કરવા વિનંતી કરી. ગ્લોબલ ફ્રેન્ડ તેમને અમુક પ્રતિજ્ઞા લેવા પ્રેરે છે જેવી કે

- પાણીનો મર્યાદિત ઉપયોગ કરીશ.
- વીજળીનો જરૂર પૂરતો ઉપયોગ કરીશ.
- વૃક્ષનો ઉછેર કરીશ.
- ચાલીને અંતર કાપવાનું રાખીશ.
- કાગળનો જરૂર પૂરતો વપરાશ કરીશ.

જે વિદ્યાર્થીઓ આ પ્રતિજ્ઞા લેવા તૈયાર થાય છે તેમને ગ્લોબલ ફ્રેન્ડ બનાવી પૃથ્વી ગ્લોબલ ફ્રેન્ડ બેલ્ટ બાંધી પ્રતિજ્ઞા બોક્સમાં પ્રતિજ્ઞા લેવા સૂચન કરે છે.

ઉપયોગિતા

ગ્લોબલ વોર્મિંગ એક વૈશ્વિક સમસ્યા છે તેને અટકાવવી એ વૈશ્વિક સ્તરે એક પડકાર છે આમાં વિદ્યાર્થી સભાગી બની જાગૃત થાય અને સમાજને જાગૃત કરે તેમજ પર્યાવરણની જાળવણી માટે કટિબદ્ધ બની ગ્લોબલ વોર્મિંગ અટકાવવામાં પોતાનું નાનકડું યોગદાન આપી જવાબદાર નાગરિક બની પોતાની ફરજ બજાવે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

આ નવતર પ્રયોગથી ગ્લોબલ વોર્મિંગ શું સમસ્યા છે તેથી વિદ્યાર્થીઓ માહિતગાર થયા. પર્યાવરણની જાળવણીમાં રસ લેતા થયા પોતાનાથી શક્ય એટલો ફાળો આપતા થયા. જેમકે,

- શાળામાં તથા ઘરમાં પાણીનો વિવેક પૂર્વ ઉપયોગ કરતા થયા છે.
- ત્યારે લાઈટ પંખા ની આવશ્યકતા ના હોય ત્યારે જવાબદારી પૂર્વક બંધ કરે છે.
- ઘરની આસપાસના વૃક્ષ ના ઉછેરમાં રસ લેતા થયા છે.

નવતર પ્રયોગનું પરિણામ :

ધોરણ નવ ના પ્રકરણ 14 નૈસર્ગિક સ્ત્રોતની વિષયવસ્તુ સ્પષ્ટ રીતે સમજી શક્યા. પર્યાવરણની જાળવણીમાં રસ લેતા થયા પોતાનાથી શક્ય એટલો ફાળો આપતા થયા.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

વિદ્યાર્થી ઘરમાં તથા આસપાસના વિસ્તારમાં હાલ ગ્લોબલ વોર્મિંગ અંગે જાગૃતિ કાર્ય કરી રહ્યા છે